श्रीजैन हितबोध.

प्रस्तावना.

સરસ શાંત સુધારસના સમુદ્ર, અત્યંત પવિત્ર ગુણ રત્નોના નિધાન અને ભવ્ય કમળને પ્રબોધવા સૂર્ય સમાન શ્રી જિનેશ્વર દેવને પ્રણામ કરીને, અનંત ગુણ ગંભીર શ્રી ગૌતમ ગણધરનું ચિત્તમાં ધ્યાન ધરીને અને વાગ્દેવી-સાક્ષાત્ જ્ઞાનમૂર્તિ-સરસ્વતિનું એકાગ્ર સ્મરણ કરીને સ્વ પરનાં કલ્યાણાર્થે સર્વસ્વ સ્વકર્તવ્યનું સારી રીતે સ્મરણ ચિંતવન સાથે યથાવિધિ પ્રમાદ રહિત આચરણ કરી, શ્રીમન્ મહાવીર સ્વામીની સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા રૂપ સર્વ પ્રજા, સદા સુખી થાય, દુષમ કાળ આદિ વિષમ સંયોગોને પામી, જોઇએ તેવા (સમ્યગ) જ્ઞાન-વિવેકના વિરહથી સર્વત્ર મલીન ઉત્તમ નીતિ-રીતિની ગંભિર ખા ણીથી આજ કાલ ચોતરફ પ્રસરેલા અજ્ઞાન અંધકારને જ રિભૂત કરવા, કાળ મુખ કુસંપાદિ દુર્ગુણ ચોરોનો સંચાર વારવા, તથા સમ્યગ જ્ઞાન ઉદ્યોત પ્રકટાવવા, સર્વ સુખકર સુસંપાદિ સદ્ગુણ રત્ન નિધાન સાધવા, સર્વ સાધર્મીઓ પરસ્પર ઉચિત સહાય અર્પી, જગ હિતકર શ્રી જૈન શાસનની યથાશક્તિ ઉન્નતિ-પ્રભાવના કરે, પાપી પ્રમાદને પરતંત્ર રહ્યા થી થયેલી અને થતી મલીનતા દૂર કરે, સર્વ સંકલેશ દૂર કરી, શ્રીવીતરાગ પ્રભુનો રાગ દ્વેષ, અને મોહરૂપ દુષ્ટ દોષોને દળ વાનો સદુપદેશ સાર્થક કરે, યાવત નિર્મળ અંતઃકરણથી સુસંપ શૃંખલાબદ્ધ થઇ, એકાગ્રપણે સ્વ પર હિતકર માર્ગનેજ અવલંબી રહે, તેવીજ હિત શિક્ષા યોગ્ય જીવોને આપવા સદા પ્રયત્ન પરાયણ રહે, અને સ્વ પર હિતકારી માર્ગ

अथ मंगलाचरणम्.

(શ્રી વીર સદ્ભાવ સ્તુતિ.)

એક દિનએક આદિલ પ્રભુજીએ, અવસર દેઇને અર્જ પ્રભુજીએ
એ દેશી.

ભાવવારિથી[1] સ્નાન કરીને, સંતોષ ધોતિ[2] ધારીયેરે,
વિવેકતિલક અતિ ચંગ[3] કરીને, ભાવના પાવન[4] આણીયેરે.
વીર૦ ૧

રુચિ કેસર ક્રિયા[5] કરીને, શ્રદ્ધાચંદન ભેળીએરે;
સુગંધી[6] સદ્દ્રવ્ય મેળીને, નવ બ્રહ્માંગે[7] જિન અર્ચીએરે.
વીર૦ ૨

ક્ષમાસુગંધિ સુમનમાળે,[8] દુવિધ ધર્મ દુકૂલ[9] યુગલધરેરે;
ધ્યાન અભિનવ[10] ભૂષણ સારે, અર્ચી આમ ઘણું ઉમંગેરે
વીર૦ ૩

આઠ મદના સ્થાન કરણરૂપ, આઠ મંગળ આગે સ્થાપીએરે,
જ્ઞાન હુતાશન[11] જનિત શુભાશય, કૃષ્ણાગુરૂ[12] ઉખેવીએરે
વીર૦ ૪

શુદ્ધ આત્મજ્ઞાન વહ્નિથી,[13] પ્રાગ્ધર્મ[14] લવણ ઉતારીએરે;
યોગ સુવર્ણ થાળ ધરંતા, નીરાજના[15] વિધિ પૂરીએરે
વીર૦ ૫

આતમ અનુભવ જ્ઞાન સ્વરૂપી, મંગળ દીપ પ્રકાશીએરે.
યોગ ત્રિક શુભ નૃત્ય[16] કરંતા, સહજ રત્નત્રયી[17] પામીએરે
વીર૦ ૬

---

૧. જળ. ૨. વસ્ત્ર. ૩. મનોહર. ૪. પવિત્ર. ૫. કેસર, ૬. ચંદન. ૭. બ્રહ્મચર્ય રૂપ. ૮. પુષ્પમાળા. ૯. વસ્ત્ર યુગલ. ૧૦ અપૂર્વ ૧૧. અગ્નિ ૧૨. ઉત્તમ ધૂપ. ૧૩. અગ્નિ ૧૪. પૂર્વ અશુદ્ધ ધર્મ ૧૫ આરતી. ૧૬ મન વચન અને કાયાની સત્પ્રવૃત્તિ. ૧૭ સમ્યગ્ જ્ઞાન દર્શન અને ચારિત્ર.

जैन हित बोध.

વિષ જેવું જાણી પ્રયત્નથી પરિહરવા લાગ્યા. તેમજ મિથ્યાત્વને તો પરમ શત્રુ, પરમ રોગ, તેમજ ઝેર જેવું જાણી, તેનો સંસર્ગ પણ નહિ કરતા. આવી અતિ કલ્યાણકર ઉમદા નીતિને અવલંબીને મુનિરાજ વર્ગ વર્તતો, અને સુસાધુ વર્ગ તો મહા વ્રતારૂપ મહા પ્રતિજ્ઞાઓને સદ્વિવેકથી ગ્રહણ કરી, સિંહ કિશોરની પેરે બહાદુરીથી પાળી સર્વજ્ઞ પુત્રનું ઉત્તમ બીરુદ સાર્થક કરતા. શકરી વહાણની પેરે આ સંસાર સમુદ્રને સરળતાથી પોતે તરતા અને સ્વઆશ્રિત સાધુ અને શ્રાવક વર્ગને પણ સુખેથી તારી શકતા. પરોપકારને પોતાના પવિત્ર સ્વાર્થરૂપજ ગણતા.

આવી પરમ ઉદાર સર્વજ્ઞ નીતિનું સમ્યક્ સેવન કરનાર—સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા રૂપ જંગમતીર્થ સ્વસમાગમમાં આવતા ભવ્ય જીવોને સદુપદેશ જળથી સિંચી પાવન કરી, શ્રી જિનશાસનની શોભા—મહાત્મ્ય વધારી શાસન—પ્રભાવનારૂપ પરમ લાભને પામતા. આ સર્વ પ્રભાવ ધર્મ ચક્રવર્તી શ્રી જીનેશ્વર દેવનોજ ગણાય છે. અનુક્રમે પ્રભુ પૃથ્વી તળપર પ્રતિબંધ રહિત વિચરી, અનેક ભવ્ય સત્વોનો ઉદ્ધાર કરી, સ્વ—અવશેષ અઘાતી કર્મોનો સર્વથા ક્ષય કરી, પંચમ ગતિને પ્રાપ્ત થયા. અક્ષય, અનંત, અવ્યાબાધ, અને અપુનર્ભવ શિવ સંપદાને વર્યા.

પરમ સિદ્ધ નિરંજન થઇ લોકાગ્ર સ્થીતિ ભજી, પરમ નિવૃત્તિ સુખ પામ્યા. આનું નામ નિર્વાણ કલ્યાણક કહેવાય છે. જ્યારે ચરમ તીર્થંકર શ્રી વીરપરમાત્મા નિર્વાણ થયા, ત્યારે ચલિતાસન દેવેન્દ્રાદિકોએ આવી સ્વ સ્વ ઉચિત કૃત્ય કરી, ભાવ ઉદ્યોત ભગવંતનો વિરહ થવાથી દ્રવ્ય ઉદ્યોત કર્યો. દિપાલિકા પ્રકટી, ત્યારથી લોકમાં પણ સર્વત્ર મંગળકર દિવાળી પર્વ રૂઢ પ્રસિદ્ધ થયું, પ્રભુએ અંતે સોળ પહોર પ્રમાણ ભવ્ય પ્રાણીઓને અખંડ દેશના દીધી હતી, જેમાં પુણ્ય, પાપ ફળ વિપાકનું

પોતાની પવિત્ર ફરજ વિસ્મૃત કરી, તેમનાં હૃદયભેદક દુઃખ સામા દૃગમાત્ર જોયા કરી. અનેક ઉડાઉ ખર્ચોમાં પૈસાનો ગેર-ઉપયોગ કરી, ઉપર દર્શાવ્યા મુજબ સીદાતા સાધર્મીઓને સંગીન આશ્રય આપવામાં ભાગ લેવાની ખરી તક નબળાં બહાનાં કાઢી અવગણી મુખ કરવું, તે કેવું લજ્જાસ્પદ તથા હાસ્યજનક છે ? બટેયાં કરવાઈ લાડી, વાડી અને ગાડીની ખાતર અનર્ગળ ધનનો વ્યય કરતાં નહિ ડરતાં સદ્ધર્મ ક્ષેત્રમાં શુભ પરિણામથી નિઃસ્વાર્થપણે સ્વદ્રવ્યનો સદુપયોગ કરતાં સંકોચ કરનાર વિવેક વિકળ જનોને કોની ઉપમા આપવી, તે વિચારવા જેવું છે ! અલબત પરભવનું સાધન કરવા પશ્ચાત્ પડનારા, કોઈ શુભ ઉપમાને તો લાયક થઈ શકેજ નહિ. આ કરતાં પણ વધારે શોકજનક તો એ છે કે, ધર્મની બાબત તેમને તપ્તત્રપુ જેવી લાગે છે, અને માન પાનની ખાતર પોતાના સર્વસ્વને યાહોમ કરવા તૈયાર થાય છે. આવા સ્વચ્છંદી જનોનું અસ્તિત્વ જગતમાં કેવળ ભારભૂતજ મનાય છે. પ્રાપ્ત થયેલી લક્ષ્મી અંતે આવા વિવેક વિકળનો જ્યારે ત્યાગ કરી જતી રહે છે, ત્યારે તે અજ્ઞ જનો આંખ ચોળીને રહે છે, અને સ્વચ્છંદપણે ચાલવાના પ્રાયશ્ચિત તરીકે પશ્ચાતાપ કરતાં બાકીનું આયુષ્ય પુરૂં કરી, યમના અતિથી થાય છે. સ્વચ્છંદપણાનાં સાચાં ફળની પરીક્ષા તો ત્યાંજ થાય છે. બુદ્ધિબળ પામ્યા છતાં તેનો સદુપયોગ નહિ કરતાં, ગેર ઉપયોગ કરનારના તેવાજ હાલ થાય છે. તત્વાતત્વનો વિચાર કરી અતત્વ ત્યજી, તત્વ ગ્રહણ કરવું, એજ અક્કલમંદ પુરૂષોનું સાર્થક્ય છે. છતાં અનેક કુતર્ક, છળ, પ્રપંચ રચી, મુગ્ધ ભોળા જીવોને વાગ્જાળ કે મોહજાળમાં પાડી સ્વ પરને અનર્થ ઉપજાવતા, અનેક દુરાચારી જનોને આપણે પ્રત્યક્ષ દૃષ્ટિએ જોઇએ છીએ. આવા અનાચાર યા દુરાચારને સેવનારની બુદ્ધિજ તેમના પોતાના અને પરના દ્રવ્ય અને ભાવ પ્રાણ હરવા માટે શસ્ત્રરૂપજ થાય છે. તેવી નીચ બુદ્ધિ ધરવાથી સ્વ પરને અનેકશઃ અધોગતિનુંજ કારણ બને

સેવક હોવાથી તે પરોપકારી પરમાત્માની પ્રજારૂપ ગણાય છે. અત્યન્ત પરમાત્માની પવિત્ર આજ્ઞા મુજબ વર્તવાના કામી સુસાધુ જનો પ્રભુજીના વડીલ પુત્રો કહેવાય છે. અને શ્રદ્ધા શીલ શ્રાવકો પ્રભુજીના લઘુનંદન (નાના પુત્ર) કહેવાય છે. આર્યા ચંદનબાળા, મૃગાવતી વિગેરે મહા સતીઓની પેરે પરમ વિનયભાવ પૂર્વક પવિત્ર મહાવ્રતોને પાળવા તત્પર સુસાધ્વી સમૂહ પ્રભુજીની મોટી પુત્રીઓ, અને સુલસાદિકની પેરે સુશ્રદ્ધા ધારી શ્રાવિકાઓ નાની પુત્રીઓ ગણાય છે.

આ ઉપરથી એકજ પરમાત્માની પવિત્ર આજ્ઞાનું પાલન કરનાર સાધુ, સાધ્વી અને શ્રાવક શ્રાવિકા વચ્ચે પરસ્પર કેવો ધાર્મિક સંબંધ રહેલો છે, તે સ્પષ્ટ દેખાઇ આવે છે. સંસારીક સંબંધ કરતાં આ ધર્મ સંબંધ કેટલો બધો પવિત્ર અને કિંમતી છે, તે સમજવા જેવું છે. સંસાર ચક્રમાં કર્મ વશવર્તી કરતાં માતા, પિતા, પુત્ર, ઇત્યાદિ સંબંધો જેવા સુલભ છે, તેવા પૂર્વોક્ત ધર્મ સંબંધો સુલભ નથી, કિન્તુ દુર્લભજ છે. છતાં કોઇકજ સુલભ બોધી ભાગ્યશાળી જનો ભવાટવીમાં અતિ દુર્લભ ધર્મ સંબંધ પામી, સ્વસાધર્મી ભાઇઓ અને બહેનો પ્રતિ ખરો વાત્સલ્યભાવ ધરાવે છે સ્વ સાધર્મી ભાઇઓ અને બહેનોના ગુણ રત્નોની ઉંચી કિંમત તેઓજ આંકી શકે છે સીદાતા. સાધર્મીઓના દુઃખની દાઝ તેમનાજ દીલમાં વસે છે સ્વ સાધર્મીઓના દુઃખ દેખી. આવા ભાગ્યશાળીઓનેજ કમકમાટી છૂટે છે. યથા શક્તિ તન. મન અને વચનવડે સ્વાર્થ ત્યાગ આપી સ્વ સાધર્મીઓની સાચી સેવા પણ આવા ભાગ્યશાળીઓજ બજાવે છે ઉત્તમ પ્રકારની ધર્મની તાલીમ (કેળવણી) આપી તેમને ધર્મ સન્મુખ, અને વ્યવહારીક કેળવણી આપી વ્યવહાર કુશળ કરે છે જેથી તેઓ ઉભય લોકમાં સુખી થાય છે સાચા સાધર્મી સંબંધ સમજ્યા વિના સાચી પરોપકાર વૃત્તિ કેમ જાગી શકે વારૂ ? આવા શુભાશય સજ્જનો શું કદાપિ સ્વ સાધર્મીઓથી ભેદ ભાવ રાખે ખરા ? તેઓનું અનુ

સ્વ દુઃખ દેખી શું નિઃશંકપણે સ્વચ્છંદી મોજ મજા માણે ખરા ? અથવા સ્વ પરના શ્રેયનો અતિ ઉત્તમ માર્ગ મુકીને, મિથ્યા માન-પાનની લપખંડમાં પડે ખરા ? અરે ! સ્વ પરના ઉદ્ધારનો શ્રેષ્ઠ માર્ગ સમજી સુજ્ઞ કુલીન પુરૂષો કદાપિ પણ ભયંકર ઉન્માર્ગ પકડેજ કેમ ? તેવા શાણા સજ્જનો સારી રીતે સમજે છે કે, જ્ઞાની પુરૂષો આપણા નિઃસ્વાર્થ મિત્ર-બંધુ છે. તેઓ કેવળ પરમાર્થ દાવેજ આપણને હિત માર્ગ બતાવે છે, તો તેવા મહાત્મા પુરૂષોની હિત શિક્ષાનો અનાદર કરી સ્વચ્છંદ વૃત્તિ ભજવી એ કેવળ ઉન્માદરૂપજ છે. તે તો અમૃતનો કુંપો ઢોળી નાંખી, વિષનો કુંપો ભરી લેવા જેવું છે, સોનાના થાળમાં ધુળ ભરવા જેવું છે, ચિન્તામણિ રત્નને કાગડાને ઉડાડવામાં ફેંકી દેવા બરાબર છે, કલ્પવૃક્ષને કુહાડાથી કાપી ત્યાં આકડે વાવવા જેવું છે, ગજ વેચી ગર્ધવ લેવા જેવું છે, સમુદ્ર તારવા સમર્થ નાવને મુકી પથ્થરને પકડવા જેવું છે. સુતરના દોરાની ખાતર નવસેરો મોતીનો હાર તોડી નાખવા જેવું છે, ખીંટીની ખાતર મહેલ પાડવા બરોબર છે, તેમજ એક ફલક (પાટીઆં) ની ખાતર ભર સમુદ્રમાં પ્રવહણ ભાંગવા જેવું છે જે કુબુદ્ધિજનો સ્વચ્છંદપણે ચાલી સર્વજ્ઞ દર્શિત સત્ય માર્ગને લોપી ઉન્માર્ગ ગ્રહણ કરે છે, તેવા નફટ નાદાન લોકો સજ્જન વર્ગમાં હાસી પાત્ર તથા નિન્દા પાત્ર થાય છે, એટલુંજ નહિ કિન્તુ વિષય કષાયને વશ પડી કરેલાં દુષ્કૃત્યોના યોગે ભવાંતરમાં નરક નિગોદાદિ મહા દુઃખના ભાગી થાય છે, એમ સમજી સજ્જનો પરનવથી ડરી, સ્વચ્છંદપણું તજી સર્વજ્ઞ પરમાત્માએ પ્રદર્શિત સત્ય માર્ગનેજ સ્વીકારી નિર્ભયપણે તેનુંજ સેવન કરે છે, તો અંતે તે મહાનુભાવો દુઃખોદધિનો પાર પામી અક્ષય સુખ સંપત્તિ સ્વાધીન કરી શકે છે. એવાં અનેક દ્રષ્ટાંતો આપણે આગમોથી સાંભળી આપણું સકર્ણપણું સાર્થક કરવા તેવા મહાશયોના સચ્ચરિત્ર અમૃતનું પાન કરી સ્વ કર્તવ્ય સમજી સ્વ પર શ્રેય સાધવા સર્વ કાયરતા પરહરી ત્રિકરણ શુદ્ધિથી સદુદ્યમ કરવો ઘટે છે. ઇતિ શમ્.

આપણું કર્તવ્ય શું છે ?

અહો ભવ્ય સન્તો ! અદ્યપિ પરમ પૂજ્ય પિતા સ્થાનીય શ્રી વીર પરમાત્માના પવિત્ર પગલે ચાલી, આપણે બહુ કરવાનું છે, આપણી ઘણી-ન્યૂનતા (ખામીઓ) દૂર કરવાની છે, તે સર્વે ત્રોડી સાથે પુષ્ટ આલંબન-નિમિત્ત કારણો વિના બની શકે નહિ, તોપણ શ્રી વીર પ્રભુની પવિત્ર આજ્ઞાને અક્ષરશઃ અનુસરી જગજ્જયવંતા જૈન શાસનની શોભા વધારનારા વૃદ્ધ આચાર્યાદિ મહા પુરૂષોના પગલે યથાશક્તિ ચાલી, આપણે આપણી મોટી મોટી ખામીઓ સમજી સમજીને અવશ્ય દૂર કરવી જોઇએ.

પ્રિય ભાઇઓ અને બહેનો ! પ્રથમ તો આપણા સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા, અમૃત જેવી મધુરી વાણીથી આપણને શાને માટે બોધ આપે છે, તેજ આપણામાંનો બહોળો ભાગ ભાગ્યેજ જાણતો હશે. આપ સર્વે એમ તો જાણતા હશો કે, સમ્યક્ જ્ઞાન (જાણપણા) વિનાની ક્રિયા આંધળી ગણાય છે, તેમજ સમ્યગ જ્ઞાન પૂર્વક કરાતી ઉચિત ક્રિયા શુભ ફળદાયી થાય છે, છતાં આપણે આપણાં આવશ્યક કૃત્યોનું પ્રયોજન શું છે, તેટલું પણ જાણવા જેટલો શ્રમ લઇએ નહિ, એ કેટલું બધું શોચનીય અને લજ્જાસ્પદ છે ? આપણે આપણા ઇષ્ટદેવ, ગુરૂ, ધર્મ કે ધર્મી ભાઇઓ અને બહેનોની ભક્તિ શા માટે કરવાની છે ? હિંસા, અસત્ય, અદત્ત, અબ્રહ્મ, અને પરિગ્રહ રૂપ પંચાશ્રવનો રોધ શા માટે કરવાનો છે ? ક્રોધાદિ ચાર કષાયનો ત્યાગ શા માટે કરવાનો છે ? પાંચે ઇંદ્રિઓ તથા મનનું દમન શા માટે કરવાનું છે ? દાન, શીલ, તપ, ભાવના, વૈરાગ્ય અને સૌજન્યાદિ સદ્ગુણોનું સેવન આપણે શા માટે કરવાનું છે ? આ સર્વે બાબતો સંબંધી સમ્યગ્ જ્ઞાન મેળવવું કેટલું બધું આવશ્યક છે ? તે તે ધર્મ ક્રિયા સંબંધી યથાર્થ જ્ઞાન પૂર્વક વિવેકી સદ્વર્તનથી આપણે કેટલો બધો ઉમદા લાભ મેળવી શકીએ વારૂ ? અરે ! તે તે પવિત્ર સર્વજ્ઞ પરમાત્મા પ્રણીત

પ્રભુની પ્રસન્નતા પૂર્વક વિધિના જાણી પૂર્ણ પ્રીતિથી પૂજન અર્ચન કરનાર પૂજક પોતેજ પૂજ્ય પદને પામે, પણ એથી વિરુદ્ધ વર્તનાર ન પામી શકે. અહો ! પરમ અભિરામ ભાવથી, વિવેક પૂર્વક વિધિ વડે પાંચે ઇંદ્રિયોનો નિગ્રહ કરી, પૂર્વોક્ત રાગ દ્વેષાદિરૂપ અંતરંગ ચોકડીને ત્યજી, ઉત્તમ ચિત્ત સંતોષ ધારી, વિધિ પૂર્વક પ્રભુ ભક્તિ રસિક જનો, જે શાંત રસનું પાન કરી અજર અમર લાભ લે છે, તેનું ભાન પણ ભૂલા ભમનારા મુગ્ધ જનોને ક્યાંથી હોય ? શ્રી સદ્ગુરુ- કહેણી અને રહેણીને પૂરી પાળવામાં પ્રમાદ રહિત સંત-સુસાધુ જનોની પવિત્ર ચરણ સેવામાં અભિમુખ થઈ, રસિક સુવિનીત શિષ્ય જૂ હો ભ્રમર પ્રભુની પેઠે જે સુગંધ પરિમળ લુંટે છે, તેનો ખ્યાલ પણ સદ્ગુરુ સેવા વિમુખ અવિનીત શિષ્ય સમૂહને ક્યાંથી આવે ?

શ્રી સિદ્ધાંત—સર્વજ્ઞ વીતરાગ પ્રણીત હોવાથી સદ્વિવેકી સજ્જનોવડે સંપૂર્ણ શ્રદ્ધાથી આદરેલાં, તેમજ પૂર્વાપર વિરોધ દોષ વર્જિત હોઈ, સર્વ નયમત આગમ રહસ્યરૂપ મકરંદનું વિવેક શ્રી સદ્ગુરુની સમ્યક્ સેવા ભક્તિ પૂર્વક પાન કરનારા મધુકર સદૃશ મુનિજનો [illegible] રસિકજન - મીઠાશ મેળવી શકે. તેનો અનુભવ બીજા પણ શું અમૃત રસ ચાખી શકે ? નહિજ. [illegible] સ્વબુદ્ધિવડે ઉ[illegible] સત્ય [illegible] મહ ભાગ્યો મુકે છે યાવત્ બુદ્ધિને [illegible] ઉપયોગ કરે છે, તેઓ [illegible] ગુમાવે છે. તે કહી શકાતું નથી. શ્રી સર્વજ્ઞ પ્રણીત સિદ્ધાંત પ્રમાણ અનુસારે વર્તવાની આવશ્યકતા [illegible] મુકી [illegible] વિવિધ આગમોની આશાતના થાય, [illegible] ઉપદેશ કરે છે, તે બહુજ અનુચિત છે. શ્રી સર્વજ્ઞ ભાષિત સિદ્ધાંત નિષ્પક્ષપાતપણે [illegible] હિતકારી હોવાથી તેમનું [illegible] વાંચવું તેમનું [illegible] કરવું, તે આપણું [illegible] આપણું ખાસ કર્તવ્ય આપણે લક્ષમાં સદા રાખવા યોગ્ય છે.

ક્રિયા કરતાં આપણને કેટલી બધી લ્હેજત–મિઠાશ ઉપજે ? તે તો ખાસ અનુભવ ગમ્યજ હોવાથી વર્ણવી શકાય નહિ. પવિત્ર ધર્મ સંબંધી સર્વ સત્ક્રિયા કરવાનો તથા અનાદિ સ્વચ્છંદપણે ધર્મ વિરૂદ્ધ કરાતી સર્વ અસત્ ક્રિયા ત્યજવાનો મૂળ હેતુ વિષય વાસના ત્યજી નિષ્કષાય શુદ્ધ આત્મ સ્વભાવ પ્રકટ કરવા આપણા અંતરંગ શત્રુભૂત રાગ, દ્વેષ અને મોહાદિ મહા દોષો દૂર કરવાનો છે. આપણે સમજી રાખવું જોઇએ કે, એકલા રાગ અને દ્વેષ, મોહના નંદન છતાં આપણી મુગ્ધતા–અજ્ઞાનથી મોહરાજના જોર વડે આપણને ભવ ભવમાં સંતાપે છે, તોપણ તત્વથી તેમને મિત્રની પેરે સેવીએ છીએ. રાગ, દ્વેષ એકલા જગતને ગંજવા સમર્થ છે, તો મોહ સહિત તેમની તો શીજ વાત કરવી ? જ્ઞાની પુરૂષો તે ત્રણેને મહા શત્રુભૂત કહે છે. ભવ ભવમાં પવિત્ર ધર્મની સમર્થ સહાય વિનાના અશરણ—અનાથ પ્રાણીઓને બહુ બહુ પ્રકારે સંતાપનાર [illegible] પણ વિશ્વાસ નહિ [illegible] જ્ઞાની પુરૂષો આપણને નિઃસ્વાર્થપણે સમજાવે છે, [illegible] મુગ્ધતાવડે તેવા હિત ઉપદેશની ઉપેક્ષા–અનાદર કરી, સ્વચ્છંદપણે આપણે ઉક્ત દોષોનેજ પોષી તેમનીજ પુષ્ટિ કરીએ છીએ, એ કેવુ અનુચિત વિરૂદ્ધ વર્તન છે ? આપણ [illegible] શત્રુઓનુ અહોનિશ પોષણ કરતા–તેમની ઇચ્છા–આજ્ઞા અનુસાર વર્તતાં અને તેમનોજ વિશ્વાસ કરતા આપણને [illegible] વે ? અપ્રશસ્ત રાગાદિ દુશ્મનોને [illegible] શ્રી જીનેશ્વર ભગવંતે સર્વજ્ઞ દર્શિત સત્ક્રિયામા [illegible] પૂર્વક [illegible] કર્યા [ફરમાવ્યા] છતાં આપણે [illegible] પ્રયોજનાદિ સમ્યક (બરાબર) નહિ સમજવાથી [illegible] ચિત સત્ક્રિયાને વિવેક પૂર્વક પ્રીતિથી અને નિયમાગી એક રહિત સેવવાને બદલે બહુધા અરૂચિ–અસ્થિરતાદિથી સેવીએ છીએ, એ કેવું અસમંજસ–અજ્ઞાન કૃત્ય છે ? શ્રી જીનેશ્વર –રાગ, દ્વેષ અને મોહ મહા મલ્લના સર્વથા વિજેતા, જગત

શ્રી સંઘ—શ્રી અર્હંત પ્રભુની પવિત્ર આજ્ઞા મુજબ વર્ત્તનારા મુસાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા જંગમ તીર્થરૂપ મનાય છે. શ્રી તીર્થંકર પ્રભુ પોતે પણ ઉક્ત ગુણ–આકર સંઘનો ઉચિત આદર કરે છે, તો અન્ય સાધારણ પ્રાણીઓએ ઉક્ત ગુણનિધિ શ્રી સંઘ પ્રતિ કેટલા સન્માનની દ્રષ્ટિથી નિહાળવું ઉચિત છે, તેનો સમ્યગ વિચાર કરવો ઉપયુક્ત છે. સાધ્વીઓ અને અહેનો પરમ પૂજ્ય પિતા સ્થાનીય શ્રી વીર પરમાત્માની પવિત્ર પ્રજા સંતતિ– પુત્ર પુત્રીપણાનો દાવો [illegible] છે [illegible] કેવી નમ્રતા તથા સુવિ[illegible] [illegible] શાસનની [illegible] [illegible] દુર્લભ રહી [illegible] [illegible] અતિ અનુચિત [illegible] એવું [illegible] મનાય? શ્રી [illegible] નિર્ગ્રંથ [illegible] ફરમાન [illegible] [illegible] નીતિ [illegible]

અનુસરનારનેજ સત્યવંત લખે છે. તેમનાપરજ રાગ ધરે છે. તેમનુંજ વિશેષે હિત કરવા પ્રેરાય છે. યાવત્ પૂર્વ પુણ્ય યોગે પ્રાપ્ત થયેલી આ દુર્લભ સામગ્રીને સફળ કરવા યથા શક્તિ શ્રી જીન આજ્ઞાને અનુસરવા લક્ષવાળા સજ્જનોપ્રતિજ તેઓ સંપૂર્ણ દીલસોજી ધરાવે છે, તેવા સાધર્મી જનો પ્રતિ પૂર્ણ પ્રેમભાવ યા ભક્તિ ભાવ તેઓ ધારે છે, તેમને પોતાના પ્રાણપ્રીય મિત્ર કે બન્ધુ જેવા લેખે છે. યાવત્ તેવા સત્યવંત વિવેકી સજ્જનોની આનન્દ પ્રસંગે પોતાનું સર્વસ્વ પણ અર્પણ કરે છે. પ્રીય બાઇઓ અને બહેનો ! આપ સર્વ વિચારો કે, જે ધર્મની ખાતર સજ્જન લોકો આટલી ખંત રાખે છે, સ્વાર્થ ભોગ આપવા તત્પર રહે છે, યાવત પોતાના પ્રાણને પણ પ્રસંગે હાણમાં મુકવા તત્પર થાય છે. તે પવિત્ર ધર્મના ઉંડા રહસ્યો પામવા [illegible] સફળ કરવા વિવેકી જનોએ કેટલું બધું પ્રયત્નશીળ રહેવુ ઉચિત છે ?

કહ્યુ છે કે. —आणा जुत्तो संघो सेसो पुण अट्टि संघाओ જેનો પરમાર્થ એ છે કે, જેઓ જગદ્ગુરૂ શ્રી જીનરાજ દેવની આજ્ઞાને અનુસરીને ચાલે છે, તે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાનો શ્રી સંઘમાં સમાવેશ થાય છે. અને તેથી વિપરીત [illegible] અસ્થિ, માંસ, મેદ, રૂધીર આદિ [illegible] આજ્ઞાવિહીન જનોનો શ્રી સંઘમાં સમાવેશ થઈ શકતોજ નથી. [illegible] વિવેકી [illegible] પોતાની સાધુ, સાધ્વી, શ્રાવક કે શ્રાવિકાનરીકેની [illegible] કરવા અને [illegible]

અનુસરનારનેજ સત્યવંત લખે છે. તેમનાપરજ રાગ ધરે છે. તેમનુંજ વિશેષે હિત કરવા પ્રેરાય છે. યાવત્ પૂર્વ પુણ્ય યોગે પ્રાપ્ત થયેલી આ દુર્લભ સામગ્રીને સફળ કરવા યથાશક્તિ શ્રી જીન આજ્ઞાને અનુસરવા લક્ષવાળા સજ્જનોપ્રતિજ તેઓ સંપૂર્ણ દીલસોજી ધરાવે છે. તેવા સાધર્મી જનો પ્રતિ પૂર્ણ પ્રેમભાવ યા ભક્તિ ભાવ તેઓ ધારે છે. તેમને પોતાના આત્મીય મિત્ર કે બન્ધુ જેવા લેખે છે યાવત્ તેવા સત્યવંત વિવેકી સજ્જનોની [illegible] તાનું સર્વસ્વ પણ અર્પણ કરે છે ભોળ ભાઇઓ અને બહેનો ! આપ સર્વ વિચારો. કે જે ધર્મની [illegible] સજ્જન લોકો આટલી [illegible] છે. સ્વાર્થ [illegible] [illegible] નહિ છે [illegible] પોતાના [illegible] [illegible] [illegible] વિવેકી [illegible] બહુ પ્રયત્નશીલ રહેવું ઉચિત છે ?

[illegible] भाणा जुत्तो मंत्तो संमो पुण अट्टि संगाआ

તેનો વાળ વાંકો કરવા સમર્થ નથી. વિવેકવડે પ્રાણી માત્રને અભય દેનારને સર્વત્ર અભય મળે છે, એ વાત નિર્વિવાદ સિદ્ધ છે. મરણ સમાન કોઈ દુઃખ કે ભય નથી. આપણને જે જે અનિષ્ટ છે તે તે દુઃખ યા ભય સામાને પમાડવા જેવું એકે પાપ નથી. સર્વ જીવોને આત્મસમાન લેખી, કોઈનું કાંઈ પણ અનિષ્ટ નહિ કરતાં જેઓ તેમની સાથે પરમ મૈત્રીભાવ ધરે છે. તેવાનુંજ જીવ્યું લેખે છે, બીજાનું નહિ. એમ સમજી શાણા સજ્જનોએ મૈત્રી ભાવની વૃદ્ધિ કરી સ્વ પરને શાંતિ–સમાધિ ઉપજાવવા ખપ કરવો, એજ સર્વ સુખનું સાધન છે. ક્રોધ, માન, માયા, અને લોભરૂપ કષાયનું સ્વરૂપ સમ્યગ વિચારી એ ચાંડાલ ચોકડીનો સજ્જનો સર્વથા ત્યાગ કરવા તત્પર થાય છે. ક્રોધાગ્નિ, ક્ષણમાં કરેલી સુકૃત કરણીને દહન કરી ભસ્મીભૂત કરી નાંખે છે. માન, મહીધર (પર્વત) પર ચઢેલા પ્રાણી નીચા પડે છે, લઘુતા—હલકાઈ પામે છે, માયા શલ્ય પ્રાણીને અનેક ભવમાં સાલે છે, અને લોભ, પિશાચ પ્રાણીને આકરાં કષ્ટમાં નાંખે છે, એમ સમજી શાણા વિવેકી જનો સમતા જલથી ક્રોધાગ્નિને ઠારવા મૃદુતા પવિ [વજ્ર] થી માન મહીધરને છેદવા, સરલતા સદ્ ઔષધથી માયા શલ્યને નિર્મૂળ કરવા, અને સંતોષ મંત્રથી લોભ પિશાચને વશ કરવા શક્તિમાન થાય છે. આ વાત અનુભવ સિદ્ધ છે. ચારે પ્રકારના કષાય ખરેખર પ્રાણી માત્રને ચાર ગતિરૂપ સંસારમાં અનેકશઃ ભ્રમણ કરાવે છે, માટે સદવિવેકધારી સજ્જનોએ અવશ્ય તેમનો પરિત્યાગ કરવો આવશ્યક છે. પંચેન્દ્રિઓ અને મન પ્રત્યેક નિર્ગધ—ઉદ્ધત ઘોડા જેવા છતાં, શ્રી જીનેશ્વર પ્રભુના વચનરૂપ લગામવડે વિવેકી જનો તેમને વશ કરી શકે છે. જે અજ્ઞ અવિવેકી લોકો મન અને ઇન્દ્રિઓના દાસ થઈને ચાલે છે, તેમની અવદશા થાય છે. પ્રત્યેક ઇન્દ્રિયજન્ય કામનાને આધીન રહેતાં પતંગ, ભ્રંગ, મીન [મચ્છ], ઇભ [હાથી] અને સારંગ [હરિણ] દુર્દશાને પામે છે, તો પાંચેની લાલસાના

પાશમાં પડેલા પ્રાણીનું તો કહેવુંજ શું ? દુર્જન કરતા પણ તે ત્યાજ્ય છે, કેમકે દુર્જન એકજ ભવમાં દુઃખ દે છે, અને આ તો ભવોભવ દુઃખદાયી થાય છે. મન તો મહોન્મત હસ્તીની જેવું નિરંકુશ હોઈ, ગુણવાનને દુઃખ પાશમાં ફસાવે છે, માટે શ્રી જીનેશ્વર પ્રભુની આજ્ઞારૂપ અંકુશથી તેને કબજે કરવું યોગ્ય છે. ઇન્દ્રિયજન્ય, સ્થલ ક્ષણિક વિષયોમાં સ્વચ્છંદતાએ ભટકતા મનનો નિગ્રહ કરી ઇંદ્રિઓનો પણ નિરોધ કરવો. ઇન્દ્રિયજન્ય સુખમાં આસક્ત, ઇન્દ્રિય પ્રેરક મનજ વક્ર હોવાથી તદનુસાર ઇન્દ્રિયને પ્રેરે છે. માટે મનને ઈષ્ટ વિષયાદિમાં પ્રવર્તતું [illegible] નથી રોકતા ઇન્દ્રિયોને સહેજ રોકી શકાય મોહ [illegible] મન [illegible] સાજમાં આવે તેમ વિવિધ [illegible] છે તેજ મન-મર્કટને સદુપદેશ શ્રવણાથી બાંધનાર સ્વામી સુખી થઈ શકે [illegible] સદુપદેશવડે [illegible] મનને [illegible] સ્તે

અતિ દિવ્ય સુખ સ્વાધીન કરવામાં તેમજ તેનો સાક્ષાત્ સંપુર્ણ ભોગવટો કરવામાં તત્પર રહે છે.

દાન, શિલ, તપ અને ભાવના—અભય દાન, સુપાત્ર દાન તથા અનુકંપાદિ દાન, સુવિવેકથી જેઓ આપે છે, અને પાત્ર પરીક્ષા પુર્વક જેઓ સમ્યગ્ જ્ઞાનાદિનું દાન દે છે, તે શુભાશય સજ્જનો ચપળ લક્ષ્મીનો લ્હાવો લઇ પરમાર્થ સાધે છે. તેમજ છતી લક્ષ્મીએ સર્વજ્ઞ દેશિત સપ્ત ક્ષેત્રોમાં યા ખાસ કરીને સીજાતા ક્ષેત્રમાં કૃપણ વૃત્તિથી જેઓ વાવતા—વાવરતા નથી, તેઓ અત્ર જનસમૂહના અપવાદ પાત્ર થઇ, મરી મુર્છાવડે માઠી ગતિ પામે છે.

શીલ—સદાચારવડેજ પ્રાણી તત્વથી શોભા પામે છે. શીલ એજ પ્રાણીઓનો સાચો શણગાર છે. શીલ—સુગંધથી વાસિત ભવ્ય કમલોપ્રતિ સુગંધ લેવા વિવેકી ભ્રમરો જાય છે. શીલ—સુગંધ રહિત પુરૂષ—રૂપાળા પ્રાણીઓ આવળનાં ફુલ જેવા નકામા છે. કાંકરા થઇને ફરતા તેઓ અપમાન પામે છે, અને સુશીલ સજ્જનો રાજ સભામાં પણ સન્માન પામે છે દેવો પણ તેમને સાનિધ્ય [સહાય] કરે છે. તેમને જંગલમાં પણ મંગળ થાય છે. આવો અચિન્ત્ય મહિમા શીલ ગુણનો સમજી શાણા લોકોએ તે અવશ્ય ગ્રહણ કરવા યોગ્ય છે.

તપ—બાહ્ય અને અભ્યંતર ભેદે કરી બે પ્રકારનો છે. જે કર્મ મળને તપાવી બાળી નાંખે છે, યાવત્ આત્માને નિર્મળ કરી શકે છે, તેનું નામ તપ છે, સમ્યગ જ્ઞાનવડે સ્વસ્વરૂપ સમજી રાજ હંસની પેરે વિવેકથી સદ્વર્તન સેવી અનાદિ કર્મ મળ ટાળી આત્મ વિશુદ્ધિ થઈ શકે છે; માટે સમ્યગ જ્ઞાનને જ્ઞાની પુરૂષો તપરૂપજ કહે છે. આત્માને નિર્મળ કરવાના પવિત્ર લક્ષથી કરવામાં આવતા ગમે તે તપ મહા લાભદાયક થાય છે; તેમજ તુચ્છ ફળની આશાએ કરાતો તપ માત્ર અલ્પ ફળ નેજ દે છે. સમતા પુર્વક સેવવામાં આવતા તપવડે ભવોભવનો

દ્ધિયાનો ગર્વ કરી દુઃખી પણ થાય છે. વૈરાગ્ય એ એવી તો અપુર્વ અને ચિત્તાકર્ષક ચીજ છે કે, ચક્રવર્તી સરખા પણ છતી ૭ ખંડની રિદ્ધિ તજી ચોગ—દિક્ષા લઇ તેનુંજ શરણુ ગ્રહે છે. દુનિયાની સર્વ ચીજોમાં ભય રહેલો છે, પરંતુ વૈરાગ્યમાં ભય નથી, તે અભય છે. માટે સાચા સુખના અર્થી જનો તેનોજ આશ્રય લેવા સ્વીકારે છે. વિષયાસક્ત જીવો જ્યારે પવનની લહેરીઓ લેવા જાય છે, ત્યારે વિવેકી મુમુક્ષુ જનો સર્વ દુઃખને દળનાર વૈરાગ્ય લહેરીઓનુંજ સેવન કરે છે. એટલુંજ નહિ, કિન્તુ અન્ય આત્માર્થી જનોને પણ એમજ ઉપદેશે છે. યતઃ—

" દાળે દાહ તૃષા હરે, ગાળે મમતા પંક,
લહેરી ભાવ વૈરાગ્યકી, તાકો ભજે નિશંક. "

વિષય વિરક્ત થઇ સર્વ સંસાર બંધનને તોડી સહજ મુક્તિ—મોક્ષ સુખ મેળવવા, યોગ સેવવા ઉજમાળ થયેલા ભવ્યને જેમ જેમ વૈરાગ્યની પુષ્ટિ થાય છે, તેમ તેમ સહજ સંતોષ ગુણથી સહજ સુખની વૃદ્ધિ થાય છે. યાવત વિષય વાસનાના સંક્ષયથી સંપુર્ણ દુઃખનો ક્ષય થાય છે, અને અંતે નિરૂપાધિક અક્ષય સુખ પ્રગટ થાય છે, તેજ પરમાનંદ અને તેજ અજર, અમર, અક્ષય, અવ્યાબાદ, મોક્ષ પદ છે.

સાજન્ય—સજ્જન સ્વભાવ સુલભ નથી. જ્યારે દુર્જનતા—દુર્જન સ્વભાવ દુર તજાય, જ્યારે નિર્દયતા, નિર્વિવેકતા, અનીતિ આચરણ, અસત્ય ભાષણ પર નિંદાદિ પાપ રતિ અને દુષ્ટ કષાયાદિ દુર જાય, ત્યારે સાજન્મ પામવા પ્રાણી યોગ્ય થાય. ગમે તેવા પ્રસંગે પરનાં દુષણ કહે નહિ, ગુણ માત્રજ ગ્રહે, આત્મ ઉત્કર્ષ (વડાઇ) ન કરે. તેમજ પોતાથી બને તેટલો નિઃસ્વાર્થપણે પરોપકાર કરે, તેનું નામ સજ્જન છે. જેમ ચંદનનો સ્વભાવ શીતળતા કરવાનો છે, તેમ સજ્જન પણ પોતાના શાંત—શીતળ સ્વભાવથી સામાને શીતળ કરે છે. જેમ છેદતાં છતાં શેલડીનો સ્વભાવ મધુર રસ આપવાનો છે, તેમ જે પી

અનુસરવા કયારે ભાગ્યશાળી થઇશું ? અહો પ્રિય ભાઇઓ ! જ્યારે આપણે આવી ઉત્તમ સામગ્રીનો પૂર્વ પુણ્ય યોગે સં-યોગ પામી શ્રી સર્વજ્ઞ પ્રભુની પવિત્ર આજ્ઞાને અક્ષરશઃ આરા-ધવા અત્યંત રૂચિ અને શ્રદ્ધા સહિત કર્તવ્ય પરાયણ થઇશું, ત્યારેજ સર્વ દુઃખ દોહગને ચૂરીને આપણે સંપૂર્ણ સુખી થ-ઇશું. તથાસ્તુ. પરંતુ જ્યાં સુધી જગહિતકારી શ્રી જીન આજ્ઞા-નો અનાદર કરી સ્વચ્છંદવડે અનેક પાપારંભ કરી, આપણે છળ પ્રપંચાદિથી પાપી પેટને પોષીશું, ત્યાં સુધી સુખનો દહા-ડો દૂરજ સમજવો જ્યાં સુધી ક્ષણિક વિષય સુખને કારણે નિ-ર્દયપણે લાખો બલકે કરોડો જીવોની હિંસા કરતાં કાંઇ પણ ડર લાગતો નથી. અસત્ય ભાષણ કરવાથી લગાર પણ પાછી પાની ફરતી નથી, અનીતિ અને અન્યાય આચરણથી પરદ્રવ્ય હર-ણ કરવું પ્યારૂં લાગે છે, પરદારા સેવન અને વેશ્યા ગમન કરતાં કાંઇ પણ ભય લાગતો નથી, અને પૈસો પ્રાણવત્ પ્યારો લાગે છે, જેથી ધર્મની પણ ઉપે[illegible] કરી અનાચાર સેવીને પણ દ્રવ્યો-પાર્જન કરવાના તત્પર[illegible] રહે છે ત્યાં સુધી ઉત્તમ પ્રકારના [illegible] સુખ [illegible] સમય[illegible] ? જ્યાં સુધી પાપ પ્રવૃત્તિ [illegible] પુષ્ટિ [illegible] સુખ [illegible] જરા [illegible] સદ્‌ગુણોની [illegible] નહિ જ્યાં [illegible] બની [illegible] અ-નુભ[illegible]

શ્રી જીન[illegible] અમૃત [illegible] અને ભા-વ[illegible] અ-[illegible] આનંદ પ્રા-

સ કરવાનો અવસર આવેજ શાનો ? વિષય રસમાંજ નિમગ્ન રહી પશુ વૃત્તિ પોષનારને શાંત—વૈરાગ્ય રસનો આસ્વાદ નજ આવે, એ નિર્વિવાદ છે. પરનાં દુઃખ દેખી રાજી થનાર દુર્જનોને સૌજન્યનો અનુભવ થાયજ શી રીતે ? આવી સ્વચ્છંદતા વૃત્તિથી વર્તનારા જીવોમાં ગુણનો લેશ માંત્ર પણ ઉદ્‌ભવ થઈ શકે નહિ, એ સ્વતઃ સિદ્ધ છે. જ્યાં સુધી સ્વચ્છંદતા તજી સર્વજ્ઞ દેશિત સત્ય શાસ્ત્ર નીતિને સમ્યગ સમજી આપણે ત્રિકરણ શુદ્ધિથી સ્વીકારવા ઉદ્યત થઇશું નહિ, ત્યાં સુધી પાપી પ્રમાદ આપણી પુંઠ મુકવાનો નથી. સર્વજ્ઞ પ્રભુની પવિત્ર આજ્ઞાનો અનાદર કરી, સ્વચ્છંદતાએ ચાલવું એનું નામજ તત્વથી પ્રમાદ છે. ઉક્ત પ્રમાદથી પ્રાણી માત્ર ચતુર્ગતિરૂપ સંસાર ચક્રમાં ફર્યા કરે છે, જન્મ મરણના દુઃખથી મુક્ત થઈ શકતાંજ નથી. માટે સદગુરૂઓની હિત શિક્ષા હૃદયમાં ધારી અનાદિ પ્રિય સ્વચ્છંદતા ત્યજી, જેમ શ્રી સર્વજ્ઞ શાસ્ત્ર નીતિનું બહુ માન પુર્વક સેવન થાય, તેમ પ્રમાદ રહિત પ્રવર્તવા આપણી ખાસ ફરજ છે. સ્વચ્છંદ વર્તનથી આપણે અલ્પ સુખ માટે બહુ ગુમાવીએ છીએ, તેનો ખ્યાલ અવશ્ય કરવા યોગ્ય છે. ક્ષણ માત્ર સુખ, અને બહુ કાળ દુઃખ, લેશ માત્ર સુખ, અને પારાવાર દુઃખ, એવું સ્વચ્છંદ વર્તનનું ફળ જ્ઞાની પુરૂષો કહે છે, માટે આપણેને સર્વ તુચ્છ આશાઓ તજી સદ્વિવેક ધારી, જન્મ મરણાદિ મહા દુઃખ વારક શ્રી જીનેશ્વર પ્રભુની પવિત્ર આજ્ઞા પાળવા પુરતો પ્રયત્ન કરવો યોગ્ય છે. આમ ઉત્તમ લક્ષ રાખી સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા સર્વે સુસંપ સમાધિ કરી, શ્રી સર્વજ્ઞ શાસન પ્રતિની પોતપોતાની પવિત્ર ફરજો અદા કરવા અનુકુળ પ્રયત્ન સેવે તો, જરૂર જગતહિતકારી શ્રી જીન શાસનના વિશેષે ઉત્કર્ષ [પ્રભાવના—ઉદ્યો] થવા પામે. અજ્ઞાન વશ અવિવેકવડે થયેલા કુસંપના કારણથી થવા પામેલી મલીનતા દુર થઈ જઇ સર્વજ્ઞ પ્રણીત શાસ્ત્રને સાનુકુળ વર્તતાં સમ્યગ જ્ઞાન—વિવેકના પ્રકાશથી સુ-

[illegible] ગુરૂ થઈ પવિત્ર આત્માની ઉન્નતિ થવા પામે, એ વીના [illegible] સિદ્ધ છે પણ

" કારણ યોગે હો કારજ નીપજેરે, એમાં કોય ન વાદ. પણ કારણ વિણ કારજ સાધીયેરે, એ નિજ મત ઉન્માદ. [illegible] દેવને પુર એવા અવેરે, લહી પ્રભુ સેવન ભેદ. સેવન કારણ પહેલી ભૂમિકારે. અભય અદ્વેષ અખેદ. "

[illegible] ગુણાગી પુરૂ [illegible] ઉન્નતિ-શોભા [illegible] જોઈએ. [illegible] કરીએ, [illegible] કરીએ, [illegible] [illegible]

सार बोल संग्रह.

[illegible] લક્ષ્મી મેળવવામાંજ તત્પર રહે છે. [illegible] મી પુરૂષો કામ [illegible] સેવવામાંજ તત્પર રહે છે. તત્વ-જ્ઞાની પુરૂષો કામ [illegible] ની ક્ષમાદિ ગુણો ધારવામાં-જ તત્પર રહે [illegible] અને [illegible] માણસો તો ધર્મ, અર્થ, અને કામ. [illegible]

[illegible] વિશેષથી વિચ- [illegible] શાસ્ત્ર અનુ- [illegible] પ્રાપ્તિ પણ [illegible] છે. જે

૧૪ ધર્મ યુક્ત માણસોની જરૂર સોબત કરવી, તત્વના જાણ પંડિતને જરૂર મનનો સંશય પૂછવો. સંત—સુસાધુ જનોનો જરૂર સત્કાર કરવો, અને નિર્મમ—નિર્લોભી—નિસ્પૃહી સાધુ જનને જરૂર દાન દેવું, એ દરેક મહા લાભકારીછે.

૧૫ [વિનય વિચારે] પુત્ર અને શિષ્યને તુલ્ય લેખવા, ગુરૂને અને દેવને તુલ્ય લેખવા, મૂર્ખને અને તિર્યંચને તુલ્ય કરી લેખવા તથા નિર્ધન અને મૃતકને સરખા સમજવા.

૧૬ સમસ્ત કળા થકી ધર્મ (આરાધવા) ની કળા વધે, સર્વ કથા કરતાં ધર્મ (મૂલ્યમાં) વધે, સર્વ બળથી ધર્મ બળ વધે, અને સર્વ [સાંસારિક] સુખ કરતાં ધર્મ સંબંધી સુખ વધે.

૧૭ દ્યૂત—જુગાર રમવાના વ્યસનીના ધનનો નાશ થાય છે, માંસ ભક્ષણ કરવાના વ્યસનીની દયા બુદ્ધિનો નાશ થાય છે, મદ્યપાનના વ્યસનીના [illegible] નાશ થાય છે, અને [illegible]

૧૮ [illegible] વ્યસનીના [illegible] દયા ધર્મ [illegible] વ્યસનીના શરીરનો નાશ થાય [illegible] ના પૂર્વોક્ત [illegible] અધમગતિ પ્રાપ્ત [illegible] અ-[illegible]

[illegible] ક્ષમા [illegible] તથા તરૂણ [illegible] છે [illegible] આમ [illegible]

ધર્મ કલ્પવૃક્ષ.

[illegible] અને

૨ વિનય— ગમે તે સદ્દગુણી સાથે નમ્ર વર્તન. સદ્દગુણ સમજી તેનો યોગ્ય સત્કાર કરવો તે.

૩ વૈયાવચ્ચ (વૈયાવૃત્ય)—અરિહંત, સિદ્ધ, આચાર્યાદિ પૂજ્ય વર્ગની બહુ માન પૂર્વક ભક્તિ કરવી તે.

૪ સઝાય (સ્વાધ્યાય)—વાચના, પૃચ્છના, પરિવર્તના, અનુપ્રેક્ષા, અને ધર્મ કથારૂપ પાંચ પ્રકારનો.

૫ ધ્યાન – અશુભ ત્યજી શુભનું ચિન્તવન કરવું તે. મલીન વિચારો ત્યજી શુભ કે શુદ્ધ (નિર્દોષ) વિ- [illegible] પરમાત્મ ચિન્તવ એકા- [illegible] ત્યજી અ[illegible] વૃત્તિ [illegible]

૬ કાઉસ્સ[illegible] દેહની મમતાની સાથે લા [illegible] મન અને વચનની [illegible] ત્યજી આ [illegible] વૃત્તિ [illegible] [illegible] તે અ [illegible] બુદ્ધિ [illegible] તેવો બાહ્ય [illegible] છે. માટે [illegible] ભક્તિ [illegible] પણ [illegible] [illegible] છે કર્મ [illegible]

[illegible] અનુકુળ નિમત્ત [illegible] નિમિત્ત વિના [illegible] કોઈએ [illegible] નથી [illegible] વિના કરેલી કે [illegible] કેવી [illegible] છે માટે સર્વત્ર [illegible] વિના [illegible] ધાન્ય જે

ન, સંત સેવા, સંત સ્તુતિ, સંત વચન, શ્રવણાદિવડે તે તે ઇન્દ્રિયનું સાર્થકય કરવા ઉદ્યુક્ત રહી અનિદિન સ્વહીત સાધવા તત્પર રહેવું ઉચિત છે.

૩ सत्यज वचन वदवुं—ધર્મના રહસ્યભૂત એવું, અને હિતકારી તથા પરિમિત—જરૂર જેટલુંજ ભાષણ અવસર ઉચિત કરવું, એજ સ્વપરને કલ્યાણકારી છે. ક્રોધાદિ કષાયને પરવશ થઇને કે ભયથી, તેમજ હાંસીની ખાતર [અજ્ઞ] પ્રાણીઓ અસત્ય બોલી, પોતે અપરાધી થાય છે, તે ખાસ ખ્યાલમાં રાખી, તેવે વખતે હિમ્મત રાખી, આ મહાન દોષ સેવવો નહિ. સત્યથી યુધિષ્ઠિર, ધર્મરાજ તરીકે ગણાયા, એમ જાણી અસત્ય વદવાની કે પ્રયોજન વિના બહુ બોલવાની ટેવ તજી, હિતમિતભાષી થવું. કોઇને અપ્રીતિ—ખેદ ઉપજે તેમ બોલવાની ટેવ યત્નથી તજવી.

૪ शील कदापि खंडवुं नहि—બ્રહ્મચર્ય મન વા સદાચારના નિયમો કદાપિ ગમે તેવા સંકટમાં પણ લોપવા નહિ. સત્ત્વવંત પોતાના મનને પ્રાણ જેવા લેખે છે, અને આણાંત સુધી તેને ખંડતા નથી, ખરા શૂરવીરજ કહેવાય.

૫ कदापि कुशील जननी साथे वासो वसवो नहि. તેવા હલકા આચારવાળા સાથે વસતાં "સોબત તેવી અસર" આ કહેવત મુજબ આપણા શુદ્ધ આચારને અવશ્ય ધક્કો પહોંચે, અને લોકાપવાદ પણ થાય. માટે લોકાપવાદ ભીરૂ જનોએ તેવા ભ્રષ્ટાચારીની સોબત સર્વથા વર્જવી યોગ્ય છે. સોબત કરવા ચાહિએ તો કલ્પવૃક્ષની જેવી શિતલ છાયાને આપનારા સંત પુરૂષોનીજ (સોબત) કરો. જેથી સર્વ સંસારનો તાપ ટાળી તમે પરમ શાંત રસ ચાખવા ભાગ્યશાળી બની શકો.

૬ गुरु वचन कदापि लोपवुं नहीं—એકાંત હીતકારી સત્ય નિર્દોષ માર્ગનેજ સદા સેવનારા અને સત્ય માર્ગને દર્શાવનારા સદ્ગુરૂનું હિત વચન કદાપિ ન લોપવું. કિન્તુ આણાંત

૯. पोतानी जीभ नियममां राखवी—જીહ્વાને વશ કરી, નકામું બોલવું નહિ, જરૂર જણાય ત્યારે પણ વિચારી હિતમિતજ ભાષણ કરવું, તેમજ રસ લંપટ થઈ, જીભને વશ પડી રોગાદિ ઉપાધિ ખડી થાય તેમ મર્યાદા બહાર જવું નહિ. જીભને વશ પડેલાની બીજી ઇન્દ્રિયો કોપી, તેને ગુલામ બનાવી બહુ દુઃખ આપે છે, માટે સુખના અર્થીએ જીભને વશ નહિ થતાં પોતે તેને વશ કરવી.

१० अविचार्युं काम नज करवुं—સહસા—અવિવેક આચરણથી મોટી આપદા-વિપત્તિ આવી પડે છે. અને વિચારીને વિવેકથી વર્તનારને તો સંપદા સ્વયમેવ આવી વરે છે. માટે એકાએક સાહસ કામ નહિ કરતાં, લાંબી નજરથી વિચારી ઉચિત નીતિ આદરી વર્તવું, કે જેથી કદાપિ પણ ખેદ-પશ્ચાત્તાપ કરવાનો પ્રસંગજ આવે નહિ. સહસા કામ કરનારને બહુધા તેવો પ્રસંગ આવ્યા વિના રહેતા નથી.

११ उत्तम कुलाचार कदापि लोपवो नहि—ઉત્તમ કુળાચાર શિષ્ટ-માન્ય હોવાથી ધર્મના શ્રેષ્ઠ નિયમોની પેરે આદરવા યોગ્ય છે. મદ્ય માંસાદિ અભક્ષ્ય વર્જવા, પરનિંદા ત્યજવા, હંસ વૃત્તિથી ગુણ માત્ર ગ્રહણ કરવા, વિષય લંપટતા અનાચાર ત્યજી, સંતોષ વૃત્તિ ધારવા. સ્વાર્થ વૃત્તિ ત્યજી, નિઃસ્વાર્થપણે પરોપકાર કરવા, યાવત્ મદ મત્સરાદિનો ત્યાગ કરી, મૃદુતાદિ વિવેક ધારવારૂપ ઉત્તમ કુળાચાર કોણ કુશળ કુલીનને માન્ય ન હોય? એવી ઉત્તમ મર્યાદા સેવનારને કોપેલા કળિકાળ પણ શું કરી શકે વારૂ?

१२ कोईने मर्म वचन बोलवुं नहि—મર્મ વચન સહન થઈ નહિ શકવાથી, કેટલાએક મુગ્ધ લોકો માનના માર્યા મરણને શરણ થાય છે, માટે તેવું પરને પરિતાપકારી વચન કદાપિ પણ વદવું નહિ. મૃદુ ભાષા સામાને પણ સોહાય છે. જેમ તેમ સ્વાર્થ ભોગે સામાને હિત થાય, તેવુંજ વિચારીને બોલવું.

સજ્જનની તેવી ઉત્તમ નીતિ કદાપિ પણ ઉલ્લંઘવી નહિજ. લોકમાં પણ કહેવત છે કે, " સાકરથી પિત્ત શમે, ત્યાં સુધી કરીયાતું શું કામ પાવું ? "

२३ कोइने कदापि पण कुडुं आळ देवुं नहि—કોઈ ને કુડું આળ દેવારૂપ મહા સાહસથી પરિણામ ઉપર મુજબ માઠુંજ આવવાના ઉગ્ર સંભવથી તે સર્વથા નિંદ્ય તથા ત્યાજ્ય છે. પરને દુઃખ આપવા ઇચ્છનાર પોતેજ દુઃખ માગી લે છે. કેમકે કહેવત છે કે, " વાવે તેવું લણે " અને " ખાડો ખોદે, તે પડે " [illegible] જેમ કુ[illegible] [illegible] તેના જેવું આને [illegible] અને હિત [illegible] પણ પ્રવર્ત્તે છે કે, " [illegible] આવ "

[illegible] कोइने पण आक्रोश करीने कहेवुं नहि—[illegible] ને બદલે ઉલટી હાણ [illegible] હિતકારી, નમ્રપણે [illegible] મા[illegible] [illegible] આદરવા યોગ્ય છે

[illegible] सर्वनाशक उपकार करवो—[illegible] વિ[illegible] [illegible] મવી. [illegible] [illegible] આવે છે. [illegible] ઉ[illegible]

[illegible] सामानो उपकार कदापि भूलवो नहि—કૃતજ્ઞ [illegible]

૨૪ વૈરીનો વિશ્વાસ કરવો નહિ.—વિશ્વાસ નહિ કરવા યોગ્યનો વિશ્વાસ કરતાં મોટી હાની થાય છે, માટે પ્રથમથીજ ચેતતા રહેવું, કે જેથી પાછળ પશ્ચાતાપ કરવો પડે નહિ. કામ, ક્રોધ, મદ, મોહ, મત્સરાદિને અંતરંગ શત્રુ સમજી તેમનો કદાપિ પણ વિશ્વાસ સાચા સુખના અર્થીએ કરવો યોગ્ય નથી. સર્વજ્ઞ પ્રભુએ પંચ પ્રમાદોને પ્રબળ શત્રુભૂત કહ્યા છે.

જેને યોગે પ્રાણી પ્રકર્ષે કરી સ્વકર્તવ્યથી ભ્રષ્ટ થાય. યાવત્ બેભાન થાય તે પ્રમાદ કહેવાય. મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા એ પંચ પ્રમાદ છે જેમાંના એકેક મહા હાનિકારક છે [illegible] પંચ પ્રમાદને પરવશ પડેલા પ્રાણી વિષે તો કહેવુંજ શું ?

મદ્યપાનથી થતી લક્ષ્મી, વિદ્યા [illegible] માનાદિની હાનિ સુપ્રસિદ્ધ છે.

[illegible] (પ્રમા) [illegible] એક અબ [illegible] છે.

[illegible] ચ ડાળ [illegible] તેમાં તન્મય [illegible] કૃત્ય ક્રિયા [illegible] અલિ [illegible] અને પ [illegible] નારકી વિ [illegible] લોકાપવાદ [illegible] અપમાન પામે છે [illegible] થાય છે માટે ક્રોધાદિ [illegible] સમજવા પણ [illegible] આ કષાય

નેજ ઠગવા એ મહા અન્યાય છે. પોતામાં પોલંપોલા છતાં ગુણી ગુરૂનો આડંબર રચી પાપી વિષયાદિ પ્રમાદના પરવશ પણાથી મુગ્ધ-ભોળા લોકોને ઠગવા, તેના જેવો એકે વિશ્વા નઘાત નથી ભોળા ભક્ત જાણે છે કે, આપણે ગુરૂની ભક્તિ કરી ગુરૂનુ શરણ લઈ. આ ભવજળ તરી જવાના. ત્યારે પથ્થરના નાવ પેઠે અનેક દોષોથી દૂષિત થતાં મિથ્યા મહત્વને ઇચ્છનારા એવા કુગુરૂ પોતાને અને પરિક્ષા રહિત અંધ પ્રવૃતિ કરનાર પોતાના નુગર આશ્રિતોને ભવજલધિ [સમુદ્ર] માંજ પાડે છે [illegible] મહા દુઃખ ઉપાધિમાં [illegible] ધર્મ [illegible] અને આ [illegible] નાટક જ શ્રી [illegible] શ્રી [illegible] [illegible] ડીયે છીએ [illegible] વિષય સ્નાનથી [illegible]

ઉજ્જવી ભૂમીને કેવળ ભારભૂત થવા જેવુંજ છે. સમજી રાખવું કે, કૃતજ્ઞ વિવેકી સ્નેનીજ માતા રત્ન કુક્ષી કહેવાય છે. આવું ન્યાયનું રહસ્ય સમજી સ્વપર હિતકારી વિવેક ધારવા યત્ન કરવો

૨૭ સદ્‌ગુણીને દેખી રાજી થવું—એ પ્રમોદ યા મુદિતા ભાવ [illegible] ચંદ્રને દેખી ચકોર જેમ ખુશી થાય, તથા ગર્જારવ સાંભળી મયૂર જેમ નાચે તેમ હર્ષ—પ્રકર્ષ સદ્‌ગુણીના દર્શન માત્રથી [illegible] જોઇએ. આ [illegible] તેમના પર દ્વેષ [illegible] બુદ્ધિ [illegible] થવા [illegible]

૨૮ જેવા તેવા માં [illegible]—"[illegible] સાથે [illegible]

કદાપિ પણ વિસરવું નહિ. જેથી સર્વ સુખ સાધવાના શુભ મનોરથ કદાપિ પણ ફળીભૂત થાય. તેમ ગંભાળીનેજ ચાલવું.

૩૨ માર્ગાનુસારગુણ કદાપિ ત્યજવું નહિ—આપદ વખતે [illegible] નજાને પિંડ નત્ય વાન નીરૂપ- [illegible] નવું સર્વ [illegible] કરવું. સ્વાર્થ- [illegible] અદત્ત [illegible] સત્યવંત નજરોમા [illegible] પુરૂષોજ ધર્મના [illegible] મલીનના રહિત [illegible] થાય છે. તેથી [illegible] પોતાનું [illegible] નહિ થાય છે. [illegible] જેઓ [illegible] [illegible]

શુભ અભ્યાસ મૂકવો નહિ. તેના શુભ અભ્યાસ યોગે અ-
ચિન્ત્ય મહાન્ લાભ મળે છે, યાવત્ લક્ષ્મી પણ તેના પુન્યથી
ખેંચાઇ અનાયાસે આવી મળે છે, પરંતુ ખરૂંની ખાતરપર આ-
વના જેવું આ કઠિન વ્રત સાત્વિક પુરૂષોજ સેવી શકે છે.

૧૬ વધુ રાગ કરવો નહિ-- સ્વાર્થ નિષ્ટ સંબંધી જન [illegible] કરવા યોગ્ય નથી. જેના [illegible] યોગે રાગ ધરી પોતે [illegible] માને છે, તેનાજ વિયોગે દુ[illegible] પણ પોતેજ પામે છે. [illegible] નહિત સમજતાં [illegible] અનુભવે પુરૂષોના પ્રમાણિક [illegible] અનુભવ પરિક્ષા કરી [illegible] નથી. તેનાં

દેવોજ નહિ, છતાં થયો તો તેને વધવા નહિ દેતાં, શમાવી દેવો. લઘુ (નાના) એ ગુરૂ (મોટાની) ક્ષમા માગવી, છતાં લઘુ માન મૂકી ક્ષમા માગે નહિ તો. મોટાએ પોતે જઈ લઘુને ખમાવવો, જેથી લઘુને શરમાઈ અવશ્ય ખમવું. અને ખમાવવું પડેજ. કલેશને વારવાની "ક્ષમાપના"—ખામણા કરવા રૂપ જૈન શાસનની નીતિ અતિ ઉત્તમ છે. જેઓ તે મુજબ વિવેકથી વર્તે છે, તેમને અત્ર અને પરત્ર સુખ છે, અને જેઓ તેથી વિરૂદ્ધ વર્તે છે, તેમને સર્વત્ર દુઃખ.છે.

૩૯. कुसंग करवो नहि—"જેવો સંગ તેવો રંગ" એ ન્યાયે હીણાની સોબતે હીનપત આવે, અને ઉત્તમની સંગતે, ઉત્તમતા આવે. શું ગંગાનું શુદ્ધ, મિષ્ટ જલ પણ જલધિમાં ભળવાથી લુણપણું નથી પામતું? તેમજ અન્ય સ્થળથી આવેલું જલ ગંગાના પવિત્ર જલમાં ભળવાથી શું તેવા મહિમાને નથી પામતું? પામેજ છે. તેમ સમજી શાણા માણસોએ કુસંગ સર્વથા તજી સદા સુસંગતિજ સજવી યોગ્ય છે.

૪૦ बाळकथी पण हितवचन ग्रहण करवुं—રત્નાદિ સાર વસ્તુની પેરે હિતકારી વચન ગમે ત્યાંથી ગ્રહવું એજ વિવેકવંતનું લક્ષણ છે. જ્ઞાની પુરૂષો ગુણોનીજ મુખ્યતા માને છે. વયથી લઘુ છતાં, સદ્ગુણ ગરિષ્ટને ગુરૂ માને છે. અને વયોવૃદ્ધ છતાં ગુણરિક્તને બાળવત્ લેખે છે, એમ સમજી વિવેકી સજ્જનો ગુણ માત્ર ગ્રહણ કરવા સદા અભિમુખ રહે છે.

૪૧ अन्यायथी निवर्तवुं—સમબુદ્ધિ ધરી રાગ, દ્વેષ, તજી સર્વત્ર નિષ્પક્ષપાતપણે વર્તવું, એજ સદ્બુદ્ધિ પામ્યાનું ઉત્તમ ફળ છે. એમ સમજી સત્ય પક્ષ સ્વીકારવો, એજ પરમાર્થ છે. એમ વર્તવામાંજ તત્વથી સ્વ—પર હિત સમાયેલું છે. લોકાપવાદનો પણ પરિહાર તથા શાસન ઉન્નતિ એજ રીતે સાધી શકાય છે. સ્વલ્પમાં નિર્ભયપણે ખરી હિંમતથી ન્યાય માર્ગ અંગીકાર કર્યા વિના જીવનો કદાપિ પણ છૂ-

નથી. એમ સમજી શાણા માણસે સર્વથા ન્યાયનુંજ શરણ લેવું ઘટે છે. પ્રાણાંતે પણ અનીતિનો માર્ગ સ્વીકારવો યોગ્ય નથી.

૪૨. वैभव वखते राचवुं नहि—પૂર્વ પુણ્ય યોગે સંપત્તિ સાંપડી હોય તો, તેવે વખતે ગર્વ નહિ કરતાં, અધિક નમ્રતા રાખવી યોગ્ય છે. શું આમ્ર વૃક્ષો પણ ફળ સંપત્તિ સમયે અધિક નમ્રતા નથી સેવતા ? છતાં તેવા શુભ સમયે સ્વચ્છંદ પણું આદરી મદમાં તણાવું તે ભાવી આપત્તિનું ભારે ચિન્હ છે

૪૩ निर्धनपणामा खेद पण करवो नहि—પૂર્વકૃત કર્મ અનુસારે પ્રાણી માત્રને સુખ દુઃખ થાય. તેવા સમ વિષમ સંયોગો મળે, તેવે સમયે કર્મનું સ્વરૂપ વિચારી હર્ષ—ઉન્માદ કે દીનતા નહિ કરતાં સમભાવેજ રહી શાણા માણસો એ શુભ વિચાર વૃત્તિ પોષી સમર્થ ધર્મ નીતિનુ પ્રીતિથી આણી પાછું વાળી જોતા નથી, જેના પરિણામે અનેક દુઃખ વેઠતાં તેઓ ત્રાસ પામે છે [illegible] કરી પોતાની [illegible] દીનતા [illegible] દીનતા કરવી, તે કેવળ [illegible] કહેવાય. [illegible]

૪૪ समभावे रहे [illegible]

[illegible]

સુખ અવગાહી ધર્મ આરાધનથી નિશ્ચે સ્વકાર્ય સિદ્ધ કરે છે. પરંતુ જેઓ અજ્ઞાનતાના જોરે વિવેક વિકળપણે વિપય વર્તન કરે છે, હર્ષખેદ ધરી આપ મને અવળા ચાલે છે, તેઓ તો કોટ ઉપાયે પણ આત્મ કાર્ય સાધી શકતા નથી.

૪૫. सेवकना गुण समक्ष केहवा—સાચાં સેવકની પ્રત્યક્ષ પ્રશંસા કરવાથી કાંઈ હાનિ નથી. કિન્તુ લાભજ છે. ઉત્સાહની વૃદ્ધિ સાથે તે સુરત—સ્વામી ભક્ત—થઇ જાય છે. અને તેમ નહિ કરવાથી કદાચ તેની શ્રદ્ધા મંદ થવાથી સેવા વિમુખ પણ થઇ જાય છે.

૪૬. पुत्रनां प्रत्यक्ष वखाण करवां नहि—પુત્ર કે શિષ્ય, ગમે તેવો સદ્‌ગુણી હોય, તોપણ તેની સમક્ષ પ્રશંસા ન કરવાની નીતિ વધારે ડહાપણવાળી છે. તેનામાં વિનયાદિ ઉત્તમ ગુણો વધારવાનો તે રસ્તો છે. ઉછરતી બાળવયમાં સારા સંસ્કારો પડે, એવી કાળજી રાખવી, એ માતા પિતા કે ગુરૂની ખાસ ફરજ છે. પૂર્ણ ગુણ પામ્યા વિનાની મિથ્યા પ્રશંસાથી અભિમાનમાં આવી જવાથી કદાચ તેનો અવતાર બગડે છે, એમ સમજી, તેની પરિપક્વ સ્થિતિ થતાં સુધીમાં વિચારી -વિવેકથી વર્તવું, જેથી તેવો સદ્‌વિવેક શીખી પુત્ર પુત્રી શિષ્ય કે શિષ્યા, સ્વ-જન્મ સુખે સુધારી શકે, પુત્રાદિ સમક્ષ માતપિતાદિએ અપશબ્દાદિ અવિવેક, યત્નથી તજવો.

૪૭ स्त्रीनां तो प्रत्यक्ष के परोक्ष वखाण करवांज नहि—સ્રીનો સ્વભાવ તુચ્છ હોવાથી છલકાઇ ગયા વિના રહે નહિ, માટે સ્રી ગમે તેવી ગુણવંતી હોય, તોપણ મનમાંજ પધારે નમ્ર થવાની જરૂર છે. સ્વ—પતિવ્રત ત્યારેજ યથાવિધિ સચવાઇ શકે છે. પતિને પણ સ્રીના વિષે ઉચિત મૃદુતા અવશ્ય રાખવી ઘટે છે. આમ પરસ્પર અનુકુળતાથી ગૃહ યંત્ર સાથે, ધર્મ યંત્ર સારી રીતે ચાલી શકે છે. તે વિના બન્ને યંત્રો વારંવાર ખોટકાય છે. અપશબ્દાદિ અપમાન

"બહુ રત્ના વસુંધરા" પૃથ્વીપર કંઈ કંઈ રત્નો પડ્યાં છે. તેને પણ શિષ્ટ નીતિ સમજીને પોતાને તેવી ઉત્તમ પંક્તિમાં મૂકવા —તેવા ઉત્તમ થવા– પ્રયત્ન કરવો. જ્યાં સુધી સંપૂર્ણતા [illegible] નથી [illegible] અવલંબન કર્યા કરવું સુજ્ઞ છે. [illegible] તો, પાણી ભરાણી, [illegible] ગુણ [illegible] મનમાં ફુલાઈ [illegible], ગુણ વૃદ્ધિ થઈ શકતી નથી. અનેક ગુણ પામ્યા છતાં [illegible] નથી એવ કર્તવ્ય કર્યા કરે છે, તેઓ [illegible] શિવ સંપદ વરે છે.

[illegible] प्रथम मगम मरल हाम भार्मभं— [illegible] મોટી [illegible] ધીમે ધીમે [illegible] દ્વારે [illegible] છે [illegible] થી તર્ક [illegible] તે

૬૫ परमात्मानुं ध्यान करवुं—બાહ્યાત્મા, અંતરાત્મા, અને પરમાત્મા, એવા આત્માના ત્રણ પ્રકાર છે. શરીર કુટુંબાદિ બાહ્ય વસ્તુઓમાં મુંઝાઈ રહેલો બાહ્ય આત્મા કહેવાય છે. અંતર વિવેક જાગવાથી જેને ગુણ—દોષ, કૃત્યાકૃત્ય, લાભાલાભનું ભાન થયું હોય, સ્વ—પરની સમજ પડી હોય, જ્ઞાનાદિ ગુણમય આત્મા તેજ હું, અને જ્ઞાનાદિ ઉત્તમ ગુણ સંપત્તિજ મારી, શિવાય શરીર, કુટુંબ, ધન, ધાન્યાદિ સર્વ પુદ્ગલિક વસ્તુ તેપર, એમ જેને સમજાયું હોય, તે અંતર આત્મા કહેવાય. અને જેણે સંપૂર્ણ વિવેકથી સર્વ મોહાદિ અંતરંગ શત્રુઓનો સર્વથા ઉચ્છેદ કરી, નિર્મળ કેવળ જ્ઞાનાદિ અનંતી આત્મસંપત્તિ હાથ કરી હોય, તે પરમાત્મા કહેવાય છે. બહિરાત્મા પરમાત્માનું ધ્યાન કરવા અયોગ્ય છે. અને અંતર-આત્મા યોગ્ય છે. પરમાત્માના પુષ્ટ આલંબનથી દઢ શ્રદ્ધા—વિવેક પામી, પોતેજ પરમાત્મ પદ પામે છે. માટે મોહ માયા નિવારી સુવિવેકથી અંતર આત્મપણું આદરી આત્માર્થી જનોએ પરમાત્મ ધ્યાનનો અધિકાર—યોગ્યતા પામી નિશ્ચળ ચિત્તથી પરમાત્મ પદ પ્રાપ્ત કરવા પ્રયત્ન સેવવો યોગ્ય છે. જન્મ, જરા, અને મૃત્યુરૂપ અનંત દુઃખ—ઉપાધિ મુક્ત સર્વજ્ઞ પરમાત્મા હોય છે. તેમના તન્મય ધ્યાન યોગે કીટ ભ્રમર ન્યાયે અંતર આત્મા પરમાત્મ પદ પામે છે. અનંત જ્ઞાનાદિ અખંડ સહજ સમૃદ્ધિ પામી પરમાનંદ સુખ મગ્ન થઈ રહે છે, તેવા પરમાત્માનું અક્ષય સુખાર્થી આત્માર્થી જનોને સદા શરણ હો ! તેવા પરમાત્માની ભક્તિરૂપ કલ્પવેલી ભવ્ય પ્રાણીઓનાં ભવ દુઃખ દૂર કરી મનવાંછિત પુરો ! પાવન ભવ્ય ચકોરો શુકલ ધ્યાન પામી ભવભવની ભાવઠ ભાંગી સંપૂર્ણ નિરૂપાધિ મોક્ષ સુખ સ્વાધીન કરી, અક્ષય સમાધિમાં લીન થાઓ !!

૬૬ परने आत्म समान लेखवा—સર્વ જીવોમાં જીવત્વ સમાન છે, એમ સમજીને સર્વને આપ સમાન લેખવા,

કેવળ ત્યજીને સમતા સેવી કોઈ જીવને દુઃખ ન થાય, તેમ સતનાથી વર્તવું. કીડીથી કુંજર સર્વે જીવિત—સુખ વાંછે છે. રાજા રંક, સુખી દુઃખી, રોગી નિરોગી, પંડિત મૂર્ખ સર્વે નિર્વિશેષ—સરખી રીતે સુખના અર્થી છે. પ્રમાદ પ્રવર્તન યા સ્વચ્છંદ વર્તનથી કોઈ જીવને સુખમાં અંતરાય કરવાથી તે પ્રમાદી યા સ્વચ્છંદી પ્રાણી બાધક કર્મ બાંધે છે, જેનું કટુક ફળ તેને અશુભ કર્મના ઉદય સમયે અવશ્ય સહવું પડે છે. માટે શાસ્ત્રકારો કહે છે કેઃ—

"બંધ સમય ચિત્ત ચેતિયે. શો ઉદયે સંતાપ."

ઈત્યાદિ બોધ વચનોને લક્ષમાં રાખી, સુખના અર્થી જનોએ સર્વત્ર સમતા રાખીને રહેવું યોગ્ય છે. મૈત્રી, પ્રમોદ, કરુણા, અને મધ્યસ્થ ભાવની પ્રાપ્તી પણ એમજ થઇ શકે છે. જ્યાં સુધી આ મૈત્રી પ્રમુખ ભાવના અનુભવનો પ્રાદુર્ભાવ (ઉદય) થયો નથી ત્યાં સુધી [illegible] સહજ [illegible] નથી.

૬૭ રાગ દ્વેષ કરવા નહિ—રાગ, સ્નેહ, અભિષ્વંગ, વગેરે રાગના પર્યાય શબ્દો છે અને દ્વેષ, મત્સર, ઈર્ષ્યા, અસૂયા, નિન્દાદિ દ્વેષના પર્યાયો છે, સ્ફટિક રત્ન સમાન નિર્મળ આત્મતત્ત્વને [illegible] કેવળ [illegible] દોષો, અજ્ઞાન ઉપાધિરૂપ હોવાથી, વિવેકવંતોએ મનથી પરિહરવા યોગ્ય છે. જ્યાં સુધી આવી ઉપાધિરૂપ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે કે —

રાગદ્વેષ પરિણામયુત, મનહિ અનંત સંસાર,
નિર્મળ રાગાદિક રહિત, જ્ઞાની પરમપદ સાર.

[illegible]]

તથા આ કર્મ કલંક દૂર કરવા, સંક્ષેપથી બાળ જીવોનાં હિત માટે અન્યત્ર પણ કહ્યું છે કે:—

"શુદ્ધ ઉપયોગને સમતા ધારી, જ્ઞાન ધ્યાન મનોહારી;
કર્મ કલંકકું દૂર નિવારી, જીવ વરે શિવ નારી;
આપ સ્વભાવમાંરે અવધુ સદા મગનમાં રહેનાં."

ઇત્યાદિ સ્વસંયમનું જ્ઞાનિનાં વચનોનો ઓસાથી જીવોએ પરમ આદર કરવો ઘટે છે. જેનાથી સર્વ સંસાર ઉપાધિથી સર્વથા મુક્ત થઇ, પરમ પદ વેગે પ્રાપ્ત થઇ શકે. સર્વજ્ઞ ભાષિત સદુપદેશનો એજ સાર છે કે, જેમ બને તેમ કાળજી થી રાગ, દ્વેષ, મોહ, સર્વથા ટાળી નિર્મળ થાવું. રાગ, દ્વેષ, મળ, સર્વથા દૂર થયે આત્માને શુદ્ધ વીતરાગ દશા પ્રાપ્ત થાય છે. તેવી શુદ્ધ વિતરાગ દશા એજ પરમાત્મ અવસ્થા છે. જે દરેક મોક્ષાર્થી સજ્જને રાગ દ્વેષાદિ મલનો સર્વથા પરિહાર કરી—સદ્વિવેકબળે પ્રાપ્ત કરવી યોગ્ય છે. ઉક્ત સર્વજ્ઞ—ઉપદેશ રહસ્યને સમજી, જે મહાભાગ્ય, રૂચિ—પ્રતિથી સ્વ હૃદયમાં ધારશે, તે સુવિવેકી સજ્જનની સમીપે શિવ સુખ લક્ષ્મી સ્વેચ્છાથી આવી રમશે. ઇતિ શમ.

શ્રી સર્વજ્ઞ પ્રણીત સ્યાદ્વાદ શૈલીને અનુસરીને પૂર્વ આચાર્ય પ્રસારી કૃત પ્રમાણાદિ ગ્રંથોના આધારે આત્માર્થી ભવ્યોના હિત અર્થે, જે કાંઇ સ્વરૂપ - સ્વમતિ અનુસારે અત્રે કહેવામાં આવ્યું છે, તેમાં મતિ મંદતાદિ દોષોથી ઉત્સૂત્ર—વિરૂદ્ધ—ભાષણ થયું હોય તે સહૃદય—હૃદયો સુધારી, જેમ જગત્ જયવંતા જૈન શાસનની શોભા વધે, જેમ અનાદિ અવિવેક દૂર થાય, અને સદ્વિવેક જાગે, જેમ દુરંત દુઃખદાયી શ્રી સર્વજ્ઞ રચિત સર્વાનિનું સદ્ ભાવથી સેવન થાય, જેમ સમ્યગ્ જ્ઞાન પ્રકાશથી વ્યવહાર શુદ્ધ થાય, જેમ લોક વિરૂદ્ધ ત્યાગથી શુદ્ધ દેવ, ગુરૂ, અને ધર્મનું રૂડી રીતે આરાધન કરી. અંતે અક્ષય સુખ સંપ્રાપ્ત થાય, તેમ વર્તવા સજ્જનો પ્રતિ

प्रमाद पञ्चक परिहार.

" नास्ति प्रमाद परो वैरी "

પ્રમાદ જેવો કોઇ પણ કોઈ દુશ્મન નથી.

" नास्त्युद्यमसमो बन्धु. "

સદ્દ્યમ સમાન કોઇ સાથી બન્ધુ નથી.

પાંચે પ્રમાદોનાં શાસ્ત્રોક્ત નામ.

मज्जं विसय कसाया, निद्दा विगहाय पंचमी भणिया.
एए पञ्च पमाया जीवं पाडंति संसारे.

(संबोध सित्तरी)

१ મદ્ય [ઉન્માદ] ૨ પંચેંદ્રિય વિષય ગૃદ્ધતા, ૩ ક્રોધાદિ ચાર કષાય, ૪ નિદ્રા પંચક (નિદ્રા, નિદ્રા નિદ્રા, પ્રચલા, પ્રચલા પ્રચલા, અને સ્ત્યાનર્ધી) તથા ૫ વિકથા ચતુષ્ક (રાજ કથા, દેશ કથા, સ્ત્રી કથા, અને ભક્ત કથા) એ પાંચે પ્રકારના પ્રમાદ જીવ માત્રને સંસાર ચક્રમાં નિશ્ચયે ભમાવે છે. માટે જગદ્ગુરૂ શ્રી જીનરાજ પૂર્વોક્ત પંચ પ્રમાદને પરિહરવા ઉપદેશે છે.

મદ (ઉન્માદ) નો ત્યાગ કરી નિર્મદતા, વિષય વિમુખ થઈ નિર્વિષયતા, ક્રોધાદિ કષાયનો તાપ વારી—શાંત કરી નિ-ષ્કષાયતા, નિદ્રાનો જય કરી નિસ્તંદ્રતા, અને વિકથા—આડ-કથા—વિષમ (વિરૂદ્ધ) કથાને સર્વથા તજી સત્ કથા-ધર્મ કથા—સંત ઉપદેશ શ્રવણ મનન પાલન દ્વારા, સ્વાત્મ હિત સાધવા ઉદ્યુક્ત રહેવા પરોપકાર પરાયણ, શ્રી વીતરાગ પ્રભુ આપણને વારંવાર બોધે છે. એવો ઉત્તમ બોધ શ્રી સદ્ગુરૂની વિનય પૂર્વક સેવા કરનાર ભવ્ય સત્વને શ્રી સર્વજ્ઞ કથિત શાસ્ત્ર

દ્વારા મળી શકે છે. પ્રમાદ શત્રુનું જોર એવું તો પ્રબળ છે કે, તેને વશ પડેલો પ્રાણી, એકાએક તેવો હિત બોધજ પામી શકતો નથી, તો પોતાનું હિત તો શી રીતે સાધીજ શકે ? આવા વિષમ સંયોગોમાં સંત સમાગમ મળવો મહા મુશ્કેલ છે. સંત સમાગમ દ્વારા પ્રાપ્ત થયેલા સદુપદેશ—સુધાથી પ્રમાદ વિષ ટળે છે—ઓછું થતું જાય છે. યાવત્ અનુક્રમે સદુદ્યમ—સહોદરની સહાયથી અપ્રમાદ શિખરે ચડી શકાય છે. જ્યાંથી સિદ્ધિ—સૌધ (મોક્ષ—મહેલ) સમીપજ—સન્મુખ દેખાય છે એવી અપ્રમત્તતા કોને ભવ્ય ચકોરને અપ્રિય હોય? છતાં ભવ્ય સત્વને પણ સત્સમાગમની અપેક્ષા રહે છે. સત્સમાગમનો યથાર્થ લાભ બાધકભૂત પંચ પ્રમાદના પરવશપણાથી લહી શકાતોજ નથી, તેથી જેમ પ્રમાદ પંકથી પ્રાણી વર્ગ મુક્ત થઇ, સર્વજ્ઞ ધર્મ આરાધવા શક્તિવાન્ થાય, તેમ સમયને અનુસરી સંત સુસાધુ જનોએ પરમાર્થ દ્રષ્ટિથી ઉપદેશ કર્યો છે, તે લક્ષમાં [illegible] યથાવિધિ [illegible] મહાત્મા જનો સ્વઇષ્ટ [illegible] પરવશ પડી સ્વ- [illegible] નવાદિ દુર્લભ [illegible] દુઃખી થાય છે. [illegible] તેમને અવશ્ય ચાખ- [illegible] ચિત્તાની સ્વ [illegible] ન આવે. તો [illegible]

પ્રમાદ શબ્દનો ટુંકાણમાં અર્થ.

[illegible] સ્વ (આત્મા)+અ [illegible] તેમજ જેનાથી [illegible] નો આદર કરવો, [illegible] કુપિત થવું, નિદ્રા

બહુજ કરવી, તથા સ્વાર્થ બાધક વિકથામાંજ વખત રોકયો, વિગેરે અકાર્ય કરવામાં ઉધુક્ત રહેવું, અને ઉચિત કાર્યમાં ઘટતું લક્ષ ન દેવું; યાવત્ સુવિહિત સેવિત સન્માર્ગ ત્યજી—લોપી સ્વચ્છંદે ઉન્માર્ગજ ગ્રહવો તે પ્રમાદ છે.

૧ મધ સુરાપાન કે ઉપલક્ષણથી ગમે તે માદક વસ્તુના સેવનથી પોતાની કે પોતાના કર્તવ્ય—ધર્મ સંબંધી ભાન ભૂલી બેભાન (ગાંડા, દિવાના, નિરોળા) બનવું, યાવત્ ઉન્મત્ત થઈ, અહિત અનુચિત પ્રવૃત્તિથી સ્વાર્થ વિનાશક ખોટા માર્ગ નોજ આદર કરવો, અને તેમ કરીનેજ સંતોષ માનવો;આવી ઉન્મત્તાઈનું નામ મધ કહેવાય. આવો ઉન્માદજ પ્રાણીને ભવોભવ ભટકાવે છે. ઈંગ્રીશમાં તેને Intoxication કહે છે. જેનાથી પ્રાણી મત્ત અને બેહાલ થાય છે. એવાં માઠાં પરિણામ જેનાથી આવે, તેવાં કારણોજ સેવવાં યોગ્ય નથી. કોઇ પણ અધિકાર, લક્ષ્મી કે જ્ઞાનના મદમાં પણ મૂઢ માણસો દાટ વાળે છે—મહા જુલમ કરે છે. એક પણ ખોટું આચરણ—અપલક્ષણ સેવતાં મૂઢ, લાખો અપલક્ષણો શીખે છે. જેથી પરિણામ સ્વ—પરની પાયમાલી કરી, તે મૂઢાત્મા અધોગતિ પામે છે. એવા અપલક્ષણથી નિવર્તવા અધ્યાત્મ વિત્ ચિદાનંદજી મહારાજ ફરમાવે છે કે:—

રાગ ભેરવ.

વિરથા જન્મ ગુમાયો,
મૂરખ વિરથા જન્મ ગુમાયો,
રંચક[1] સુખ રસ વશ હોય,
ચેતન અપનો મૂલ નસાયો;
પાંચ મિથ્યાત્વ ધારત અજહું,[2]
સાચ ભેદ નવિ પાયો. મૂરખ. ૧

---

૧ લેશમાત્ર. ૨ અદ્યાપી (આજસુધી).

નયન સર્યે હૈ સહાયરે. વિષય. ૫
શ્રોત્રેંદ્રિય આસક્ત મિરગલા,
છિનમેં શિશ કટાવેરે;
એક એક આસક્ત જીવ એમ,
નાના વિધ દુઃખ પાવેરે. વિષય. ૬
પંચ પ્રબળ વર્તે જાકું,
તાકું કહા જ્યું કહીએરે,
ચિદાનંદ એ વચન સુણીને,
નિજ સ્વભાવમાં રહીએરે વિષય. ૭

સર્વજ્ઞ પ્રભુ વિષયને વિષ સમાન, કે કિંપાકનાં ફળ જેવા [illegible] કે શુકરની પેરે, વિષયમાં રક્ત થનારને, કષ્ટ માત્ર [illegible] જેવા વિવેકી જનો, વિષય વાસનાઓ [illegible] સુખી થાય છે વીતરાગ દશા સાધવા [illegible] પુરૂષોએ આ મનુષ્ય [illegible] સાખેલો કહે [illegible] શ્રી સર્વજ્ઞ [illegible]

રાગ [illegible]

પૂરવ પુન્ય [illegible]
[illegible] પૂરવ
દીન [illegible] દયાનિધિ
દુર્લભ [illegible]
દશ દ્રષ્ટાંતે દોહીલો નરભવ
ઉત્તરાધ્યયને ભાખ્યો રે પૂરવ ૧

[illegible]

અવસર પાય વિષય રસ રાચત;
તે તો મૂઢ કહાયારે.
કાગ ઉડાવત કાજ વિપ્ર જયમ,
ડાર મણિ પછતાયારે. પૂરવ. ૨
નદી ઘોળ પાખાણ ન્યાયકર,
અર્દ્ધ[1] વાટ તો આયારે;
અર્ધ સુગમ આગળ રહી તિનકું,
જિન કછુ મોહ ઘટાયારે. પૂરવ. ૩
ચેતન ચાર ગતિમેં નિશ્ચય,
મોક્ષ દ્વાર એ કાયારે;
કરત કામના[2] સુર પણ યાકી,
જીનકું અનર્ગલ માયારે. પૂરવ. ૪
રોહણ ગિરિ જિમ રતન ખાણ તિમ,
ગુણ સહુ યામેં સમાયારે;
મહિમા મુખથી વરણત યાકી,
સુરપતિ મન શંકાયારે. પૂરવ. ૫
કલ્પ વૃક્ષ સમ સંયમ કેરી,
અતિ શીતળ જિહાં છાયારે;
ચરણ કરણ[3] ગુણ ધરણ મહા મુનિ,
મધુકર મન લોભાયારે. પૂરવ. ૬
યા તન[4] વિણ તિહું કાલ કહો કિન;
સાચા સુખ નીપજાયારે;
અવસર પાય ન ચુક ચિદાનંદ,
સદગુરૂ યું દરસાયારે. પૂરવ. ૭

આ મહાશયનાં વચનામૃત શ્રવણ કરી, વિષય વિમુખ

---

૧ સાતરાજ લોક, ૨ ઇચ્છા, ૩ મૂળ ગુણ અને ઉત્તર ગુણ યાં ચરણ સિત્તરી, અને કરણ સિત્તરી, ૪ માનવદેહ.

[illegible]

[illegible]

પરમશાંતિ પ્રસરી, સર્વ ઉપાધિ ટળી, જન્મ મરણનું બંધ ગયો, અને પરમાનંદરૂપ સહજ શુદ્ધ આત્મ સુખ પ્રગટ થયું. જેનો સાક્ષાત્ અનુભવ શ્રી વીતરાગ કેવળી કે સિદ્ધ ભગવાનનેજ હોઇ શકે, બીજા ઐહિક સુખના અર્થી જનોને હોઇ શકે નહિ.

ક્રોધ કષાયને ટાળવા શ્રી યશોવિજયજી મહારાજ ઉપદેશે છે કેઃ—

૧ ક્ષમા સાર ચંદન રસે, સિંચો ચિત્ત પવિત્ત.
દયા વેલ મંડપ તળે, રહો લહો સુખ મિત્ત;
૨ દેત ખેદ રહિત ક્ષમા, ખેદ રહિત સુખરાજ,
તામેં નહિ અચરીજ કછું, કારણ સરીખો કાજ.

क्षमा खड्गं करे यस्य, दुर्जनः किं करिष्यति
अतृणे पतितो वन्हिः स्वयमेवोप शाम्यति.

માનમહીધરને છેદવા શ્રીમદ્ ઉપાધ્યાયજી બતાવે છે કેઃ—

૧ માન મહીધર[1] છેદ તું, કર મૃદુતા પવિધાત,[2]
જ્યું સુખ મારગ સરલતા, હોંવે ચિત્ત વિખ્યાત.
૨ મૃદુતા કોમળ કમળથેં,[3] વજ્ર સાર અહંકાર,
છેદત હે એક પલકમેં, અચરિજ એહ અપાર.
૩ અંકાર પરમેં ધરત, ન લહે નિજ ગુણ ગંધ,
અહં જ્ઞાન નિજ ગુણ લગે, છુટે પરહિ[4] સંબંધ.

માયા શલ્ય તજવા વાચક મુખ્ય જણાવે છે કેઃ—

૧ માયા સાપિણી જગડસે, ગ્રસે સકળ નથે સાર,
સમરો ઋજુતા જાંગુલી, પાઠ સિદ્ધ નિરધાર.

લોભ મહા દોષ નિવારવાને મહોપાધ્યાયજી કહે છે કેઃ—

૧ આગર[5] સબહી દોષકો, ગુણ ધનકો બડચોર,

૧ પર્વત. ૨ વજ્રનો ઘા. ૩ નમ્રતા કમળ કરતાં પણ કોમળ છે. ૪ પરવસ્તુ સાથેનો. ૫ મહાસ્થાન.

મનુષ્ય મદોન્મત્ત હોઈ, જાણતાં છતાં અવશ્ય અહિતનુંજ પોષણ કરે છે. માટે મોક્ષાર્થી સજ્જનોએ જેમ બને તેમ નિદ્રાનો જય કરી, તેણીને નિયમમાં રાખીને સ્વ—પર હિત કાળજીથી સાધી લઈ આ અમૂલ્ય માનવ ભવ સફળ કરવો. તથાસ્તુ.

વિકથા ચતુષ્ક.

યદ્યપિ મુખ્યપણે રાજ કથા, સ્ત્રી કથા, અને ભક્ત કથા જ વિકથારૂપ ગણાય છે. કેમકે મુગ્ધ જીવોને પ્રાયઃ તેવીજ બાબતો વિશેષે પ્રિયહોઈ મુંઝવેછે, છતાં શુદ્ધ સાધ્ય દૃષ્ટિ વિના જે જે જેટલી જેટલી શુદ્ધ સાધ્યને મૂકી સ્વચ્છંદે—શાસ્ત્ર મર્યાદા જાણ્યા કે આદર્યા વિના—વાતો કરે છે, તે તે સર્વે તેટલે તેટલે અંશે વિકથારૂપજ ગણાય છે. આટલા માટેજ ભવ ભીરૂ ગીતાર્થજ શાસ્ત્ર ઉપદેશ દેવા લાયક ગણાય છે. યદ્યપિ ધર્મ કથા (ધર્મ—ઉપદેશ) ઉત્તમજ છે, તોપણ ઉત્તમ ચિકિત્સક (ધન્વંતરી) જેમ દરેક રોગીનાં રોગનાં ચિન્હ—લક્ષણ—નિદાન તપાસી ગંભીરતાથી તેને ઉચિત ઔષધ માત્ર પથ્ય સાથે બતાવે છે. તેમ ભિન્ન ભિન્ન રૂચિ ભવ્ય જીવોના ભવ રોગ યા કર્મ રોગ હણવા ભવભીરૂ ગીતાર્થ (સૂત્રાર્થ ઉભય પારંગત) જ સમર્થ ગણાય છે. તેવા સમર્થ ભાવ વૈદ્ય ભવ્ય જીવોના ભાવ રોગનું કારણ ગંભીરતાથી વિચારી, તેમના ભાવ રોગને જડમૂળથી કાઢવાનીજ બુદ્ધિથી પ્રેરાઈજે જે શાસ્ત્ર ઉપાયોથી તેમની આંતર શુદ્ધિ થઈ શકે તેમ હોય, તે તે બનતાં સુધી સાદા અને સરલ ઉપાયોથી પ્રથમજ આંતર મળરૂપી મલીન વાસના ધોઈ કરી, પાછી પ્રત્યેક ભવ્ય સત્વની શક્તિના પ્રમાણમાં તેને ધર્મ - રસાયણ આપે છે. જેનું અત્યંત પ્રીતિ પુર્વક પાન કરનાર ભવ્યો અંતે (પરિણામે) અજરામર સુખ સંપ્રાપ્ત કરી શકે છે, અને સર્વ આધિ, વ્યાધિ ઉપાધિથી મુક્ત થઈ નિરૂપાધિક શિવ શર્મ વરે છે તથાસ્તુ

જગ માયા એમ જુઠી મોહિ. સમજ. ૭
કાલ કાલ તું ક્યા કરે મુરખ,
નાહિ ભરૂંસા પલ એક ઘરિ. જગ.
ગાફીલ છીનભર નાહિ રહો તુમ,
શિરપર ઘુમે તેરે કાલ અરિ. જગ.
ચિદાનંદ એ બાત હમારી પ્યારે.
જાણો મિત્ત મન માંહે ખરી. જરી.

પદ ૪ થું.

રાગ કેરબો.

ચિત્તમેં ધરો પ્યારે,
ચિતમેં ધરો એતી શીખ હમારી પ્યારે. ચિત્ત.
થોડાસા જીવન[1] કાજ અરે નર.
કાહેકું છળ પ્રપંચ કરો. ચિત૦ ૧
કુડ કપટ પરદ્રોહ કરત તુમ,
અરે પર ભવથી કાં ન ડરો. ચિત૦ ૨
ચિદાનંદ એ નહિ માનો તો.
જનમ મરણ ભવ દુઃખમે પરો. ચિત૦ ૩

પદ ૫ મું.

રાગ બિહાગ.

તજ મન કુમતા કુટિલકો સંગ. તજ૦
યાકે સંગ કુબુદ્ધિ ઉપજત હે.
પરત ભજનમાં ભંગ. તજ૦ ૧

૧. આયુષ્ય.

નાલી દીયે ખડખડ હસે.
ત્યાંથી સુરત ગગરિયાં માંયરે. ઐસે૦ ૨
નટુવા નાચે ચોકમાંરે.
લોક કરે લાખ્ખ સોર.
વાંસ ગ્રાહી વરને ચડે.
વાકો ચિત્ત ન ચલે કહું ઠોર. ઐસે૦ ૩
જુઆરી મનમે જુઆરે.
કામી કે મન કામ,
આનંદઘન પ્રભુ યું કહે.
નમે લીયો પ્રભુકે નામરે. ઐસે૦ ૪

પદ ૭ મું.
રાગ આશાવરી.

આશા ઔરનકી કયા કીજે,
જ્ઞાન સુધારસ પીજે. આશા—ટેક
ભટકત દ્વાર દ્વાર લોકનકે.
કુકર[1] આશા ધારી;
આતમ અનુભવ રસકે રસીયા.
ઉતરે ન કબહું ખુમારી[2]. આશા૦ ૧
આશા દાસીકે જે જાયા,
તે જન જગકે દાસા;
આશા દાસી કરે જે નાયક,
લાયક અનુભવ પ્યાસા. આશા૦ ૨
મનસા પ્યાલા પ્રેમ મસાલા,
બ્રહ્મઅગ્નિ પરજલી;

૧. કુતરો. ૨. અસર, નીસો.

સંગતિ સાધુ નિરંતર પાવું.
આનંદઘન મહારાજજી. સાધુ૦ ૪

પદ ૯ મું.

પાંચો ઘોડા[1] એક રથ જુત્તા[2].
સાહિબ[3] ઇનકા ભિંતર[4] સુતા[5]. પાંચે—ટેક
ખેડુ ઉસકા મદ મનવારા.
ઘોડેકું દોરાવનહારા. પાંચો૦ ૧
ઘોરે જુડે ઓર ઓર ચાહે,
રથકું ફિરિ ફિરિ ઉવટવાહે;
વિષમ પંથ ચિહું ઓર અંધયારા,
તોભિ ન જાગે સાહિબ પ્યારા. પાંચો૦ ૨
ખેડુ રથકું દૂર દોરાવે,
બેખબર સાહિબ દુઃખ પાવે;
રથ જંગલમાં જાય અસૂઝે.
સાહિબ સોયા કછુ અન બૂઝે. પાંચો૦ ૩
ચોર ઠગોરે ઉહાં મિલિ આયે,
દોનુકું મદ પ્યાલા પાએ;
રથ જંગલમેં જીરણુ કીના,
માલ ધનીકા ઉદાલી લીના. પાંચો૦ ૪
ધની જાગ્યા તબ ખેડુ બાંધ્યા.
રાસી પરોના લે સિર સાંધ્યા;

૧. ઇંદ્રિયરૂપ ઘોડા. ૨. દેહરૂપ રથમાં જોડ્યા. ૩. આત્મા ૪. દેહમાં. ૫. પ્રમાદશીલ થયા.

અવધૂ રામ રામ જગ ગાવે.
વિરલા અલખ્ખ લખાવે,
અવધૂ રામ રામ જગ ગાવે.
મતવાલા તો મતમાં માતા,
મઠવાલા મઠ રાતા;
જટા જટાધર પટા પટાધર.
છતા છતાધર તાતા. અવ૦ ૧
આગમ પઢી આગમ ધર થાકે;
માયા ધારી છાકે;
દુનિયાદાર દુનીસેં લાગે.
દાસા સબ આશાકે. અવ૦ ૨
બહિરાતમ[1] મૂઢા જગ જેતા[2].
માયાકે ફંદ રહેતા;
ઘટ અંતર પરમાતમ ભાવે,
દુર્લભ પાણી નેતા[3]. અવ૦ ૩
ખગ પદ[4] ગગન મીન પદ[5] જલમેં.
જો ખોજે સો બોરા;
ચિત્ત પંકજ[6] ખોજે સો ચિન્હે,
રમતા આનંદ ભોરા. અવ૦ ૪

પદ ૧૨ મું.
આશાવરી

વા પદવી કબ પાવું,
દીનાનાથ વા પદવી કબ પાવું. વા—ટેક.

૧. આત્મદ્રષ્ટિ. ૨. જેટલા. ૩ તેટલા. ૪ પંખીની ચાલ. ૫ માછલાંની ચાલ. ૬ ગાંઠે. ૭ કમળ.

श्री जैन श्वेतांबर वर्गना पूज्य मुनिराजो तथा विवेकी श्रावको प्रति अति अगत्यनी सूचनाओ.

પ્રિય ભાઈઓ !

આપ લાંબા અનુભવથી જાણો છો કે, કુસંપથી આ પણી ભારે અવનતિ (ખુવારી) થવા પામી છે. પૂર્વે જ્યારે શ્રાવક લોકો સુસંપવડે ઘણા વ્યાપાર રોજગારાદિ ન્યાય નીતિથી કરીને અનર્ગલ લક્ષ્મી ઉપાર્જી, તિર્થ યાત્રા સદ્ગુરૂ ભક્તિ, તથા સંઘ સાધર્મી ભાઈઓની યોગ્ય સેવા કરી, પવિત્ર શાસનને અલંકૃત—ઉદ્યોત કરી ન્યાયોપાર્જીત લક્ષ્મીનો લ્હાવો લઇ સ્વજન્મ સાર્થક કરતા. ત્યારે અધુના કુસંપે કરી ધંધા રોજગારથી, પૈસા ટકાથી, ન્યાય નીતિથી તેમજ ઇજ્જત આબરૂથી શ્રાવક ભાઈઓ બહુધા કમજોર થયા દીસે છે. આવી ભારે અવદશાનું મૂળ કારણ શોધી કાઢવું ખાસ જરૂરનું છે. જ્યાં સુધી કાળમુખ કુસંપને પરિહરી સુસંપ વધારવામાં નહિ આવે, અને એક બીજાની ઉન્નતિ દ્વારા શાસનની ઉન્નતિ કરવા ઉદારતાથી યોગ્ય પગલાં ભરવામાં નહિ આવે, ત્યાં સુધી જૈનોની સ્થીતિ સુધરવાની આશા રાખવી વ્યર્થ છે. આજ કાલ કુસંપ તથા અવિવેકના જોરથી એકલપેટાપણું—સ્વાર્થ (Selfishness) અને બેપરવાઇ (Indifference) આ બે મોટા દોષોએ શ્રીમંતોના પણ દીલમાં વાસ કર્યો છે. આનું પરિણામ એ આવ્યું છે કે, તેઓ પોતાના સગા ભાઈઓ કે સાધર્મી ભાઈઓને દુઃખી સ્થીતિમાં પ્રત્યક્ષ દેખતા છતાં પરોપકાર બુદ્ધિથી તેમનો ઉદ્ધાર કરવા વિચાર સરખો પણ કરી શકતા નથી.

આમ એક દ્રવ્યવાન જૈન તરીકેની [illegible] યોગ્ય પોતાની [illegible] ફરજથી જ્યારે તેઓ તદ્દન વિમુખ રહે છે, અર્થાત્ દુઃખી ભાઈઓની કાંઈ પણ દાઝ હૃદયમાં ધરતા નથી, [illegible] કે અન્ય દ્રવ્ય હીન દુઃખી [illegible] પ્રતિ [illegible]ના અભાવજ પ્રદર્શિત કરે! આમ [illegible] કુસંપ પણ વૃદ્ધિ [illegible]જ જાય છે [illegible] દિન પ્રતિદિન વધતા જતા [illegible] આમને પોતાનું [illegible] ભગીરથ પ્રયત્ન [illegible] ખાલીજ હાથે [illegible] મોહ તજી [illegible] વિચાર કરશો નહિ, [illegible] પ્રીતિ કરી

કાળ સમ્યો તોએ હજી તેનો અંત ન આવ્યો, માટે નિશ્ચયે માનવું ઘટે છે કે, શાસ્ત્રાજ્ઞા મુજબ પરમાર્થ બુદ્ધિથી સમયાદિ ઉચિતજ કાર્ય કરવામાં ખરૂં હિત સમાયેલું છે. આથી વિ-રૂદ્ધ વર્તનાર સર્વ કોઇ આપદાના ભાગી થાય છે. માટે આપણે આપણું ખરૂં હિત ચિન્તવવું એજ આપણું ખાસ કર્તવ્ય છે. જ્ઞાની પુરૂષો તો પરમાર્થ વૃત્તિથી સવળોજ માર્ગ બતાવે છે. છતાં આપણે આપ મતિથી અવળા થઇને તેમની આજ્ઞાનું ઉલ્લંઘન કરીએ છીએ, તો તેમાં આપણા નસીબનોજ દોષ છે.

૨ આપ સર્વે જાણો છો કે, આપણા સર્વમાં કાળમુખ કુસંપે કાળો કેર વર્તાવ્યો છે, તેને નિર્મૂળ કરવાને અગ્રણી (નાયક) જનોએ અવશ્ય તત્પર થવું ઘટે છે. નહિ તો તે તેના અતીવ દુષ્ટ વિપાક દેખાડવામાં બાકી રાખશે નહિ. "પાણી પહેલાં પાળ બાંધવી" એ દીર્ઘ દષ્ટિ—સમયજ્ઞની ખાસ નીતિ છે, તો હવે વધારે ઢીલ કર્યા વિના અવશ્ય જાગૃત થવાની જરૂર છે, નહિ તો આગળ ઉપર વધારે પસ્તાવું પડશે.

૩ આપણામાં વિવેકની મોટી ખામી દષ્ટિગત થાય છે, તે હવે અવશ્ય સુધારી લેવી ઘટે છે. અવિવેકથી આપણે અ-ન્યના સુગુણોને પણ ગ્રહી શકતા નથી. અરે ! આપણે તેની પુષ્ટિ કરવી ભૂલી જઈ વિવેકની મોટી ખામીથી ઉલટા તેની નિન્દા પણ કરવા મંડી પડીએ છીએ, માટે જે વીતરાગ વચનાનુસારે સત્ય છે, તેને સાચા દીલથી સત્ય તરીકે અવ-ધારતાં અને આદરતાં આપણે અવશ્ય શીખવું જોઇએ છીએ.

૪ વીતરાગ વચનાનુસારે ખરૂં શું છે, યા શું હોઇ શકે, તે જાણવા માટે શ્રી હરિભદ્રસુરી, શ્રી હેમચંદ્રસુરી, તથા શ્રીમદ્ યશોવિજયજી પ્રમુખ ધર્મ ધુરંધર પુરૂષોએ સર્વજ્ઞ વચનાનુસાર રચિત પ્રમાણિક ગ્રંથોનું બારીકાઇથી

સાધ્વીઓ] તથા શ્રાવકો અને શ્રાવિકાઓ, સમય વિચારી સ્વસ્વ હિત સાધવા ઉત્કંઠિત રહે તો આશા છે કે, અવશ્ય વહેલો મોડો પણ આપણામાં કાંઈ સુધારો થઈ શકે ખરો. ખરૂં સત્ય જો સમજાય તો મનુષ્યના અલ્પ આયુષમાં આત્મ સાધન કરી લેવું, તે કુંટામાંથી રત્ન કાઢી લેવા જેવું છે. કાળજીવાળાને તે કાઢવું સહેલું છે, અને આળસુદાસને તો તે મહા દોહિલું છે. પોતાની અનાદિની ભૂલો યથાર્થ જાણવા સમ્યગ્ જ્ઞાનની જરૂર છે. સમ્યગ્ જ્ઞાનના પ્રકાશે કરી—વિવેકવડે ક્ષણિક અને અશુચીમય આ જડ દેહુપરની મમતા ત્યજી, સ્વકર્તવ્ય કરવા લગાર પણ પાછી પાની કરવી યોગ્ય નથી, એમ વિચારીને કે, देहे दुःखं महा फलं અર્થાત્ સમજીને સમતા પૂર્વક ધર્મ કરણી કરતાં દેહમાં કાંઇક થતું દુઃખ સહેવું મહા ફળદાયી છે. શાથી જે સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ક્રિયાના બળે સંસાર સમુદ્ર તરવો સુલભ થઈ જાય છે, તેમજ તેજ જ્ઞાન અને ક્રિયાના વિરહે ચઉગતિ સંસારમાં અનેકશઃ ભ્રમણજ કરવું પડે છે. માટે પ્રથમ તો સમ્યગ્ વસ્તુ તત્વ જાણવાની, અને તેમ કરી વિવેકવડે તદ્દત્ આચરણ કરવાની ખાસ જરૂર છે. તે બેમાં એકની પણ ઉપેક્ષા કરવી દુઃખદાયી છે, તો બન્નેમાં બેપરવા ધારનાર મુગ્ધાત્મ બુદ્ધિનું તો કહેવુંજ શું ? જેમ મંત્રનો જ્ઞાની મંત્રનો સમ્યગ્ પ્રયોગ કરી વિષધરના પણ વિષને કાઢી શકે છે તેમજ વિવેકી જનો સમ્યગ્ જ્ઞાન અને ક્રિયાના બળે કરી કર્મ વિષધરનું પણ વિષ દૂર કરી શકે છે. પરંતુ એકલા જ્ઞાન કે, એકલી ક્રિયા માત્રથી તે થઇ શકવાનું નહિ. માટે પ્રથમ સન્માર્ગનું બરાબર ભાન કરી, સ્વ ચતુભૂત પ્રમાદને પરિહરી, પૂર્ણ પ્રેમથી મોક્ષાર્થે ઉભયનું સેવન કરવા ભૂલવું નહિ, એમ સમજીને કે "महाजनो येन गतःस पन्थाः" શિષ્ટ—સુવિહિત પુરૂષોએ જે માર્ગ આદર્યો છે, તેજ માર્ગ કલ્યાણકારી છે.

૭ આવાં અતિ બારીક સમયે પણ શ્રીમંતોથી માંડી ગરીબ લોકોવડે કેટલાક નકામાં ઉડાઉ ખર્ચ કરવામાં આવે છે, તેપર શ્રી સંઘ કે જ્ઞાતિના આગેવાનોએ ખાશ અંકુશ મુકવાની આવશ્યકતા છે. આવો ઉડાઉ ખર્ચ કરવા કોઇએ આગ્રહ કરવો ન જોઇએ. મુનિરાજોએ પણ આવા નકામા ખર્ચને બદલે જૈનોનું શ્રેય થાય, તેવો સુલભ રસ્તો તેઓને હેતુ—યુક્તિથી બતાવવો જોઇએ, દ્રષ્ટાંત તરિકે સાત ક્ષેત્રોમાંથી સીદાતા ક્ષેત્રમાં વિશેષે વિવેક પૂર્વક વાપરવા ઉપદેશ દેવો જોઇએ. જો એક મતથી શાસનની શોભા વધે એવાં પગલાં દરેક સ્થળે ભરવામાં આવે તો જરૂર થોડા વખતમાંજ એક સારો અગત્યનો ફેરફાર થઈ શકે. પરંતુ યાદ રાખવું જોઈએ કે, આ સર્વ, વિવેકની મોટી ખામી દૂર કરવાથીજ, સિદ્ધ થઇ શકે. અન્યથા તો તે આકાશ પુષ્પવત અસંભવિતજ સમજવું. અરે ! લાભ તોટાને પણ સમ્યક્ નહિ વિચારનારા ખરા વણિકોજ ન કહેવાય, તો સાચા જૈન, વીર સર્વજ્ઞ પુત્રો તો કહેવાયજ શાના ? એક સ્વચ્છંદપણે ચાલવારૂપ અવિવેકજ દૂર કરી શકાય, અને પરમ પવિત્ર પરમાત્માના આગમ અનુસારે નિઃશંકપણે પૂર્ણ શ્રદ્ધા અને પ્રેમથી વર્તવામાં આવે તો આખા જૈન શાસનમાં નિત્ય દીવાળી થઈ રહે. અહો ! આવો શુભ સમય આવેલો આપણે સાક્ષાત્ ક્યારે જોઇ શકશું ? આપણે થોડું બોલી વધારે સારૂં કરતં ક્યારે શીખીશું ? આપણામાં ઘુશી રહેલી મલીન વૃત્તિઓનો ક્યારે અંત આવશે ? તેમજ પ્રસન્ન ચિત્તથી આપણી ફરજો સમજી અદા કરવા આપણે ક્યારે ભાગ્યશાળી થઈશું ? એક બીજા તરફ મીઠી નજરથી જોઈ ગુણ ગ્રહણ કરતાં ક્યારે શીખીશું ? અને તેવા કાયમના શુભ અભ્યાસથી દોષ દ્રષ્ટીને સમુળગી ક્યારે દૂર કરી શકીશું ?

૮ આપણા શ્રાવક લોકોમાં અવસાન વખતે ધર્માદા કહેવાની રીતિ ચાલે છે, તે મુજબ ધર્માદા કર્યો બાદ તરતજ —

રંતુ જે નવી થતી પ્રજા—જૈન બાળકોને તથા યુવક વર્ગને સારું ધર્મ શિક્ષણ—નીતિ, ન્યાય, સત્ય, પ્રમાણિકતા સંબંધી સારી તાલીમ આપવામાં આવે તો, થોડી મહેનતે સારો સુધારો અલ્પ સમયમાંજ થવા સંભવ છે; માટે દરેક સ્થળે વિચરતા સાધુ—મુનિરાજો તેમજ સારા કેળવાએલા વિદ્વાન શ્રાવકો આ સંબંધી પોતાની ખાસ ફરજો વિચારી, લોઇએ તેવો સારો પ્રયત્ન કરે તો જરૂર કાંઈ પણ સારો સુધારો થયા વિના રહે નહિ. જો કે વર્તમાન કાળે કેટલાક જૈન યુવકો લેખો લખી ઉચ્ચ આશયથી જૈનોની આધુનિક સ્થીતિ સુધારવા કંઇક પ્રયાસ કરતા દીસે છે, અને તેમ કરતાં તેમનો પ્રયત્ન સર્વથા નિષ્ફળ થતો હોય, એમ કહી શકાય તેમ નથી. તોપણ એટલું તો કહી શકાય તેમ છે કે, આજ કાલ વિદ્વાન મુનિરાજો કે શ્રાવકો, મોટી ઉમ્મરના જૈન ભાઈઓ અને બહેનોને લેખો લખી યા વ્યાખ્યાનો આપી બોધ કરવા જેટલો શ્રમ લે છે, તેટલોજ શ્રમ જો સંપૂર્ણ ખંતથી કોમળ વયનાં જૈન બાળકોના કોમળ મગજમાં પવિત્ર જૈન તત્વોનું રહસ્ય બહુજ સરલ—સાદી ભાષામાં સમજાવવા, તેમના દિલમાં બરાબર ઉતરે, હૃદયંગમ થાય તેમ અસરકારક પ્રબોધવા, સમય ઉચિત વિચારે તો આજ કાલ કોશના કોશ ભરી ઉપદેશ જળ જેમની હૃદય ભૂમીમાં ઉતરવું મુસ્કેલ છે, તેવા અશિક્ષિત યાવત્ શુષ્ક પ્રાય જનોને સિંચવામાં આવતાં છતાં દીર્ઘ સમય વ્યતીત થયે પણ જે સારો લાભ મળી શકતો નથી, તે કરતાં ઘણો અને ઉત્તમ લાભ અલ્પ સમયમાં બાળ વયના કુમળા છોડવાને વિવેક જળ સિંચવાથી અવશ્ય મળવા મોટી આશા બંધાય છે. આજ કાલના યુવાનો તથા વૃદ્ધોને રસ્તે આવવા જાગ્રત કરવાનો એક સારો માર્ગ એ દીસે છે કે, આજ કાલ જૈનોમાં બહોળો ફેલાવો પામેલા જૈન ધર્મ પ્રકાશ, આત્માનંદ પ્રકાશ, કોનફરન્સ હેરલ્ડ તથા આનંદ જેવા માસિક ચોપાનીયાં

ચપળ છે, યૌવન પતંગના રંગની માફક ૩-૪ દિવસમાં ઉડી જવાનું છે, અને આયુષ્ય શરદના વાદળાના જેવું અસ્થિર છે, તો હે ભવ્યો ! અને અનર્થ કલેશાદિ મૂલક દ્રવ્ય વિષે શામાટે મુંઝાઈ મરો છો ? જો તમારૂં શ્રેય ઇચ્છતા હો તો, પરમ નિસ્પૃહ એવા સર્વજ્ઞ ભાષિત દાનાદિ ઉત્તમ ધર્મને સેવી, દશ દ્રષ્ટાંતે દોહિલા માનવ ભવને સાર્થક કરી લેવા ચુકશો નહિ. " ધર્મ કાર્યમાં વિલંબ—પ્રતિબંધ—પ્રમાદ કરવો યોગ્ય નથી. કેમકે કહ્યું છે કે—श्रेयांसि बहु विघ्नानि માટે જે કાંઈ શુભ આત્મ કલ્યાણાર્થે કરવું હોય, તે શીઘ્ર સત્વર કરી લ્યો. કાલ કરવું ધાર્યું હોય તે આજજ કરો. કેમકે કાલને કાળનો ભય છે. જો કોઈ ભાગ્ય યોગે આવો શુભ અધ્યવસાય થયો તો તેને સાર્થક કરવા એક ક્ષણ પણ પ્રમાદ કરવો યોગ્ય નથી. કેમકે કાળની ગતિ ગહન છે. તે છાયા મિષે તમારૂં છળ જોતો ફરે છે, માટે તેનો વિશ્વાસ કરવો યોગ્ય નથી. આ પ્રસ્તુત સમયોચિત સુચનાનો અનાદર નહિ કરતાં તે દ્વારા બને તેટલો લાભ લેવા ચુકવું નહિ. સુજ્ઞેષુ કિં બહુના ?

૧૨ અહો ! આજ કાલ શ્રીમંત શ્રાવક લોકો પણ કેવ મુગ્ધ બની ગયા છે કે, સર્વજ્ઞ ભાષિત શાસ્ત્રાનુસારે જેનાં પોતાને પ્રાપ્ત થયેલી લક્ષ્મી પૂર્વ કરેલાં સુકૃત્યો—સુપાત્ર દાનાદિ—નાજ યોગે મળેલી છે, તેમજ ઉદાર દીલથી અત્યારે પણ તે પ્રાપ્ત થયેલી લક્ષ્મીનો વિવેકવડે વ્યય કરવાથીજ તેનું સાર્થક્ય તથા ભવાંતરમાં મહા લાભ થાય તેમ છે, છતાં મુગ્ધ માતબર લોકો કેવળ મોહ નિશામાં મશગુલ રહી, પોતાના સ્વચ્છંદી નાદ મુજબ વર્તતા જાય છે, તે કોઈ રીતે પ્રશંસા પાત્ર ગણી શકાય તેમ નથી. કેમકે શાસ્ત્રકારનું તો એવુંજ ફરમાન છે કે—" आणा जुत्तो धम्मो " શ્રી સર્વજ્ઞ પ્રભુની આજ્ઞા મુજબ કરેલું ધર્મ કૃત્ય સ્વ-પ

આ દશ દ્રષ્ટાંતે દોહિલો મનુષ્યભવ વિગેરે વિશિષ્ટ સામગ્રી પ્રાપ્ત કરવા ચાહે તો હવે વધારે સાવધાન થઇ પ્રમાદ-શત્રુને પરવશ નહિં થતાં પોતાનું છતું વીર્ય—તન, મન અને ધનના સદુપયોગથી સ્ફુરાવવા ભારે પ્રયત્ન કરવાની ખાસ જરૂર છે. જન્મ, જરા અને મૃત્યુ, આધિ, વ્યાધિ અને ઉપાધિ, સંયોગ અને વિયોગ, સંબંધી અનંત દુઃખથી સર્વથા રહિત શાશ્વત સુખ સંપાદન કરવા ઇચ્છતા ભવ્ય જીવે પોતે વિચારવું ઉપયુક્ત છે કે કોઇ પણ ભારે અગત્યનું કાર્ય કોઇએ પણ કદાપિ કંઇ પણ સ્વાર્થ ભોગ આપ્યા વિના સાધ્યું છે ? તેનો નકાર વાચકજ ઉત્તર આપવો પડશે. ઠીક ત્યારે મોક્ષ સંબંધી અનંત સુખ આપણે એમના એમ કંઈ પણ તન, મન કે ધનનો ભોગ આપ્યા વિના શું સહજ સાધી શકશું ? ના ના, કદાપિ પણ નહિં. ત્યારે મારા પ્રિય બાંધવો ! આજ કાલ ચાલી રહેલી અંધાધુંધી (પોતાને જેમ ફાવે તેમ વર્તવારૂપ) એમના એમ કયાં સુધી ચલાવે જઇશું ? મુનિજને મોજમાં આવે તેવો ઉપદેશ દે અને ગૃહસ્થો (શ્રાવકો) તે મહાત્માઓનું મન રીઝવવા ઓચ્છવ, મહોચ્છવ કરી એકાદ સારી જમણવારરૂપ કલશ ચડાવી પોતાના જન્મને કે પૈસાનો લ્હાવો લીધો માને, આ કેવું ભારે આશ્ચર્ય ! છતાં આપણે તેવા ભાગ્યશાળી મહાત્માઓ તથા શ્રાવક વર્ગને શાંતિથીજ કહીશું કે, ભાઇઓ ! જ્યારે આ પણા ઘણા જૈની ભાઇઓ, બહેનો કે કુટુંબી જનોની ઘણીજ આર્થિક સ્થિતિ આવી ગઇ છે, તેમને ખાવા પીવાના પણ ફાંફાં છે, ભુખના માર્યા બાપડા ધર્મ સાધન પણ કરી શકતા નથી ત્યારે આપણે શું આપણા સાધર્મિઓનું દુઃખ દીલમાં ધારવું, અને તેમ કરી યથાશક્તિ ઉચિત કરવું—કરાવવું યોગ્ય નથી ? અત્યારે **અવશ્ય જૈન માત્રે સ્વસ્વ કર્તવ્ય સમજી દુઃખીને દાદ દેવી ઘટે છે.** એ આપણા ભુતા દુઃખો, છતાં પરભવ યોગ્ય સબળ સાધન સાધી લેવા પ્રયત્ન

પવિત્ર પરમાત્મા પ્રણીત પ્રવચનને ઉત્કૃષ્ટ ભાવે અનુસરવા કેમ વિરામ થતો હશે, એ સમજવું બહુ કઠિન થઈ પડે છે, ને આપ અમને સમજાવવા તથા તદ્વત્ ઉચિત વિવેકથી વર્તી સંતોષ પમાડવા જેટલું બને તેટલું કરવા નહિ બ [illegible] ખુશીથી માનશું [illegible] માન [illegible] જનોનું માન કર્તવ્ય છે. પરંતુ [illegible] વિનવવા [illegible]

[illegible]

એજ. છતાં જ્યારે તેમને પરમ પવિત્ર અર્હન્નીતિ મુજબ જોઇએ તેવો સંતોષકારક ન્યાય ન મળે, ત્યારે તેઓ નિરાધાર હોવાથી કોની પાસે જઇને પોકાર કરે ? એ સર્વ વાત નીધામાં લઇ, જેમ ભવ્ય ચકોરોનું દીલ પ્રસન્ન થાય, અને પરમ પવિત્ર શાસનની ઉન્નતિ થાય, તેમ આપ સાહેબો સાંપ્રત સમયોચિત સત્પથે, આપના આશ્રયે આવેલા કે આવના મુગ્ધ મૃગ જેવા શ્રાવક વર્ગને પળાવી, અનેક ભવ્ય સત્વોના દ્રવ્ય અને ભાવ પ્રાણ બચાવી, ગોપ, માહન, નિર્યામક વિગેરે આપના બિરૂદને સાર્થક કરશો, તોજ અત્યારે પવિત્ર જૈન શાસનની લાજ રહે તેમ છે. શાસનની લાજ વધારવી, તે આપના હસ્તમાં છે. માનપાનની લાલચ મૂકી દઇ, કેવળ પારમાર્થિક બુદ્ધિથી શુદ્ધ વીતરાગ માર્ગ સ્વયં સેવી—બીજા આશ્રિત જનોને પણ સેવવા ફરજ પાડવાથીજ લાજ વધી શકે એમ છે, પરંતુ જેમ ચાલે તેમ ચાલવા દઇએ, જેમ ભાવી હશે તેમ થશે, વિગેરે અસત્ય માર્ગ સેવન કરવા જતાં વિપકર વિચારોથી તો પ્રાયઃઆપણી આવી શોચવા યોગ્ય દશા થઇ આવીછે. આવી પ્રત્યક્ષ દેખાતી આપણી અવદશા ટળે, અને શુભ દશા જાગે, તેવો ભગીરથ પ્રયત્ન સેવવાની ખાસ જરૂર છતાં જ્યારે આપણે કેવળ પ્રમાદ વશ વર્તી કિંચિત માત્ર પણ સાનુકુળ ઉદ્યમ કરશું નહિ તો, કહો સાહેબો ! આપણી શુભ દશા શી રીતે જાગશે ? એક ઘોડો પણ કાટ કાઢતાં કષ્ટ સહેવું પડે છે, તો આ તો દીર્ઘ સમયનો મહા પ્રમાદ યોગે વધેલો જબ્બર કાટ કે દાટ દૂર કરવો, એ વાતો કરવા માત્રથી શું બને ? એમ એ કાંઇ છોકરાની રમત જેવું સહેજમાં બને તેવું નથી. જ્યારે લોક સંજ્ઞા નષ્ટ લોકોત્તર શૈલી ધારી, રાજ હંસની પેરે ઉત્તમ નીતિવડે સત્ય શુભાશયથી ભગીરથ પ્રયત્ન સેવવામાં આવશે, ત્યારેજ આપણું શુભોદયની સંભાવના થઇ શકશે. આપણો શુભોદય સાધવા,

ઓરણનું કરવાની જરૂર છે. આવા અશિક્ષિત વા કુશિક્ષિત
પુરૂષોને નવીન જ્ઞાન આપવા વિષે સજ્જનોએ વિચારવા
ની ખાસ જરૂર છે.

૭ [illegible] અને ચેતન બન્ને વિષે પામેં શિક્ષણ [illegible]
[illegible] આર્યો તથા આર્યો
[illegible] સહિત [illegible]
[illegible] શાસ્ત્ર [illegible]
[illegible] થઈ, એ આર્યો

કે મંગળ કળશ જેવા ફક્ત મહાત્માઓનો સદ્ભાવથી આશ્રય લે છે. અનેક મોક્ષ સુખાર્થી સજ્જનોના આશ્રય સ્થાનરૂપ આપ સાધુ જનોને કેવી ઉમદા રહેણી અને કહેણી રાખી રહેવાની અગત્ય છે, તે સહેજ સમજી શકાય તેવું છે.

૮ કેળવણી—વ્યાવહારિક અને ધાર્મિક બંને પ્રકારની સંગીન કેળવણી આપવાની આવશ્યકતા છે. પ્રથમની—પ્રાથમીક કેળવણીનાં કિરણોથી તત્વ જીજ્ઞાસા પ્રગટે છે, તેને યોગ્ય પોષણ મળતાં ખરી કેળવણી ખીલવા પામે છે, જે પરિણામે સ્વ—પરહિત સાધી શકે છે, માટે ઉદાર સખાવતો કરી આ ખાતું આજ કાલ અવશ્ય દીપાવવું યોગ્ય છે. તેમાં જેટલી ઉપેક્ષા તેટલુંજ સ્વપરને વધારે નુકશાન છે.

૯ ઉડાઉ ખર્ચો—[આડંબર] નકામી બાબતોમાં થતા અટકાવી તે દ્રવ્યમાંનો કેટલોક ઉપયોગ સંગીન કેળવણી, ક્ષેત્રોદ્ધાર (સીદાતા ક્ષેત્રને સંગીન સહાય આપવામાં) કરવામાં આવશે, તો આશા છે કે, થોડે ઘણે વખતે પણ આપણી સ્થીતિ સુધરવા પામશે. માટે ઉચિત છે કે, પોતપોતાની પેદાશના પ્રમાણમાં પ્રતિ વર્ષ આવાં ધર્મ કાર્ય સુધારવા અમુક રકમ આપી સ્વ કીર્ત્તિ નામ સાર્થક કરવું. કિં બહુના ?

૧૦ વખતનું મૂલ્ય આપણા લોકમાં જેટલે તેવું સમજાયું નથી. તેથી જોકે 'લાખ લાખેણો જાય,' 'સમયં ગોયમ મા પમાએ' વિગેરે વૃદ્ધ વાક્યો આપણે સાંભળીએ કે કહીએ છીએ, તોપણ તેના હેતુમાં ખાસ પણ વર્તતા નથી. વિકથા તથા વિરોધાદિમાં નકામો વખત ગુમાવીએ; પરંતુ શ્રેષ્ઠ શાસ્ત્ર અભ્યાસ કરવામાં કે સુસંપકર સારી સલાહ આપવારૂપ પરોપકાર વૃત્તિમાં આપણા વખતનો સદુપયોગ કરીએ નહિ, એ ખરેખર શોચનીય છે. મનુષ્ય ભવ વિગેરે સામગ્રી મળવી, બહુ દુર્લભ છે. છતાં આપણે સ્વચ્છંદ વર્તનથી સર્વસ્વ ગુમાવી ખાલી હાથેજ જવા જેવું કરીએ છીએ, એ બહુ શોચનીય

સમ્યગ્જ્ઞાન એજ મોક્ષ માર્ગ બતાવવા દીપક છે, એજ ભવ અટવી ઉતારવા ખરો સાથી છે, માટે અંત સુધી તેનો સંગ મુકવો નહીં. સમ્યગ્જ્ઞાન અને વૈરાગ્ય એ આ ભયંકર ભવ સમુદ્ર તારવા માટે જબરી નાવ જેવા છે, માટે ભવ્ય જીવોએ તેનું દૃઢ અવલંબન કરવું ઘટે છે, ગુણદોષ, ઉચિત અનુચિત, હિત અહિત અને લાભાલાભને બરોબર સમજવા રૂપ વિવેક તે અંતરમાં પ્રકાશ કરનાર અભિનવ ભાનુ સમાન છે અને તેને પામ્યેજ સર્વ સુખ સંપ્રાપ્ત થાય છે તેથી સ્થિરતા, સમતા અને ત્યાગાદિક ઉત્તમ ગુણો પ્રગટે છે. ખરૂં જોતાં આ આત્મા પોતેજ ગુણરત્નનો દરિયો છે. ગુણમયજ છે પણ તે સર્વે વિવેકવડે જાણી આદરિ શકાય છે અને તે વિના ધુંવાડામાં બાચકા ભરવા જેવું થાય છે આત્માનું ખરૂં ધન-ખરૂં કુટુંબ અંતરમાંજ છે જેને મોહવશ પ્રાણી અજ્ઞાનવડે ભુલી જઇ ભ્રમથી ખોટાં એવા ધન કુટુંબમાં મોહી રહ્યો છે. લોહીવડે ખરડાયેલું વસ્ત્ર જેમ લોહીથી સાફ થતું નથી તેમ પ્રમાદથી મેળવેલો કર્મમળ પ્રમાદથી ટળી શકતો નથી. અપ્રમાદ એજ આત્મ સાધનમાં અનુકુળ મિત્ર-સહાયી છે. કાળજી-આદરથી શ્રી જિનઆજ્ઞાનું આરાધન કરવું તેજ ખરો અપ્રમાદ છે. માટે મદ, વિષય, કષાય, આળસ અને વિકથા વરજી સાવધાન થઇ સર્વ પ્રાણી ઉપર સમભાવ રાખી નિર્મળ મન, વચન અને કાયાવડે શીલ-સદાચાર પાળવા ઉજમાળ થવું.

પ્રાણાંતે પણ પરજીવને ત્રાસ નહીં આપવો, પોતે દુઃખ ભોગવવું પણ અન્યને દુઃખ ન દેવું. પ્રાણાંતે પણ કષાયાદિકને વશ થઇ અસત્ય નહીં બોલવું. જેથી પર પ્રાણીને દુઃખ થાય, અહિત થાય તેવું સાચું પણ અસત્ય તુલ્ય સમજી વિવેક પૂર્વક હિત-મિત (જોઇએ તેટલુંજ) સત્ય, ધર્મને બાધક ન આવે

हिरप्रश्न तथा सेनप्रश्न उद्धरीतसार.

(લખનાર મુનિ. કર્પુરવિજયજી.)

૧ શ્રીજિન પ્રતિમાઓના ચક્ષુ આદિકનું સંયોજન ઉખેળુ કરીને ગાળના ગ્મવડે ન કરવું આશાતનાનો સંભવ છે માટે કિંતુ નિપુણ શ્રાવકોએ સુઘને ઉંચી જાતના તેલમાં મેળવી તેના વડે ચક્ષુ, ટીલા, ચાટલા વિગેરે ચોડવા.

૨ ત્રિભુના સ્નાત્ર પુસ્તકો અજમો દુવિહાર પચ્ચ [illegible] નહીં.

[illegible] નુંય ગતિમાં [illegible] અવધિ જ્ઞાન હોય [illegible] અથવા ગૃહસ્થ [illegible] તીર્થંકરો

૯ એક અને બેથી અંતરિત પરંપરા સંઘટ્ટ તજવા યોગ્ય છે. ત્રણ વડે અંતરિત હોય તો સંઘટ્ટ ન લાગે.

૧૦ સાંજની પડિલેહણ વખતે તિવિહારનું પચ્ચખાણ કર્યું હોય તો પડિક્રમણા વખતે પાણહારનું પચ્ચખાણ કરી શકાય. પણ જેણે તિવિહાર પચ્ચખાણ કર્યું નથી તેણે ચોવિહારનું પચ્ચખાણ કરવું.

૧૧ વિકલેંદ્રી મરણ પામી મનુષ્યપણું પામે તે ભવમાં સર્વ વિરતિપણું પામે પણ મોક્ષે ન જાય એમ સંગ્રહણીવૃત્તિમાં કહ્યું છે.

૧૨ સાધુની જેમ સાધ્વી ચારણશ્રમણ લબ્ધીવાળી હોતી નથી.

૧૩. શરીરને ઉજેહીની વચ્ચે ચંદ્રનો ઉદ્યોત હોય તો પણ ઉજેહી લાગે પણ જો શરીર ઉપર ચંદ્રનો ઉદ્યોત પડતો હોય તો ઉજેહી ન લાગે.

૧૪ પ્રભાતે મેળવેલું દહીં સોળ પહોર પછી અભક્ષ્ય થાય પણ સોળ પહોરનો નિયમ નથી શાથી જે સંધ્યા સમયે મેળવેલું દહીં બાર પ્રહર પછી પણ અભક્ષ્ય થાય છે.

૧૫ શ્રીમંત તથા ગરીબની અપેક્ષાએ ઉચ્ચ નિચ કુળમાં (સમવૃત્તિ) ગોચરીએ ફરવાથી સામુદાની ભિક્ષા કહેવાય.

૧૬ માંડળીના આયબીલો ઉપસ્થાપના પછી (વડી દિક્ષા આપ્યા પછી)જ કરવા સુઝે.

૧૭ દ્રવ્ય લિંગીઓનું દ્રવ્ય જિનમંદિર તથા જિન પડિમાના ઉપયોગમાં ન આવે, જીવ દયાને જ્ઞાન ભંડારમાં ઉપયોગી થાય.

૧૮ રાત્રે ચોવિહાર પચ્ચખ્ખાણવાળાને શ્રી સેવનમાં

२९ चतुर्मासमां साधुने रोगी साधुना ओषधादिका-रणे चार पांच योजन सुधी जवुं कल्पे परंतु कार्य पूर्ण थये एक क्षण-पण त्यां रहेवुं कल्पे नही.

३० प्रथम अन्य पक्षीओए प्रणाम कर्ये सते यथा-वसर वर्तवुं.

३१ मिथ्यादृष्टिने मिथ्यादृष्टि एम समयने अनु-सरीने कहेवुं अथवा न कहेवुं.

३२ चउसरणु पयन्नो साधुओने तेमज श्रावकोने काळ वेळाए पण गुणवो कल्पे तेमज अस्वाध्यायवाळे दिवसे पण गुणवो कल्पे.

३३ चउसरणादिक चार पयन्नाओ आवश्यकनी जेम प्रतिक्रमणादिकमां बहु उपयोगी होवाथी उपधान-योगवहन विना पण परंपराए भणावाय छे तेथी ते (प रंपरा)ज तेमां प्रमाण छे.

३४ उघाडे मोढे बोलवाथी इर्यावहीनो दंड आवे.

३५ वांदणां देवाने अवसरे विधि साचववा माटे उ-घाडे मोढे बोलतां छतां पण प्रमाद न होवाथी इर्यावही न आवे.

३६ जे साधु वस्त्रने थीगडुं दे अथवा थीगडुं दे-ताने अनुमोदे तेने घणा दोषनी प्राप्ति थाय. कारण के त्रण थीगडां उपरांत चोथुं थीगडुं देनार मुनिने श्री नि-शीथसूत्रना पहेला उद्देसामां प्रायश्चित्त कहेलुं छे.

३७ निरंतर बहु जीवो मुक्तिए जाय तेथी मुक्ति सांकडी थइ जती नथी अने संसार खाली थई जतो नथी, जेम वर्षादना जळथी घसाएली पृथ्वीनी माटी पु ष्कळ समुद्रमां जाय छे पण तेथी समुद्र पुराइ जतो नथी अने पृथ्वीपर खाडा पडी जता नथी.

३८ छ मासथी अधिक केवळज्ञानीपणे रहे ते अंत

કેવળીસમુદ્ઘાત કરે તેથી ઓછી સ્થિતિવાળા કરે અથવા ન કરે.

૩૯ રાઈ પ્રમુખ ઉત્કટ દ્રવ્ય મિશ્રિત હોવાથી કાંજિક વટકાદિક વસ્તુઓનું કાળમાન વૃદ્ધ પરંપરાથી સોળ પહોર અથવા બાર પહોરાદિનું કહેવાય છે.

૪૦ જે **શ્રાવક** મરણ સમય પર્યંત નિરતિચાર સમ્યક્ત્વ પાળે તે તો **વૈમાનિક** દેવજ થાય. તે શિવાય મધ્યાનંભવ [illegible] (તિર્યંચ) પણ ઉપજે તેમજ **મહાવિદેહ** ક્ષેત્રાદિકના મનુષ્ય [illegible] પામે.

૪૧ આસો [illegible] અસ્વાધ્યાય દિનત્રય (પ્રાયઃ ૮–૯–૧૦) તથા [illegible] અસ્વાધ્યાય દશકાને વિષે **ઉપદેશમાળાદિક** [illegible] છે

૪૨ સ્થાપન [illegible] નિયત્ર પ્રતિક્રમણ કરતાં પહેલાં સ્થાપન [illegible] અને [illegible] અનુક્રમે બે ચાર કે છ મુનિ [illegible] **ક્ષામણા** [illegible] મુનિ ન હોય તો માત્ર સ્થાપનાચાર્યનેજ [illegible]

[illegible] **મેથી** [illegible] છે તે [illegible]

[illegible] ભગવાન [illegible] સુદર્શન [illegible] મુહપત્તિ પડિલેહણ [illegible] સુદપત્તિ [illegible]

[illegible] ઓ [illegible] વાંચના [illegible]

[illegible] ફળ (કોટિ) ૧૦૮ પુરૂષોવડે જાણવી.

[illegible] સમ્યક્ત્વ [illegible] ૭ અભવ્યો પ્રસિદ્ધ નાં

[illegible]

૪૮ મ્લેચ્છ ને આચ્છીઆશદિ આવક યથા હોય તો તેમને જિને પ્રતિમા પૂજવામાં લાભજ છે. જો શરીર અને વસ્ત્રાદિકની શુદ્ધિ હોય તો પ્રતિમા પૂજવામાં નિષેધ જાણ્યો નથી.

૪૯ શિષ્ય સારી રીતે ચારિત્ર ન પાળે અને ગુરુ મોહે કરીને તેને ન વારે તો ગુરુને પાપ લાગે. અન્યથા ન લાગે.

૫૦ સાધ્વીને વંદન કરતાં શ્રાવકો ' અણુજાણહ ભગવતીપસાઉ કરી ' એમ કહે.

૫૧ જો એકાસણા સહિત ઉપવાસ કરે તો सूरे उगए चउत्थ भत्तं अभत्तट्टं पचक्खाइ એકાસણા વિના અપવાસ કરે તો सूरे उगए अभत्तट्ठं पचक्खाइ એમ કહેવાની અવિચ્છિન્ન પરંપરા દેખાય છે અને છઠ્ઠ પ્રમુખ પચ્ચખ્ખાણમાં તો પારણે એકાસણું કરે કે ન કરે તો પણ सूरे उगए छट्ठ भत्तं अट्ठम भत्तं એમ કહેવાય છે. એવા અક્ષરો **શ્રી કલ્પસૂત્ર સમાચારીમાં છે.**

૫૨ શ્રાવક દિવસ સંબંધી પોસહ કર્યા બાદ ભાવવૃદ્ધિ થતાં રાત્રી પોસહ લીએ ત્યારે પોસહ સામાયિક કર્યા બાદ **સઝાયકરૂં** એ આદેશ માગવાથી સરે છે. **બહુવેળ સંદિસાહું ?** એ આદેશ માગવાનો નિયમ નથી. કારણ કે પ્રભાતે તે માગેલ છે.

૫૩ સો યોજન ઉપરાંતથી આવેલ **સિંધાલુણ** વિગેરે અચિત્ત થાય, બીજું નહીં.

૫૪ શ્રદ્ધા રહિતપણે યોગ વહન કર્યા વિના સાધુ કે શ્રાવકોને નવકારાદિ ગણવામાં પણ **અનંત સંસારી પણું** કહેવાય છે.

૫૫ કેવળ શ્રાવક પ્રતિષ્ઠિત દ્રવ્યલિંગીના દ્રવ્યથી બ-

ર્તની આદિક ગુણશાળી સાહુણી (સાધ્વી) સમુદાય, તથા અક્ષુદ્રાદિક અનેક ગુણ વિભૂષિત, શ્રાદ્ધમતધારી, સચિત્તાદિક ૧૪ નિયમધારી, યાવત્ સચિત્ત પરિહારી, નિત્ય એકાશનાદિક વ્રતકારિ ઉભયટંક આવશ્યકકારી, ત્રિકાળદેવ પૂજકારી. શમ, સંવેગ નિર્વેદ. અનુકંપા અને આસ્તિકતાદિક સમ્યક્ત્વ અનુકૂળ લક્ષણ લક્ષિત તેમજ તીર્થ સેવાદિક ઉત્તમ ભૂષણ ભૂષિતાંગ. શંકાદિક દૂષણ વર્જિત ચઉવિહ સદ્દહણા ત્રણલિંગ તેમજ ત્રણ શુદ્ધિ સહિત. ભક્તિ બહુ માનાદિકથી અરિહંતાદિકનો વિનય સાચવનાર, શાસન પ્રભાવના કારક છવિહજયણાને પાળનાર ખાન કારણ પદયેજ છ પ્રકારના આગારનો [illegible] કરનાર તથા સમ્યક્ત્વના ૬ ઠાણાને સ્પર્શનાર એમ સમ્યકત્વ સુરમણિના ધારક તેમજ વિવેક સહિત શ્રાવક ઉચિત મર્યાદા ૫ અણુવ્રતો, ૩ ગુણવ્રતો અને ૪ શિક્ષાવ્રતો [illegible] ૧૨ વ્રતધારી [illegible] અને [illegible] ન્યાય [illegible] અતિ આરંભ ક્રિયાના [illegible] શાસનની ઉન્નતિ [illegible] કરવા [illegible] નાચારી [illegible] વિવેક [illegible] દેવા [illegible] ની પેરે [illegible] વચન [illegible] ણાણી [illegible] દાક્ષિણ્ય [illegible] ઉપયો [illegible] સમુદાય એ સર્વ [illegible] જેવા [illegible]

પોતાના ચરણ ન્યાસથી પોતાના સમાગમમાં આવનાર જંત્રુજીવોને પાવન (પવિત્ર-નિર્મળ) કરે છે. જગતના દારિદ્રને જંગમતીર્થ અનેકશઃ અપહરે છે, અને મંગળલીલા વિસ્તારે છે.

ઉત્તમ ગુણરૂપી રત્નોના સ્થાનરૂપ શ્રી તીર્થંકરના જ્યાં ચ્યવન, જન્મ, દીક્ષા, જ્ઞાન અને નિર્વાણરૂપ પાંચ કલ્યાણકો થાય, તથા જ્યાં જ્યાં ગુણમય તેઓનું દીક્ષા લેઇ વિહારક્રમે રહેવું થાય તે તે ભૂમિ પ્રભુના પવિત્ર ચરણ ન્યાસથી પાવન થયેલી હોવાથી તેમજ મોક્ષાર્થી ભવ્યોને પ્રભુના ઉપગારની સ્મૃતિના કારણ-સાધનરૂપ હોવાથી તે સ્થાવરતીર્થ કહેવાય છે. અથવા જ્યાં પ્રભુના મુખ્ય અંતેવાસી ગણધર આદિક આચાર્ય પ્રમુખ મુમુક્ષુ વર્ગનું સિદ્ધિગમન એક કે અનેક વખત થયું છે, થાય છે કે થશે તે ભૂમિ પણ સ્થાવર તીર્થરૂપ ગણાય છે.

જંગમતીર્થ અને સ્થાવર તીર્થમાં એ વિશેષ (ભેદ) છે કે, જંગમતીર્થ ભૂત-તીર્થંકર, ગણધર તેમજ સમસ્ત તીર્થંકર સ્થાપિત તેમજ સમસ્ત ઇંદ્રાદિક પૂજિત, માન્ય ગુણરૂપી લક્ષ્મીના ક્રીડા ઘર રૂપ સકળ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ-સંઘ સમુદાય જ્યાં જ્યાં વિચરે, વિચરતાં છતાં મોક્ષાર્થિ જે જે ભવ્યો તે મહાભાગ્યશાળી તીર્થનઃ સેવાનો લાભ લેવા ચાહે અને લેવા અનુકૂળ પ્રયત્ન કરે તે તે ભવ્ય સત્વોને તે જંગમતીર્થ અવશ્ય પાવન (પવિત્ર-નિર્મળ-પાપ રહિત) કરી પંચમી ગતિ યોગ્ય કરે.

અને સ્થાવર તીર્થ તો સ્થાયીજ હોવાથી જે ભવ્ય પ્રાણીઓ ખાસ ચાહિને ભવજળ તરવાની બુદ્ધિથી તે તે સ્થાવર તીર્થને પ્રવહણ તુલ્ય નિરધારી શુદ્ધ બુદ્ધિથી તેનું આલંબન લેછે, તેઓને વિવેક પૂર્વક તે તે તીર્થાધિષ્ઠિત દેવાધિદેવની પવિત્ર મુદ્રા (પ્રતિમા) ના દૃઢ અવલંબને

ધ્યાન વિશુદ્ધિથી મોક્ષ પ્રાપ્તિ થાય છે. આ માટે શ્રી શત્રુંજય, ગિરનાર, અર્બુદાચળ, તાળધ્વજ, સમેતશિખર, અષ્ટાપદ, પાવાપુરી, ચંપાપુરી, વિગેરે સ્થાવર તીર્થરૂપ ગણાય છે.

જંગમ અને સ્થાવર ઉભય તીર્થોની વિવેકથી સેવા કરનાર ભવ્ય જનોની શીઘ્ર અને સહેજે (અલ્પકષ્ટે) સિદ્ધિ થાય છે, અને વિવેક વિના ઘણા કષ્ટને કરનારની પણ સિદ્ધિ થવી મુશ્કેલ છે. માટે જેમ બને તેમ વિવેક રત્ન ધારવા ઉદ્યમ કરવા ઉપાધ્યાયજી મહારાજ બતાવે છે કેઃ—

'રવિ દુજો તીજો નયન, અંતર ભાવી પ્રકાશ;
કરે! ધંધ સબ પરીહરી, એક વિવેક અભ્યાસ. ૧
રાજ ભુજંગમ વિષ હરન, ધારો મંત્ર વિવેક;
ભવ વન મૂળ ઉચ્છેદકો, વિલસે યાકી ટેક. ૨

[illegible] છે [illegible] વિવેક એ [illegible] નયન છે, [illegible] અનિત્ય લોચન છે [illegible] આત્માની અંતર પ્રકાશ થાય છે, જેથી [illegible] સિદ્ધિઅસિદ્ધિની સુઝ પડે છે-ભાન થાય છે [illegible] વિના [illegible] જાણતી નથી માટે [illegible] એક વિવેકનોજ [illegible] એ વિવેક [illegible] સર્પનું ઝેર હરવા જડીબુટ્ટી [illegible] ઉચ્છેદ કરી [illegible] વિવેક આ [illegible] ઉચિત અનુચિત, ભ ક્ષ્યાભક્ષ્ય [illegible] વિધિ [illegible] ગુણદોષને જે વડે જણાય, વહેંચી ઓળખી કહીયે તે વિવેક કહીયે. આ જીવ અનાદિ મિથ્યાવાસનાથી પર શરીર કુટુંબ પરીવાર, લક્ષ્મી [illegible] પદાર્થોમાં પોતાપણું માની રહ્યો છે. તેથી રાગને [illegible] કરીને પણ [illegible] માને છે, ખુશી થાય છે [illegible] જાણવાથી તેને મિથ્યા [illegible] તેમાં એના

કેતું મારાપણું ઘટવાથી રાગ પણ ઘટે છે, અને તેથીપાપથી ઓસરવાનું પણ બને છે. વિવેક વિના આ જડ શરીર તે હું એમ માનતો હતો, તે વિવેક પ્રગટતાં જ્ઞાન દર્શનાદિક લક્ષણવંત ચેતન દ્રવ્ય હું અને પૂરણ, ગલન સ્વભાવી શરીર તે હું નહિં, મારૂં નહિં. મારાથી ન્યારૂં તેતો પૂર્વકૃત કર્મયોગે આ ચેતનની સાથે લાગ્યું છે તે મારૂં નથી, તેથી તેમાં મમતા કરવી યોગ્ય નથી, પણ જ્ઞાનશક્તિથી વિચારી મમતા વારી તેપર ત્યાગ વૈરાગ્ય ધારવા યોગ્ય છે, વિવેક જાગ્યા વિના મોહ મદિરાની નીશામાં મને શું હિત-ક્ષેમ-કલ્યાણકારી છે ? તેમ શું તેથી ઉલટું છે ? મને શું કરવું ઉચિત ? શું કરવું નહિં ઉચિત ? મને શું કરવાથી સદ્ગતિ? અને શું કરવાથી દુર્ગતિ થશે ? તે સમજાતું નથી, અને વિવેક લોચન ખુલ્યે તે સર્વ યથાસ્થિત સમજાઈ જાય છે. ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, અને ગુણદોષનું પણ સહેજે ભાન થાય છે. વિવેકી નર ઝવેરીની જેમ ગુણ રત્નને પરખી કાઢે છે. અને દોષ દૃષદ્ (કેકા-પથ્થર) ને સમજી પરીહરી શકે છે. આ સર્વ વિવેકનો પ્રભાવ છે. માટેજ તેનો વિશેષે આ દર કરવો કહ્યો છે. અન્યસ્થાનમાં પૂર્વે બાગ્ર ચાલમાં-અ જ્ઞાન દશામાં કરેલાં પાપ તીર્થ સ્થાનની વિવેકથી સેવા વડે ક્ષય પામે છે. પણ તેજ તીર્થ સ્થાને અવિવેક વડે કરેલાં પાપો વજ્રલેપ જેવાં થઇ જાય છે. જે પાપો ઘણાંજ દુઃખો આપે છે; માટે તીર્થ સેવા કરવાના અભિલાષી પ્રાણીઓએ તીર્થ સેવાની રીતિ જાણવાની અને જાણીને તે પ્રમાણે બ નવી કાળજીથી વર્તવાની ખાસ જરૂર છે.

પ્રથમ તો જુઓ કે આજકાલ પણ શ્રી શત્રુંજય આ દિકની યાત્રા, વિધિ પૂર્વક કરવાના અર્થી મનુષ્યો સ્વસ્થા નથી શ્રી સંઘ સમુદાય કે સ્વ કુટુંબ પરીવાર સાથે શાસ્ત્રમાં બતાવેલી ૭(૬)રી (૧ બ્રહ્મચારી, ૨ ભૂમિ સંથારી,

૩ સચિત્ત પરિહારી, ૪ એકલ્હારી (એકાસણકારી,) ૫ જ-યણાથી પાદચારી અને ૬ ઉભય ટંક આવશ્યક (પ્રતિક્રમણ) કારી પાળતાં પાળતાં શ્રીતીર્થપતિને ભેટે છે, તો જેને ભેટવા આવતાં આટલો ભાવ, આટલું માન, તે તીર્થરાજ-ને ભેટી કેટલા વિશેષ ભાવ અને બહુમાનથી તેની સેવા ભક્તિ કરવી જોઇયે. અલબત વિશેષ વિશેષ પ્રકારે તપ, જપ, શીલ, સંતોષ, દયા, દાન, વ્રત, પચ્ચખાણ એ સર્વે સેવવાં જોઈએ.

જેમાનું કેટલેક [illegible] આજકાલ પણ નવાણું યાત્રા [illegible] કરતા દેખાય છે. જ્યારે નવાણું યાત્રા પૂ-રી [illegible] ઉત્તમ વિવેક ધારવામાં આવે અને થોડી પણ [illegible] યાત્રા કરતા ઉચિત વિવેક પાળવામાં ન આવે તો તે કેવું ખોટું દેખાય ! ખરી રીતે પછી તો જ્યાં સુધી [illegible] સેવા કરવા [illegible] સુધી ઉચિત [illegible] જયણાપૂર્વક [illegible] તેમજ મિત [illegible] અપ્રીતિ થાય [illegible] મનથી [illegible] કેમકે તમે તે સ્થાને [illegible] સ્થાનનું [illegible] [illegible] પરમ [illegible] [illegible]

શ્રી તીર્થરાજ કે તીર્થંકરાદિક નવપદના પવિત્ર ધ્યાનમાં પોતાનું ચિત્ત જોડી દેવું. તેમ યત્નથી કરવાથી અભ્યાસ બળે ચિત્તને સાક્ષાત્ ઘણું સુખ થશે. જેમ વ્યાપારી લોકો વ્યાપારમાં ટાઢ, તડકો, ભૂખ, તૃષાને લેખતા નથી અથવા વીર–સુભટો જેમ સંગ્રામમાં બાણોની વૃષ્ટિને નહિં ગણકારતાં હીંમત રાખી સામા ઝુઝે છે, તેમ આવે ઉત્તમ પ્રસંગે —શ્રી તીર્થરાજ કે તીર્થંકરાદિકની ભક્તિ કરી પરભવનું સંબલ લેઇ પોતાનો આ દુર્લભ માનવદેહ સફળ કરવાની ખરી તકે સુખ લંપટ થવું, વિષયને વશ થવું, ક્રોધાદિક કષાયને આધીન થવું, તે અત્યંત આવતા લાભમાં અમંગળ-વિઘ્નભૂત છે. તે વખતે તો પવિત્ર ગિરિરાજનો તથા પવિત્ર તીર્થરાજનો આશ્રય લઇને તરી ગયેલા મહા પુરૂષોના ગુણગ્રામથી સંવેગાદિક ઉત્તમ ગુણોની પુષ્ટિ કરતાં, વૈરાગ્ય રસમાં ઝીલતાં, શાંત સુખ અનુભવતાં અને કઠીણ છાતી કરી પરીષહાદિક સહન કરતાં, છઠ અઠમાદિક દુષ્કર તપ કરી, દેહ પ્રતિના ખોટા મમત્વને તજતાં અને મોહમહામલની સામે નીરસપણે અડગ રહી ઝુઝવા પોતાનું જેટલું બલવીર્ય હોય તેટલું ફોરવતાં અને એમ સાહસીક થઇને જગત માત્રના પરાભવને કરનારા મોહાદિક મહા શત્રુ સામે જયલક્ષ્મી વરતાં સુધી અખંડ રીતે લડતાં, નિરંતર નવા નવા વીર્ય ઉત્થાનથી નવી નવી વિશેષ વિશેષ શક્તિ પ્રગટ થતી જાય છે, તેમ તેમ પોતાના આરંભેલા –ધારેલા કાર્યની સિદ્ધિની ખાત્રી કરી આપે તેવો અપૂર્વ ઉત્સાહ વધતો જતો પ્રત્યક્ષ દેખાય છે. આમ પ્રથમથી પોતાની વીર્ય શક્તિ નહિં ગોપવનારા આટલી શક્તિ ખીલવી પોતાનું કાર્ય અંતે સિદ્ધ કરી શકે છે. પણ પ્રથમથીજ મંદ પરિણામને ધરનારા, શિથિલ થઇ કાયરની પેરે બોલનારા અને ચાલનારા તે શૂરવીરની પેરે પોતાનું ખરૂં ઇષ્ટ સાધી શકતા નથી.

અન્યાય રસ્તે વિવેકી એક પાઇ પણ ખર્ચે નહિ, અને ન્યાય માર્ગે પોતાની જેટલી શક્તિ હોય તે ફેરવવામાં ખામી પણ રાખે નહીં. જૈનશાસનમાં ઉત્તમ સાત ક્ષેત્રો બતાવ્યાં છે, તે શિવાય પણ જ્ઞાનદાન, પૌષધશાળા આદિક ધર્મ કૃત્યોમાં ઉદાર દીલથી દ્રવ્ય વાપરવાથી આવા તીર્થ સ્થાને અતુલ્ય ફળ બાંધે છે. દિન દુઃખીઓની અનુકંપા તથા સીદાતા સાધર્મી ભાઇઓને પ્રીતિથી સહાય આપી સુખી કરવા, ધર્મમાં દૃઢ કરવા એ ઉચિતજ્ઞ વિવેકી શ્રાવકોની ફરજ છે. શીલ-સદાચારમાં સુદૃઢ રહેવું. યાવત્ સુદર્શન શેઠ યા વિજય શેઠ અને વિજયા શેઠાણીની પેરે ઉત્તમ પ્રકારનું શીયળવ્રત પાળવું. ગમે તેવા વિષમ સંયોગોમાં પણ ટેક ન છાંડવી. જીવ જયણાને જિન શાસનમાં ધર્મની માતા જેવી ધર્મની વૃદ્ધિ કરનારી વખાણી છે, તો દરેક કાર્યમાં સાવધાનપણે વર્તી જયણા પાળવી તેને માટે મોટા મનના કુમારપાળરાજાનું દૃષ્ટાંત લેવું કે જેણે પવિત્ર ધર્મની પરિણતિથી પોતાના ૧૮ દેશોમાં અમારી પડહ વર્તાવ્યો, તેમજ બીજા કેટલાક દેશોમાં પણ મિત્રતા, બળ તેમજ ધનને બળે એમ અનેક રીતે ન્યાય યુક્તિવતી જયણા વર્તાવી અસંખ્ય જીવોના આશીર્વાદ લીધા. શાસનની પ્રભાવનામાં પણ તેજ મહારાજાનું દૃષ્ટાંત લેઇ સ્વશક્તિ ફેરવવી. જ્યારે સમજદાર અન્યદર્શનીઓ પણ એક અવાજે પવિત્ર શાસનનો મહિમા ગાય એવું સદવર્તન શાસ્ત્ર અનુસારી કરીએ, ત્યારે શાસન પ્રભાવના કરી કહેવાય.

શ્રીવીતરાગ દેવના શાસનના રસીયા શ્રાવક અને શ્રાવિકાના સમુદાયને નિર્મળ બોધ આપવાનો જેમનો આચાર છે એવા સાધુ અને સાધ્વી વર્ગને પણ પોત પોતાના પવિત્ર આચારોને બહુજ દૃઢ રીતે સાચવી રહેવું જોઇએ

એવા વિવેકવંત સાધુ સાધ્વીઓથી પવિત્ર તીર્થમાં ભવ્ય પ્રાણીઓને જેવો લાભ થાય તેવો મંદ પરિણામી અને શિથિલાચારીઓથી થઇ શકે નહીં. ભ્રષ્ટાચારીઓથી તો ઉલટો શાસનનો ઉડ્ડાહજ થાય માટે એવા ભ્રષ્ટાચારી [illegible] ને કેઇ રીતે પોષવા યોગ્ય નથીજ. સાધ્વીઓએ સર્વત્ર અને તીર્થ સ્થળમાં વિશેષે કરી ક્ષમા, મૃદુતા, સરળતા, નિર્લોભતા, નિર્મમતા (મમત્વનિરોધ) સહિત ઉત્તમ પ્રકારે સંયમ પાળવા નિરંતર ખપ કરવો. કેમકે તેઓના પવિત્ર આચારને દેખીને [illegible] છે, અને [illegible]

[illegible]

સાધનામાં બેદરકાર થશો તો પછી તમારી નકલ કરનાર
તમારી સંતતી (શિષ્ય, પ્રશિષ્ય, પુત્ર પરિવાર) શી રીતે
ખરો રસ્તો સમજશે કે શિખશે? ખરો રસ્તો સમજ્યા કે
શિખ્યા વિના તેને કેમ આદરી શકશે? ખરો રસ્તો આ
દર્યા વિના સુખી પણ શી રીતે થશે? આમ
આપણઓને ખરા સુખમાં વિઘ્નો કરવામાં ખરા કારણિ
કોણ? તમારે કબુલ કરવું પડશે કે તમે પોતેજ. તો પછ
તમે તેના હિતસ્વી કે શત્રુ? ટુંકાણમાં તમે તમારૂં પોતા
અને તમારી સંતતિનું કે પવિત્ર શાસનનું ભલું ઇચ્છત
હો તો ઇંદ્રજાળ જેવા ખોટા વિષય સુખથી વિમુખ થઇ
મહા દુઃખદાયી દોષોને દૂર કરી તમે પોતેજ પહેલાં ખરા
ખર સુધરવા–ગુણ ધારવા ખપ કરો–અભ્યાસ કરો અં
પછી તમારી સંતતિને સુધારવા પ્રયત્ન કરો. કોઇ પોતે તે
બેધડક વ્યભિચાર સેવે અને બીજાને બ્રહ્મચર્ય પાળવા ઉ
પદેશ દે તે શું લાગે? નજ લાગે; પણ પોતે શીલ સતે
ષાદિક ઉત્તમગુણ ધારી તેવાજ ઉત્તમગુણો ધારવા પોતાન
સંતતિને યા બીજા યોગ્ય ભવ્ય પ્રાણીઓને ઉપદિશે, તો
માનું છું કે તે અલ્પ પ્રયાસે સફળ થાય. અરે, વિના ઉ
પદેશે પણ કેટલાક ગુણગ્રાહી વીરનરો તો તેવા સુશીલ ધર્મ
ત્માઓથી સહેજે તેનું જોઇ શીખી લે.

આવા પવિત્ર ગુણધારી સાધુ, સાધ્વી, શ્રાવક અ
શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘનું દર્શન માત્ર કરી ભવ્ય ચકો
તીર્થ યાત્રાનું ફળ મેળવે, તો પછી તેવા ગુણ રત્નોના
ધાનરૂપ શ્રી સંઘની ભક્તિ, પૂજા–સત્કાર સન્માન કરનાર
તો કહેવુંજ શું? તેવા વિવેકી નર રત્નો તો થોડાજ સ
યમાં સર્વ અઘ (પાપ) ને દૂર કરી નિર્મળ થઇ પવિ
રત્નત્રયી યામી–આરાધી મોક્ષપદ પામે છે. જે જે તીર્થંક
થાય છે તે સર્વે આ તીર્થ આદિ વિશ્વ સ્થાનકોમાંના ર

કે વીશસ્થાનકને આરાધીને જીવ તીર્થંકર નામકર્મ ની કરે છે. માટે સર્વ પ્રાણીઓને પામવી પરમપવિત્ર કરનાર તૂ ગૌતમ જ મન અને સ્થાનક ઉજમ તીર્થની યાત્રા નાળિયેર (ગોટા) પૂજાના અર્થે આઇએ અને અનુક્રમે પવિત્ર મન, વચન અને કાયા ૧૦ ... બીજા ... સુખેથી ... ... વર્ણનાથી અનુમોદના કરી, ... પુષ્ટિ કરવી, એજ ... ... ઉદ્યમ.

સામાન્ય હિત શિક્ષા.

નિગ્રહ કરે છે તેજ મહાત્મા પાપ કર્મ નથી બાંધતો. અન્યથા પોતાના કલ્પિત ક્ષણીક સુખની ખાતર નાહક અનેક નિરપરાધી જીવોના પ્રાણુને લેતો અજયણાએ વર્તતો છતો તે જીવ ભારે કર્મ બંધ કરે છે. જે કર્મ ઉદય આવતાં બહુજ કટુક રસ આપે છે. દૃષ્ટાંત તરીકે પરજીવના રક્ષણાર્થે મુનિ મહારાજનો ધર્મધ્વજ (રજોહરણ) તથા સામાયક પોષધાદિકવ્રત ધારક શ્રાવક વર્ગથી રાખવામાં આવતો ચરવલો પ્રમુખ તેમજ મુહકલ [મોકળા] ગૃહસ્થ લોકોથી પ્રમાર્જનાર્થે રાખવામાં આવતી વાસંદી (સાવરણી) પ્રમુખ જો પરજીવોને બાધા ન કરે એવાં *સક્ષણ [સુંહાલા] હોય તેમજ તેવા છતાં પણ તેવોજ (પોચે હાથે પ્રમાર્જવા રૂપ) તેનો સદુપયોગ જો કરવામાં આવે તોજ તે તે સાર્થક હોઇ જયણા પાળવામાં સહાયભૂત થાય છે; અન્યથા નહિં. દૃષ્ટાંત તરીકે આજકાલ અજ્ઞાન દશાથી મુગ્ધ જીવો ભૂમિ શુદ્ધિ કરવા માટે તેવાં સારાં ઉપકરણ નહિ રાખતાં પ્રાયઃ ખજુરી વિગેરેની વાસંદીઓનો ઉપયોગ કરતા દેખાય છે કે જે બાપડા એકેંદ્રિથી માંડી ત્રસ જીવોના સંહાર માટે ભારે શસ્ત્ર (સ્ક્રેપર) જેવું થઇ પડે છે. આપણને એક કાંટો વાગતાં દુઃખ થાય છે તો બાપડાને ક્ષુદ્ર જંતુઓના જાનનો ઘાત થાય તેવાં શસ્ત્ર જેવા ઘાતકારી પદાર્થો વાપરવાનં હિંદુ માત્ર યા વિશેષ કરીને જૈન માત્રને છાજેજ નહી. અલ્પ ખર્ચ અને અલ્પ પ્રયાસે આ સેવાતો ભારે દોષ--દૂર થઇ શકે તેમ છતાં બે દરકારીથી તેની ઉપેક્ષા કર્યા કરવી દયાળુ જીવને ઘટે નહીં, માટે આશા છે કે તે સંબંધમાં ધર્મની કંઇ પણ લાગણી ધરાવનારા તેનો તરત વિચાર કરી અમલ કરી લેશે.

બીજી પણ ઉપર બતાવેલી ચલનાદિક ક્રિયા કરવાની જરૂર પડે છે તેમાં બહુજ ઉપયોગ રાખી જીવોની વિરા-

ધના નહીં કરતાં જયણા પાળવી. ચાલતાં છતાં ધુંસરા પ્રમાણુ ભૂમિપર દૃષ્ટિ રાખી એકાગ્ર ચિત્તે વર્તતાં, તેમજ બેસતાં, ઉઠતાં, ઉભા રહેતાં, શયન કરતાં છતાં પણ તેવીજ રીતે પરોપઘાત ન થાય તેમ સાવચેતી રાખી રહેવું. ભોજન સંબંધી તો જૈનશાસ્ત્ર પ્રસિદ્ધ બાવીશ અભક્ષ્ય અને બત્રીશ અનંતકાય વરજી તેમજ બીજા ભોજ્ય પદાર્થો પણ જીવાકુલ ન હોય તેમજ જાણતાં કે અજાણતાં જીવોનો સંહાર કરીને નીપજાવ્યા ન હોય તેવાજ ઉપયોગમાં લેવા જોઇએ, તે પણ દિવસ છતાંજ પ્રકાશવાળા સ્થાને પહોળા ભાજનમાં રાખીને વાપરવા જોઈયે, જેથી સ્વપર બાધાને વિરહે જયણા માતાની ઉપાસના કરી કહેવાય.

ભાષણ પણ હિત, મિત, ધર્મને બાધક ન આવે તેવું અવસર ઉચિત વિચારીને, વદની વખત મુખે વિરતિવંતને મુખપતિ તથા લોકમાં ગૃહસ્થને પણ [illegible] મહારાજની પેરે ધર્મ કથા [illegible] (જિનાગમસંગનો છેડો) મુખ [illegible] વદતાં જયણા સેવી [illegible]

આ પ્રમાણે ઉક્ત કહીએ [illegible] જેમ [illegible] અને તેથી વિરૂદ્ધ [illegible] માતાની પેરે માનવા યોગ્ય [illegible] પ્રવીણ પવિત્ર [illegible] પુત્રોની [illegible] ની અને [illegible] પાત્ર [illegible] જયણા માતાનું આ [illegible]

૨ અંજુવાળુ [illegible] પાણી [illegible] લીધાથી [illegible] મુખ [illegible] તેમજ [illegible] કેટલો [illegible] વિચારો? [illegible] તથા [illegible] જેવો [illegible]

સંબંધી કેટલો બધો અપધર્મ સેવે છે તેનો નમુનો જુવો? સર્વ કોઈ કુટુંબી યા જ્ઞાતિભાઈઓ માટે પાણી પીવા માટે સ્થાપન કરી રાખેલા ભાજનમાંથી પાણી કાઢવા એક જુદું (અંલાયદું) વાસણ નહિં રાખતાં જે વાસણથી પોતે પાણી પીયે છે તેજ એઠા પાણી સહિત વાસણથી ફરીને તેજ ભાજનમાંથી પાણી નીકાળી પોતે યા બીજા પીયે છે, જેથી શાસ્ત્ર મર્યાદા મુજબ તે જળના ભાજનમાં અસંખ્યાત લાળીયા સંમૂર્છિમ જીવ પેદા થાય છે, અર્થાત્ તે જળનું આખું ભાજન ક્ષુદ્ર જીવમય થઈ જાય છે, જેઓનું આ અન્ન, પશુ જેવા નિર્વિવેકી જીવો પાન કરે છે-એમ કહેવું અયોગ્ય નથી. એઠું અન્ન કે પાણી અંતઃ મુહૂર્ત ઉપરાંત અવિવેકથી કે પ્રમાદથી રાખી મૂકનાર આ પ્રમાણે અસંખ્ય જીવોની વિરાધના કરનાર થાય છે. આમ સમજીને હૈડે સાન આણી પરભવથી ડરી જેમ તે અસંખ્ય જીવોનો નાહક સંહાર ન થાય તેમ ચેતતા રહેવું ઘટે છે.

તેમજ વાસી, બોળો, દ્વિદલ સાથે કાચો ગોરસ આદિક અભક્ષ્ય બદલ સર્વથા વર્જવું. નાનામોટા જમણવારો વખતે પાક ક્રિયા જયણા રહિત કરવાથી ઘણા જીવોનો ઘાણ નીકળી જાય છે. તેમજ એઠું છાંડવાથી પણ ઘણોજ ટોટો આવે છે. જો જયણાપૂર્વક દરેક સ્થાને વર્તવામાં આવે તો કોઈને પણ બાધક નહીં આવતાં ધર્મ આરાધનનો પણ મોટો લાભ સહજે હાંસલ કરી શકાય. માટે હે સુજ્ઞો! લજ્જા અને દયાશિલ થઈ જયણાને એક પળ પણ વિસારશો નહિ.

૩ ઉદ્દાઉ ખર્ચ—માબાપના મરણ પછી યા પુત્ર પુત્રી વિગેરેના લગ્ન વખતે ઘણે ઠેકાણે નાહક ખર્ચ કરવામાં આવે છે અને ઉક્ત વખતે ખાસ કરવા યોગ્ય કરવાની જે દરકારી ધારવામાં આવે છે. દષ્ટાંત તરીકે માબાપના અવ

કરવા ઈચ્છતા માબાપોએ તેમને તેવી કુસંગતિથી બચાવવા અને સત્સંગતિમાં જોડવા કેટલી બધી કાળજી રાખવાની જરૂર છે! નહિં તો તે માબાપોને તે બાળ બચ્ચાંના હિતકર્તા માનવા કે અહિતકર્તા? એ ધડક કહી શકશું કે અહિતકર્તા-શત્રુ-દુશ્મન જેવાજ માનવા જોઇએ. કેમકે તેઓએ પોતાનાં બાળ બચ્ચાંને જાણી જોઇને કે બેદરકારીથી સદ્ગતિનો માર્ગ બંધ કરી દુર્ગતિનો રસ્તો ઉઘાડો કરી આપ્યો. અવળે રસ્તે દોર્યા માટે. બાળક જન્મ્યા પહેલાં પણ ગર્ભમાં તેને વ્યથા ન થાય તેમ વિષય સેવન સંબંધમાં સંતોષથી માબાપે વર્તવું જોઇએ. જન્મ થયા બાદ તેની બાલ્યવય સુધીમાં તે અપશબ્દ ન સાંભળે કે ન બોલે, એક સુક્ષ્મ જંતુને પણ મારવા ન શીખે કે ન મારે તેવો ઉપયોગ રાખવો જોઇએ તથા તેને કોઈ પણ માઠી સંગતિ ન થવા પામે તેની પુરતી કાળજી રાખવી જોઇએ. સમજણો થયો કે તરત તેને સારા વિદ્યાગુરૂ કે ધર્મ ગુરૂને હવાલે કરી દેવો જોઇએ; જે વિદ્યાગુરૂ કે ધર્મ ગુરૂ તેને વિનયાદિ ઉત્તમગુણોનું સારી રીતે શિક્ષણ આપે, જેથી પ્રાપ્ત થયેલી વિદ્યાની સફળતા રૂપ વિવેક રત્ન તે પામે. અન્યથા કુસંગ કુછંદ યોગે વિનય વિદ્યાહીન રહેવાથી વિવેક રહિત પશુ જેવી આચરણા કરતો રણના રોઝની જેમ ભવાટવીને વિષે તે પરિભ્રમણ કરે છે.

બાળ લગ્ન, ફટાકડાં-આ સર્વ વિદ્યા વિનયાદિક પામવામાં મોટા વિઘ્નરૂપ નીવડે છે; જેને પરિણામે તેઓ આ લોકના સ્વાર્થથી ભ્રષ્ટ થઇને પરભવનું પણ સાધન પ્રાયઃ કરી શકતા નથી; એટલુંજ નહિ પણ અનેક પ્રકારના દુર્ગુણો શીખી-આચરી મહાકષ્ટના ભાગી થાય છે. માટે બાળ બચ્ચાંનો સુધારો કરવાની જોખમદારી માબાપોના શીરપર ઓછી નથી. તે તેઓએ ખુબ વિચારવાની જરૂર છે. માબાપોની કસુરથી છોકરાં મૂર્ખ પ્રાયઃ રહેવાથી તેઓનેજ એક

રાળરૂપ થાય છે. તેમજ તેઓની પવિત્ર કાળજીથી બાળકો વ્યવહાર અને ધર્મકાર્યમાં નિપુણ થવાને લીધે ઉભય લોકમાં સુખી થવાથી તેઓને ભવોભવમાં આશીર્વાદ આપે છે. પરંપરાએ અનેક જીવોના હિતકર્તા થાય છે. તેમજ તેઓ શ્રેષ્ઠ માબાપ તરીકેની પોતાની ફરજે પોતાના બાળબચ્ચાં કે સંબંધીઓ પ્રતિ અદા કરવા ચૂકતા નથી; હમેશાં સજ્જન વર્ગમાં પોતાના સદ્ વિચારો ફેલાવવા યત્ન કરે છે. તેમજ પારમાર્થિક કાર્યોમાં આગળ પડતો ભાગ લે છે અને બીજા યોગ્ય જીવોને પણ પોતપોતાને યોગ્ય કરવા પ્રેરે છે. આ બધા ફાયદા માબાપોના ઉત્તમ શિક્ષણ અને ઉત્તમ વર્તનપર આધાર રાખતા હોવાથી આપણે ઇચ્છશું કે હવે પછી પોતાની સંતતિનું ભલું ઇચ્છનારા માબાપો પોતે ઉત્તમ શિક્ષણ ધારી ઉત્તમ વર્તન આદરી પોતાના બાળબચ્ચાંઓના અંતઃકરણના આશીર્વાદ ગ્રહણ કરવા ભાગ્યશાળી થશે.

श्रावक तरीके ओळखाता जैनोनी अमल करवा योग्य फरजो.

યા શ્રાવક ધર્મનું ધોરણ.

પૂર્વ પુણ્યયોગે દશ દષ્ટાંતે દુર્લભ મનુષ્ય ભવાદિક ઉત્તમ સામગ્રી પામી પોતાનો પુરૂષાર્થ ફોરવી પરમ પવિત્ર શ્રી વીતરાગ પ્રણિત ધર્મમાર્ગનું જાણપણું મેળવી તેનું યથા શક્તિ સેવન–આરાધન કરી કૃતકૃત્ય થવું એ હરેક અક્કલવંત શ્રાવકકુળમાં ઉત્પન્ન થયેલા ભાઇઓ તથા બ્હેનો તેમજ યુક્તિ યુક્ત સત્ય વાતને કદાગ્રહ રહિતપણે કબુલ રાખનારા હરેક મધ્યસ્થ દષ્ટિ–નિષ્પક્ષપાતબુદ્ધિ જનની ખાસ ફરજ છે. પોતાની ખાસ ફરજો બજાવ્યા વિના અંતે પોતાનો છુટકો નથી,

માટે દરેક આત્માર્થી જીવને પોતાની આવ્રા ફરજો જાણવાની અને જાણીને તેમને અત્યંત આદર-ખંતથી અમલમાં મૂકવાની જરૂર છે.

પ્રથમ તો મહા મલીનતા જનક રાગ દ્વેષ અને મોહાદિક ગ્રસ્ત કુદેવ કુગુરૂ તથા તદુપદિષ્ટ કુધર્મનો સર્વથા ત્યાગ કરવો યોગ્ય છે. તેમાં પણ કુગુરૂને તો કાળા સર્પથી પણ અધિક દુઃખદાયી માની તજી દેવા. કેમકે કાળો નાગ કદાચ કરડે તો એકજ વખત પ્રાણ હરે, અને આતો મિથ્યા ઉપદેશથી ભવોભવ ભટકાવે-અનેક જન્મ મરણ કરાવે, માટે બુદ્ધિવંતે તેની સંગતિ સર્વથા તજવી તેમજ પુર્વોક્ત રાગાદિક કલંકથી સર્વથા રહિત સુદેવ તથા વીતરાગ સર્વજ્ઞ દેવની આજ્ઞા આરાધવામાં તત્પર બાહ્ય અને અભ્યંતર ગ્રંથિથી રહિત નિગ્રંથ સુગુરૂ અને વિતરાગ દેશિત (ભાષિત) દાન, શીલ, તપ અને ભાવનારૂપ સુધર્મ તેને બહુ યત્નથી સેવવા તત્પર રહેવું. તેમાં પણ સાક્ષાત્ તીર્થંકર યા કેવળજ્ઞાનીને વિરહે નિગ્રંથ સાધુની સેવા કરવામાં વિશેષે રસિક થવું. કેમકે તેવા સદ્ગુરૂથકી ભવ્ય પ્રાણીઓને ભવભયને હરનારો શુદ્ધ દેવ, ગુરૂ અને ધર્મ સંબંધી તત્વ ઉપદેશ મળે છે, જેને આદરીને અનેક ભવ્યજીવો ભવજળધિ સહેજ તરે છે, અર્થાત્ સર્વ દુઃખોનો અંત કરી કાયમને માટે અક્ષયસુખને વરે છે.

(સદ્ગુરૂ ઉપદેશ-ત્રણ તત્વોનું સેવન.)

હે ભવ્યો ! જો તમે જન્મ, જરા અને મૃત્યુ,-આધિ, વ્યાધિ અને ઉપાધિ જન્ય અનંત દુઃખથી ભરેલા આ ભવ (સંસાર)થી ઉભગ્યા હો, અને તમને મોક્ષપુરીના અક્ષય સુખને સાક્ષાત્ અનુભવવા ખરેખરી અભિલાષા જાગી હોય તો સંસારના સંપૂર્ણ દુઃખોને કાપવા અને મોક્ષના અક્ષય સુખને સાધવા આ પ્રમાણે ઉદ્યમ કરો. પ્રથમ તો પૂર્વે કહેલા દોષોથી દૂષિત એવા કુદેવ, કુગુરૂ અને કુધર્મને હમેશને માટે

લોક અને પરલોક) વિરૂદ્ધ હોવાથી, સર્વથા દુઃખદાયીજ છે. આ સાત માંહેના કોઈ પણ એક મહા વ્યસનથી પરાભવ પામેલો પ્રાણી અંતે અવશ્ય પાયમાલ થાય છે, તો તે સાતેને સેવનારનું તો કહેવુંજ શું ?

આ વસ્તુઓના હડહડતા વ્યસની લોકો મહા નીચ કર્મના કરનારા હોવાથી આ લોકમાંજ અતિ ધિક્કારને પામે છે–મહા દંડ પામે છે. યાવત્ કમોતે (અકાળ અને અસમાધીવાળું મૃત્યુ પામી) મરે છે અને પરભવમાં તો નરક નિગોદ આદિ અનંત દુઃખ અનેકવાર પામે છે. નરકને વિષે પરમાધામી વિગેરે મહા આકરી વેદના ઉપજાવે છે. ત્યાં કોઈ શરણભૂત થતું નથી. પરથા ઉપર પાટુની પેરે આ બળ્યા ઉપર ક્ષારની પેરે પરમાધામીઓ પૂર્વે કરેલાં મહા પાપોને સંભળાવી સંભળાવી બહુ બહુ સંતાપે છે. તે સર્વ નહિ સહન થઈ શકવાથી તેઓ મહા પોકાર કરે છે, પણ તે સાંભળી કોઈને દયાનો છાંટો આવતો નથી. વજ્ર જેવી કઠીન છાતીવાળા પરમાધામીઓ આવા પાપીઓને પીડતાજ જાય છે. તે વખત પૂર્વે કરેલાં પાપો યાદ આવવાથી ઘણો પરિતાપ (પશ્ચાત્તાપ) થાય છે. પણ જેવું જેવું આકરૂં પાપ કર્યું હોય છે તે તે પ્રમાણે વિડંબના–દુઃખ ભોગવ્યા પછીજ ત્યાંથી છુટકો થાય છે. તે પણ શમતાથી ભોગવે તો, નહિ તો મહા આર્ત રૌદ્ર ધ્યાનથી પાછાં ભારે નિકાચિત કર્મ નવાં બાંધી આગળ તેથી પણ આકરાં વધારે દુઃખ ભોગવવાં પડે છે.

આ પ્રમાણે પહેલાં અને પછી પણ કેવળ દુઃખનેજ દેનારાં આ ઉપર બતાવેલાં સાતે મહા વ્યસનોને બુદ્ધિવંતે પોતાનાજ હિતની ખાતર સંકલ્પ (નિશ્ચય) પૂર્વક તજવાં જોઈએ. આ મહા વ્યસનોને સેવનાર (મન વચન અને કાયાવડે કરનાર, કરાવનાર યા કરનારની અનુમોદના કરનાર)

મહા સંકિલષ્ટ પરિણામવડે, મહા અશુભ નિકાચિત ક
બાંધી પોતાનાજ આત્માને મહા મલીન કરી નરકાદિક
માઠગતિ પામી અનંત દુઃખો પામે છે. તેથીજ પરમ કૃપા
શ્રી સર્વજ્ઞ પ્રભુએ ભવ્ય જીવોના ભલાની ખાતર ઉપર બતાવેલ
મહા વ્યસનો પરીહરવા પવિત્ર શાસ્ત્રોમાં પ્રસંગે પ્રસં
ઉપદેશ કરેલો છે. કોમળ હૃદયવાળા પવિત્ર આશયવાળ
પ્રાણીઓ તેવો પવિત્ર ઉપદેશ પામીને પૂર્વોકત સાત મહ
વ્યસનોનો જેમ બને તેમ શીઘ્ર અવશ્ય ત્યાગ કરે છે. કે
વળી અર્ધદગ્ધ યા દુવિદગ્ધ દુર્ભાગી જીવોજ તેવા સદ્ગુ
દેશનો અનાદર કરી કુમતિની કદર્થનાને સહન કરતા અ
પમતિએ અવળા ચાલે છે તેઓની છાતી તેવાં ઘોરકર્મ
કરવામાં અત્યંત કઠીન વજ્ર જેવી હોવાથી તેઓ આપ
નરકાદિક મહા દુઃખોનાજ અધિકારી છે તેમજ તેવા સદુ
પદેશાદિકને વિરહે અનાદિના [illegible] અજ્ઞાનવડે તેવાં કુ
કર્મોને સેવનારના [illegible] આ ઉપદેશ
તાત્પર્ય એ છે કે [illegible] થયેલી સદ્ગુરૂ
આદિ ઉત્તમ સામગ્રીનો [illegible] જેમ બને તેમ શીઘ્ર
પૂર્વોકત [illegible] સ્વરૂપ યથાર્થ (સહેતુક)
સમજી [illegible] અવશ્ય [illegible] પૂર્વક ત્યાગ કરવો એજ
દરેક [illegible] હિતાર્થીનું કર્તવ્ય છે

[illegible] સામગ્રીનો અનાદર કરી [illegible] ઉપર પ્રાપ્ત
[illegible] યોગે [illegible] કેવળ દુરાશા રૂપજ
છે કેમકે તેવા [illegible] ઉત્તમ સામગ્રીનો
જન્માંતરે લાભ થવો [illegible] નથી અજ્ઞાનવશે અતીન
અનંત [illegible] અને અ
[illegible] પૂર્વ સંચિત યોગે [illegible] થયેલી સત્ સામગ્રી
નો [illegible] શકતો નથી [illegible] ભાગ્ય યા હત ભાગ્ય
[illegible]

શોધે પ્રાપ્ત થયેલા આ ઉત્તમ મનુષ્ય ભવ સદ્ગુરૂ સમા-
ગમાદિ રૂપ સત્ સામગ્રીનો છતો લાભ પામી પ્રમાદ મહા
શત્રુને વશ પડી ચિંતામણી રત્ન સદૃશ ધર્મનું આરાધન
કરતા નથી તે મૂઢ-પામર પ્રાણીઓ ખરેખર ચતુર્ગતિ રૂપ
સંસાર અટવીમાં બહુવાર રઝળી મહા દુઃખ વિટંબના પામે
છે અને પામશે, માટે દુઃખથી ડરનારા અને સુખના અર્થી
જીવોએ અવશ્ય પ્રમાદના પાશથી છૂટી સ્વહિત સાધવા ન
ચૂકવું. અત્યારે થોડા વખતમાં સ્વાધીનપણે અલ્પ કષ્ટે ધાર્યું
નો આત્મ સાધન થઈ શકે તેમ છે, પણ પ્રમાદથી આ
અમૂલ્ય તક ચૂક્યા તો પછી પાછું ઠેકાણું પડવું મહા મુ
શ્કેલ છે. પછી તો પરાધીનપણે પણ દુઃખ દરીઆમાં ડુ
બ્યા છતાં કોઈ પણ શરણભૂત થનાર નથી. શ્રી ધર્મના
મહાત્મ્ય વિષે કંદરાજાના અધિકારે શ્રી ધનેશ્વર સૂરિજી
કહે છે કે

"धर्मंगाधिगतैश्वर्यो, धर्ममेव निहंति यः ।
कथं शुभायतिर्भावी स स्वामिद्रोह पातकी." ॥

સારાંશ એ છે કે પૂર્વે સેવેલા ધર્મનાજ પ્રભાવે કરી
સર્વ સંપત્તિ પામ્યા છતાં જે મૂઢ બુદ્ધિ ધર્મનેજ હણે છે
તે સ્વામીદ્રોહ કરનાર મહા પાતકીનું શ્રેય શી રીતે થશે ?
અર્થાત્ કદાપિ થઈ શકવાનું નહિ. એક સામાન્ય રાજાનો
આજ્ઞાભંગ રૂપ મહા અપરાધ કરનારને મહા દુઃખ સહન
કરવું પડે છે તો ત્રિજગત્-ગુરૂથી જિનેશ્વરદેવે પરમ કરૂણા
-હિત બુદ્ધિથી ફરમાવેલી હિત-શિક્ષા રૂપ ઉત્તમ આજ્ઞાનું
તદ્દન ઉલ્લંઘન કરી મદોન્મત્ત બની કેવળ વિષય સુખનીજ
લાલચમાં લપટાયેલા અતિ દીન-પામર પ્રાણીઓને કેટલું
બધું આકરૂં ઉપર સહન કરવું પડશે? અહો ! મોહમદીરાના
મોટા નિશામાં મગ્ન થઈ ગયેલા તે મહા મૂઢ જનોને તે
સંબંધી ખ્યાલ પણ આવતો નથી કે અત્યારે એક લવલેશ

ભલામણ કરીએ છીએ. આ સંસાર ભ્રમણ કરવાના મૂળ કારણ ભૂત રાગ દ્વેષ અને મોહાદિકથી સર્વથા મુક્ત થએલા સર્વજ્ઞ પ્રભુના પરમ પવિત્ર પ્રવચનપર પૂર્ણ વિશ્વાસ રાખવો એ સમકીતિ ભવ્ય સત્વોનું ખાસ કર્તવ્ય છે. તેવા સર્વજ્ઞ પ્રભુના સાક્ષાત્ વિરહે સર્વત્ર અવિરોધી આગમો યા આગમધરોજ આત્માર્થી મુમુક્ષુ વર્ગને તેમજ દુઃખથી ડરી સુખની ચાહના રાખનાર પ્રાણીઓને ખાસ નિયામક છે. તેમનીજ ઉપેક્ષા કરી સ્વચ્છંદપણે કેવળ વિષય સુખનીજ આશંસામાં પડી જનાર પાપી પ્રાણીઓ પરભવને વિષે અને ક્વચિત્ આ ભવને વિષે પણ મહા પશ્ચાતાપ પામે છે. તેમના હિતની ખાતર અહીં પ્રસંગે લેશમાત્ર કહેવાયું છે, બાકી તો પૂર્વ મહા પુરૂષોએ તે તે માંસાદિ મહા વ્યસનોના સેવનારાની ફજેતી અને થતી દુર્દશા વર્ણવીને અનેક રીતે અનેક ઠેકાણે તે તે મહા વ્યસનોનો પ્રતિષેધ કર્યો છે. તેમજ તે તે વ્યસનાદિકથી સંકલ્પ પૂર્વક વિમુખ રહેનાર અર્થાત્ તે તે માંસાદિક મહા વ્યસનોનો ત્યાગ-નિયમ કરનાર સત્પુરૂષોના દાખલા ટાંકી અન્ય ભવ્ય પ્રાણીઓને પ્રેરણા કરેલી છે. બુદ્ધિવંતે કોઈ પણ કામ તેનું પરિણામ વિચારવા પૂર્વકજ કરવાનું છે, તેવો યોગ્ય વિચાર કર્યા વિના જે સહસા કામ કરે છે તેને બહુધા પશ્ચાતાપ કરવાનો પ્રસંગ આવે છે. શાસ્ત્રકાર કહે છે કે–

" હોય વિપાકે દશ ગણું રે એકવાર કિયું કર્મ;
શત સહસ્ર કોટિ ગમેરે, તીવ્ર ભાવના મર્મરે, પ્રાણી !
જિનવાણી ધરો ચિત્ત. "

પરમાર્થ એવો છે કે કોઈ પણ અકૃત્ય સામાન્ય રીતે મોહ કે અજ્ઞાનનેવશે કર્યું તો તેને બદલે દશ ગુણો દંડ નો ભોગવવોજ પડે છે, પણ જો તેજ અકૃત્ય રાચી માચીને અત્યંત સંક્લિષ્ટ પરિણામે કરવામાં આવે તો તેના પ્રમાણમાં

મો ગુણો, હજાર, લાખ, ક્રોડ, ક્રોડા ક્રોડ યાવત્ અસંખ્યયા અનંત ગુણો દંડ સહન કરવો પડે છે.

આ પ્રમાણે સમસ્ત માંસાદિક સાત મહા વ્યસનોથી સર્વથા ઓસરવું એટલુંજ નહિ પણ સર્વ પાપસ્થાનોનો સર્વથા પરીહાર કરવા મનનો પ્રયત્ન કરવો. કેટલાક દુર્વિદગ્ધો (પંડીત મન્યો) શિવોઽહં, બ્રહ્માઽસ્મિ, ઇત્યાદિક મિથ્યા ઘોષો કરતા દેખાય છે, પણ તેમનાં આચરણ જોતાં પ્રેક્ષકોને તો તેથી બહુ શરમ લાગે છે. કારણ કે માંસ, મદિરા જેવી અતિ નિંદનીક વસ્તુઓ પણ તેઓ તજતા નથી, એટલુંજ નહિ પણ અબ્રહ્મ (મૈથુન) સેવનાદિક અગણિત પાપ પંકમાં અહોનિશ સૂકરની પેરે તેઓ રાચે માચે છે આમ જણાવી તેઓની નિંદાવડે તેઓની વિગોવણા કરવા-કરાવવા નો અમારો આંતર પરિણામ નથી. કિંતુ તેઓ શિવોઽહં ઇત્યાદિ વચન માત્રથી જે ઉચ્ચરે છે તે વુંજ કિંતાના મૂકે અર્થાત્ કોઇપણ ચેતન પ્રાણી વર્ગને મનથી, વચનથી કે કાયાથી સ્વયં (પોતે) ઉપદ્રવ ન કરે, ન કરાવે, તેમજ કરનારને સારો ન માને, એમ અંતઃકરણથી ઇચ્છીએ છીએ.

જેવું વચનમાં તેવુંજ મનમાં અને તેવુંજ કાયા વડે વર્તાવનાર (પાળનાર) નિર્માયી, નિષ્કપટી કે નિર્દંભી કહેવાય છે. પણ મનમાં જુદો, વચનમા જુદો અને કાયામા જૂદો વર્તનાર તો કેવળ માયાવી, કપટી, કે દંભી તરીકેજ ગણાય છે. તાત્વિક (ખરો) શિવ (શંકર) કહી કોઇને કોઇ પણ પ્રકારે પોતે પીડે નહિ, બીજા પાસે પીડાવે નહિ તેમજ પીડનાર નીચ અધમની અનુમોદના પણ કરે નહિ, છતાં તેથી તદ્દન વિપરીત વર્તનાર તો એક કેવળ મિથ્યા ડોળઘાલુ માયાવીજ માનવા યોગ્ય છે.

શુદ્ધ નિશ્ચયનયથી જોતાં આત્માને વર્ણ જાતિ કે વે-

દાદિક કંઇપણ ઘટતુંજ નથી, પણ વ્યવહારનયથી કર્મ સં- બંધે જીવોની વિચિત્ર પરિણતિને વશે શાસ્ત્રકારોએ વર્ણા- દિકની વ્યવસ્થા કરેલી દીસે છે. અનુભવ ગોચર પણ તેમજ થાય છે. જો કે શાસ્ત્રકારોએ સામાન્ય રીતે વર્ણાદિકની વ્ય- વસ્થા કરી બતાવી છે, તોપણ તેમનો તત્વ ઉપદેશ તો એજ છે કે કેવળ અમુક વર્ણાદિકમાં ઉત્પન્ન થવા માત્રથી તેને તે રૂપજ માની લેવો નહિ, કિંતુ ગુણદોષના વિવેક સાથે તેના આચરણને બરોબર લક્ષમાં લઇને તેમાં અમુક વર્ણાદિકનો આરોપ કરવો. અન્યથા-નહિ, કેમકે કોઇ નામ માત્રથી ઉ ચ્ચવર્ણ ગણાતા છતાં પ્રત્યક્ષ મહા ઘોર પાપકર્મના કરનાર પણ જણાય છે. તેમજ નામ માત્રથી નીચજાતિ વર્ણવાળા ગણાયા છતાં પ્રત્યક્ષ રીતે અનેક સદ્ગુણો વડે ઉચ્ચ અધિકારને સંપ્રાપ્ત થયેલા દીસે છે, આવે પ્રસંગે શાસ્ત્રકારોના તત્વ ઉપ દેશ ઉપર ખાસ લક્ષ રાખવાની જરૂર છે. અન્યથા મતિ ભ્રમથી વારંવાર સ્ખલના થવાનો સંભવ છે. ઉપદેશમા- ળાદિક શાસ્ત્રકર્તાઓએ પણ તત્વ-ધર્મને અવલંબીનેજ જાતિ આદિકની સૂચના કરી નથી. તેવા મહાપુરૂષોનાં વ ચનનો વિવેકી પુરૂષોએ અવશ્ય આદર કરવો યોગ્ય છે આપ્ત વચનથી આપણું જાણી શકીએ છીએ કે, ચંડાળ જેવી નીચ જાતિમાં જન્મેલા મેતાર્ય, હરિકેશી આદિમાં પુરૂષો પવિત્ર રત્નત્રયીને સમ્યગ પ્રકારે આરાધી મોક્ષપદ સાધી શક્યા છે. તેમજ સુલસ જેવા ચંડાલના કુળમાં ઉ ત્પન્ન થયા છતાં આવશ્યકને આરાધી દેવગતિને વરી શક્યા છે. માટે તત્વ વિચારે તો ગુણજ નિયામક છે, આથીજ નીચકુળને વિષે ઉત્પન્ન થયા છતાં અનેક સદ્ગુણ શિરોમ ણિઓ પોતાના પવિત્ર આચરણ વડે જગતપૂજ્ય થઇ પર મપદ પ્રાપ્ત થયા છે. તેમજ ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયા છતાં અનેક દોષોનું સેવન કરી અત્યંત મલીન આત્માઓ અ ધોગતિને પ્રાપ્ત થયા છે. માટે ઉત્તમ કુળમાં અવતરવા મ.

કે તે દશ પ્રાણો માહેના જમે તેટલા પ્રાણોને ધારણ કરતા પ્રાણીઓ (એકેંદ્રિયથી પંચેંદ્રિય પર્યંત) નો અતિપાત એટલે વિનાશ કરવો એટલે જાણતાં કે અજાણતાં પ્રમાદને પરવશ થઈ પ્રાણી વર્ગને પીડા ઉપજાવવી યાવત્ તેમનો ક્ષય કરવો તેનું નામ પ્રાણાતિપાત કહીએ. સર્વ પ્રાણી વર્ગના પ્રાણોને પોતાના પ્રાણો જેવા પ્યારા લેખી-માની તેમને બિલકુલ કિલામણા જે મહાત્માઓ કરતા નથી, તે દમનશીલો પાપાશ્રવ (પાપનું દ્વાર) બંધ કરી પોતાના આત્માને મલીન કરતા નથી. કોઈ પણ પ્રાણીને પીડા કરવાનો આપણને હક્ક નથી. પોતપોતાને પ્રાપ્ત થયેલા પ્રાણોને ધારણ કરતા સર્વ જીવો સુખ માને છે-વાંછે છે. તેમના પ્રાપ્ત થયેલા પ્રાણોને અપહરી તેમને સુખનો અંત રાય કરવો, યાવત તેમના પ્રાણ લેતાં જે પરમ અસમાધિ ઉપજાવવી તે તત્ત્વથી વિચારતાં પોતાના ભાવિ દુઃખનું મૂળ કારણ છે.

(૨) બીજે મૃષાવાદ—મૃષા કહેતાં મિથ્યા વા અસત્ય અને વાદ એટલે વદવું તે અસત્ય બોલવું. મિથ્યા—વિના પ્રયોજન-અસંબંધ ભાષણ કરવું, સ્વપરને હિત ન થાય તેવું અણવિચાર્યું અપ્રિય કટુક બોલવું તે મૃષાવાદ કહેવાય. કદાગ્રહવડે સત્ય-ધર્મ વિરૂદ્ધ ભાષણ કરી સ્વપક્ષ સ્થાપન કરવો તે મહા મૃષાવાદ સમજવું.

સાધુ મત અંગીકાર કર્યાં છતાં કદાગ્રહ વડે જે આવું મહા અસત્ય બોલે છે-પ્રરૂપે છે. તેને શ્રષ્ટાચારી મહા મૃષાવાદી સમજવા. અસત્ય બોલવાથી ઘણા અવગુણ છે, અને સત્ય, હિત ને મિત ભાષણ કરવામાં ઘણા ગુણો છે, છતાં **વસુરાજાની** જેવા કેટલાક મૂઢ જીવો ખોટી દાક્ષિણ્યતામાં દોરવાઈ જઈ મિથ્યા લોકપ્રવાહમાં તણાઈ પોતાના આત્માને ભારે જોખમમાં ઉતારે છે, તેમજ કેટલાક મહામતિમૂઢ મા-

કર્તું પણ અતિપ્રસંગ વિપર્યાસ થઈ ન જાય તેવું ઉપયોગ પૂર્વક બોલવું. અર્થાત્ ખાસ જરૂર જણાય તેટલુંજ મિત બાલવું કરવું. તે પણ ગર્વ અહંકાર રહિત યોગ્ય આદરથી પોતાની ફરજ વિચારીને બોલવું, પણ મદાંધ થઈને મદના તોરમાં જેમ આવે તેમ નહિં. તે પણ ભો મહાનુભાવ! ભો દેવાનુપ્રિય! ભો ભદ્ર! ઇત્યાદિક સામાના ચિત્તને સોહાવે તેવા સંબોધન પૂર્વક વદવું પણ જેમ તેમ તુંકારાદિક અથવા અનિષ્ટ સંબોધનથી નહિં. તે પણ પૂર્વે (બોલ્યા પહેલાં) પરિણામ વિચારીને એટલે આમ બોલવાથી પ્રાયઃઆવોજ પરિણામ આવશે એમ બુદ્ધિના બળથી વિચારીને વદવું પણ સહસા પાછળથી વિમાસવું પડે તેવું ન બોલવું. તેપણ પૂર્વાપર કોઈ પણ રીતે ધર્મને બાધક ન આવે કિંતુ વીતરાગ-વચન સાપેક્ષ હોવાથી એકાંત (નિશ્ચયથી) સદ્ગુણની પુષ્ટિજ કરે તેવુંજ વચન વિવેકવડે વિચારીનેજ વદવું કેમકે સાપેક્ષ (વીતરાગ વચનનું રહસ્ય વિચારી લક્ષમાં રાખી) વદનારનેજ સદા સુખ છે. તેનો વ્યવહાર તેથી સાચો છે, અને વીતરાગ વચનનો અનાદર કરી નિરપેક્ષપણે (સ્વચ્છંદતાથી) વર્તનાર અર્થાત્ આપ મતે બોલનાર અને ચાલનારનો વ્યવહાર ખોટો હોવાથી તેને સર્વતઃ હાનિ છે. આપ્ત (સર્વજ્ઞ-કેવલી) ના વચનને યથાર્થ અનુસર્યા વિના કદાપિ કોઈ પણ જીવનું કલ્યાણ થયું નથી તેમજ થવાનું નથી. એમ સમજીને સહૃદય સજ્જનો સદા તેનેજ અક્ષરશઃ અનુસરવા સાવધાનતા ધારે છે; એક ક્ષણ પણ પ્રમાદ સેવતા નથી. કદાચ તદ્દત્ આચરી શકતા નથી અર્થાત્ આપ્ત ઉપદિષ્ટ માર્ગનો યથાર્થ અમલ કરી શકતા નથી તોપણ તે માર્ગની દઢ શ્રદ્ધા સાથે શુદ્ધ પ્રરૂપણા કરવા ચુકતા નથી. પ્રમાદ પરવશ પ્રાણીને આ પંચમ કાળમાં શુદ્ધ પ્રરૂપણા પ્રાણાંત સુધી કરવી એ ઓછું દુષ્કર કામ નથી. કેમકે તેમ કરતાં અર્થાત્ વસ્તુ સ્વરૂપયથાર્થ પ્રકાશતાં સ્વદોષો સ્વાભાવિક

રેણામે વિરસ છે. યાવત્ પોતાના સતુચરિત્ર પ્રાણને અપહરે છે. જગતમાં વિવેકવિકળ બની વારંવાર વગોવાયછે, લુબ્ધ, લંપટ અનાદાનનની પંક્તિમાં ગણાય છે. વિષયઈંદ્રિને પરવશ થઈઅંતે પ્રાણની જેમ ખુવાર થાય છે. તેનેજ વશ કરનાર શ્રી રામચંદ્ર પેરે જયશ્રી વરે છે, સુદર્શન શેઠની જેમ શાસન દીપાવે છે અને અવ્યછિન્ન ફળ મેળવી પરભવમાં પરમ સુખ મેળવે છે; માટે ઉક્ત પાપસ્થાન આદરથી તજી દેવું.

(૫) પાંચમે પરિગ્રહ-ધન ધાન્યાદિક વસ્તુઓ વિષે પરિ (સમસ્ત પ્રકારે) ગ્રહ (આગ્રહ, મૂર્ચ્છા, મમત્વ) તે પાંચમું પાપસ્થાન પરિણામે મહા અનર્થકારી છે. લક્ષ્મી આદિકમાં અપરિમિત લોભથી અનેક વખત મહા કષ્ટ વેઠવાં પડે છે. બહુ પાપ સેવી પૈસો મેળવી તેમાં અત્યંત મૂર્છા રાખી મરવાથી ફણિધર આદિકના અવતાર પામી પરને બહુ ત્રાસદાયક નીવડી અંતે અધોગતિ પામેછે; માટે અતિલોભ તજી અવશ્ય સંતોષ ભજવો, જેથી, આ ભવ અને પરભવ સુધરી શકે.

(૬) છઠ્ઠે ક્રોધ—ક્રોધ (ગુસ્સે થઇ પરને આક્રોશાદિ કરવા તે) ને જ્ઞાનીઓએ કૃશાનુ એટલે અગ્નિ સમાન કહ્યો છે. જ્યાં તે પ્રગટે છે, ત્યાં ગુણ સાફ કરી આગળ સામાને લાગી બાળે છે, પણ જો ઉપશમ જળનો જોગ મળે તો આગળ વધી બીજા (ઉપશમ-ક્ષમાવંત) ને નુકશાન કરી શકતો નથી. અર્થાત્ ક્રોધને વારવાનો ખરો ઉપાયજ ઉપશમ ભાવ છે. કહ્યું છે કે,

ક્ષમા સાર ચંદન રસે, સિંચો ચિત્ત પવિત્ત;
દયા વેલ મંડપ તળે, રહો લહો સુખ મિત્ત. ૧
દેત ખેદ વર્જિત ક્ષમા, ખેદ રહિત સુખરાજ;
ઇણમેં નહિ અચરિજ કીશો, કારણ સરિખો કાજ. ૨

અનંતી હોવાથી લોભીની તૃષ્ણાનો પાર આવતોજ નથી. તેને બહુ દુઃખ વેઠવું પડે છે. કહ્યું છે કે—न तृष्णा परोव्याधि એટલે તૃષ્ણા શિવાય એકે વ્યાધિ નથી. સર્વ સુખનું સાધન સંતોષ છે. યતઃ न तोषात् परमं सुखं અર્થાત્ સંતોષ શિવાય કોઈ મોટું સુખ નથી; માટે સાચા સુખના અર્થીએ સંતોષનેજ સેવવો.

(૧૦) દશમે રાગ—(रंजयत्यसौ रागः) આત્માનું શુદ્ધ સ્ફટિક જેવું સ્વરૂપ બદલી જેના વડે તે રંજિત થાય તે રાગ. રાગ મોહ રાજાનો મોટો પુત્ર ગણાય છે અને તેનું પરાક્રમ કેશરીસિંહ જેવું હોવાથી તે એકલો જગત્ માત્રનો પરાભવ કરી શકે છે. હું અને મારૂં—મમતા રૂપી પાશમાં તે મુગ્ધ મૃગલાઓને પકડયાજ કરે છે, તેની સામે ટક્કર લેવી સહેલી નથી, તેથી વિવેક શિખરપર ચડી અપ્રમત્ત પુરૂષવરોજ તેની સામે ટકી શકે છે. તોપણ જેમ જેમ મોહ મમતાને તજી ધર્મ મહારાજનું શિક્ષણ લેવાય છે તેમ તેમ રાગાદિક દુશ્મનો પાતળા પડી અંતે પોગારા બળી જાય છે.

(૧૧) અગિયારમે દ્વેષ—આ પણ મોહનોજ પુત્ર અને રાગનો સગો ભાઈ છે. જ્યાં રાગ ત્યાં દ્વેષ હોયજ છે. શુદ્ધ સ્ફટિકપર મૂકેલા કાળા ફૂલની પેરે તે આત્માના શુદ્ધ સ્વભાવને બદલાવી મહા અશુભ મલિન-શ્યામ કરી નાંખે છે. દ્વેષના જયનો ઉપાય રાગના જેવોજ છે.

(૧૨) બારમે કલહ—કલેશ, કલહ, વઢવાડ સર્વ અનર્થ છે. કલહ સર્વ અલક્ષ્મી-દારિદ્રનું કારણ છે. સુખ સંપત્તિને ઇચ્છનારે કલેશ-કષ્ટઆને જડમૂળથી કાઢી શાંતિ ભજવી.

(૧૩) તેરમે અભ્યાખ્યાન—અભિ-આખ્યાન એટલે ખોટો આરોપ મૂકવો; કોઇનાપર ખોટું વહેમત મૂકવું, કોઇને ખોટા કલંકથી દોષિત કરવું એ મહા દુષ્ટ સ્વ

ભાવ સમજવો. જ્ઞાની પુરૂષો એવાને કર્મચંડાલ કહે છે. જાતિચંડાલ કરતાં પણ કર્મચંડાલ મહા પાપી છે; કેમકે તે દુષ્ટ ગુણી ધર્મી જનોની પણ ખણખોદ કર્યા કરે છે. યાવત્ મહાધર્મિષ્ટ જનોને પણ મોટા સંકટમાં ઉતારી પોતે તમાસો જુએ છે. આવા નીચ લોકોનું નામ લેતાં કે મુખ જોતાં પણ પાપનો પ્રસંગ આવે એમ જ્ઞાની પુરૂષો શાસ્ત્રમાં બોલે છે. એમ સમજી શાણા જનોએ કદાપિ એવી કુટેવ પાડવી નહીં; પડી હોય તો તરત તજવી.

(૧૪) ચૌદમે પૈશુન્ય—પિશુન એટલે ચાડીઓ, તેનું કૃત્ય ચાડી પૈશુન્ય કહેવાય છે આ પાપકર્મ કરનાર પણ મહા દુષ્ટ સ્વભાવી જણાય છે અહોનિશ આવી કુટેવથી આર્ત-રૌદ્ર ધ્યાન ધરતો છતો મરીને મહા માઠી ગતિ પામે છે, 'બાળકોનું હસવું અને દેડકાનું મરવું' એ કહેવત મુજબ [illegible] ત્યારે તેમાં કેટલાકના [illegible] થાય છે ત્યારે કે [illegible] જાતિ [illegible] જેનો ભારે જોખમમાં આવી પડે છે, [illegible] જો અવસર પામી સુધારી લેવાતી નથી તો [illegible] વાગે છે, અર્થાત્ પોતેજ તેથી [illegible] છે અહો દુર્જન સ્વભાવ તો જુઓ! [illegible] પણ વળે નહિ છતાં પોતાને તથા પરને કેવા [illegible] અને આ ભવમાં અનેક આપ[illegible] છે. એમ સમજી વિવેક[illegible] પોતાની કુટેવ યત્નથી પરીહરવી.

(૧૫) પંદરમે રતિ-અરતિ—અનુકૂળ-મનગમતા [illegible] રાગ ધરવો અને પ્રતિકૂળ-અણગમતા પદા[illegible] સમભાવ ધરવા યોગ્ય પદાર્થો વિષે આમ [illegible] મુંઝાઈ જવું એ સમભાવવડે કરી અ[illegible] પ્રકારના સમ સુખમાં મહા અં-

તદાચમૂત અને મનની મલીનતા કરનાર મોટું પાપસ્થાનક છે અને તેથીજ વિચક્ષણ જનોએ આવા દરેક પ્રસંગે સમભાવે રહેવું ઘટે છે.

(૧૬) સોળમે **પર પરિવાદ**—પરનિંદા-અપકર્ષ અને આત્મશ્લાઘા-આત્મોત્કર્ષ કરવા રૂપ આ પાપસ્થાન અતિઘોર છે. જેમ મૃષાવાદી, પરને ખોટાં આળ દેનાર, અને ચાડીખોર કર્મચંડાળ કહેવાય છે તેમ પરનિંદા કરી કેવળ ખોટી આપ બડાઈ કરનારો પણ ઉક્ત પંક્તિથી બહાર નથી. અર્થાત્ તે પણ કર્મચંડાળજ છે. જો કે સ્વમુખથી પરમળ લઈ પોતાના અંગને મલીન કરીને સામાને ઉજ્વળ કરનારા આવા દુર્જનો પણ સજ્જનોને તો એક રીતે ઉપગાર કર્તા થઇ પડે છે તો પણ તેના અતિ અનાર્ય આચરણથી ઘોરાતિઘોર નરક નિગોદાદિક દુઃખના ભાગી થતા તેઓને દેખીને સજ્જનોનું કોમળ હૃદય કમકમે છે-કંપી ઉઠે છે. માટે આ અતિ અનિષ્ટ અનાર્ય ટેવ અવશ્ય ટાળી સજ્જનતાજ સદા સજવી. ભૂલે ચૂકે પણ દુર્જનના દુષ્ટ રસ્તે દોરાવું નહિ. જો પોતાનું ભલું ઇચ્છતાજ હો તો ઉક્ત હિતશિક્ષા કદાપિ પણ વિસરશો નહિ; પણ ક્ષણે ક્ષણે સંભારીને ચાલશો.

(૧૭) સત્તરમે **માયા મૃષાવાદ**—એક તો માયા-કપટ અને બીજું મૃષા-અસત્યનું સાથે સેવવું-એટલે કહેવું કંઇ અને કરવું કંઇ. કુંભારવાળા મિચ્છામિ દુક્કડં જેવું આપમતિવડે અવળા ચાલ્યા છતાં પોતાની શાહુકારી જ જણાવવી, કેવળ દંભવૃત્તિ સેવતાં છતાં બહારથી અચ્છા ડોળ રાખવો બગવૃત્તિ ધારી જગતને ઠગવું. પોતે અનેક દોષદુષિત છતાં જેમ લોકોના લક્ષ્યામાં ન આવે એટલુંજ નહિં પણ પોતે મહા ગુણશાળી છે એમ લોકો જાણે તેમ પ્રપંચથી વર્તી જેમ પોતાની પૂજા માનતા વધારે થાય

આપ્તિક વચનો વિષે સંદેહ કે શંકાથી (મોટી યા નાની) શંકા ધારવી તે સાંશયિક મિથ્યાત્વ નામે ચતુર્થભેદ. પરમજ્ઞાની પરમાત્માનાં વચનો સર્વથા સાચાંજ છે એમ પ્રથમ જાણતો છતાં ગોશાળાની પેરે કેવળ સ્વમત ટેક વાળવા માટે કદાગ્રહવડે સત્ય વાત કુયુક્તિ-કુતર્કવડે ઉત્થાપવા અને સ્વકપોલ કલ્પિત મત સ્થાપવા પ્રયત્ન કરવો તે આભિનિવેશિક નામે મિથ્યાત્વનો પાંચમો ભેદ જાણવો. આ પાંચમો પ્રકાર તેવા પ્રાણીઓને પરમ દુઃખપાત્ર કરે છે. માટે કદાપિ સાચું જાણ્યા છતાં કદાગ્રહવડે સ્વમત તાણી તેને ખોટું પાડવા બુદ્ધિવંતે મહા અનર્થકારી પ્રયત્ન સેવવો નહિ. અન્ય પણ મિથ્યાત્વના પ્રકારો પાપપુષ્ટિ હેતુક હોવાથી આત્માર્થી જનોએ અવશ્ય પરિહરવા ઘટે છે.

ઉક્ત ૧૮ પાપસ્થાનકો સંક્ષેપથી કહ્યાં. જો કે દોષો પણ ગુણોની પેરે અનંત છે, તથાપિ જેમ સર્વ ગુણોનો ૧૮ ગુણ સ્થાનકોમાં સ્થૂલ બુદ્ધિવાળાને સમજવા માટે જ્ઞાની પુરૂષોએ સમાવેશ કર્યો છે તેમ સર્વ પાપ-દોષો આથી પણ સમજી લેવું. સોનાની ખાણમાંથી ખોદી કઢાતી માટીની પેરે આત્મા અનાદિ દૂષિતજ છે છતાં જેમ અગ્નિ આદિક ઉપાયો વડે અનાદિ મળ દૂર કરી તેમાંથી શુદ્ધ કાંચન કાઢી મેળવી શકાય છે તેમ અનાદિ કર્મ સંબંધથી દૂષિત એવો આત્મા પણ સર્વજ્ઞ કથિત તપ સંયમાદિક સદુપાયો વડે શુદ્ધ થઇ શકે છે. યાવત્ સંપૂર્ણ સંયમાદિક સાધનોના બળે પરમ વિશુદ્ધ થઇ પોતેજ પરમાત્મ પદ પ્રાપ્ત કરી શકે છે. જેમ જેમ અનાદિ દૂષણો યત્નવડે હઠતા જાય છે તેમ તેમ આત્મ-ગુણો પ્રગટ થતા જાય છે, અને જ્યારે સંપૂર્ણ દોષો પૂર્ણ પ્રયત્ન વડે હઠાવાય છે ત્યારે આત્માના સંપૂર્ણ ગુણો પ્રગટ થાય છે. તેજ પરમાત્મ યા સિદ્ધ દશા છે; અને તેનેજ માટે આપણને પ્રયત્ન કરવાની પુરી જરૂર છે. જો કે પરમાત્મ દશા યોગ્ય સર્વ ગુણો સત્તામાં અનાદિનાજ છે. પરંતુ

જનોને વધારે મૂર્છાગત કરી નાંખશે; માટે અપ્રમત્તપણે રહી તેનો શીઘ્ર અંત કરવો ઘટે છે. વળી ઉક્ત કામ કરવા ક્ષેત્રકાળ પણ અનુકૂળ છે. જેમ જેમ પ્રમાદ તજી પ્રયત્ન કરશું તેમ તેમ પાપ-પંક પખાળી અવશ્ય નિર્મળ થઈશું; એવી શ્રદ્ધા અને હિંમત ધરવી યોગ્ય છે. પાપ-પંક પખાળી સર્વથા નિષ્પાપ-નિર્મળ થવું જો કે અતિ દુષ્કર છે તોપણ પૂર્ણ શ્રદ્ધાવાન્ અને વિવેકી જનો પુરતા પ્રયત્નથી તેમ કરી શકે છે. પૂર્વે અનંતા જનો એજ રીતે સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપના બળે પાપ-પંકને સર્વથા પખાળી નાંખી ચતુર્ગતિ રૂપ સંસારનો અંત કરી પંચમગતિ મોક્ષને વર્યા છે. આપણે પણ તે મહા પુરૂષને પગલે ચાલી તેજ પ્રમાણે આપણો અનાદિ પાપ-પંક પખાળી નિર્મળ થવું ઘટે છે અને તેને માટે પ્રથમ આપણને તે મહા પુરૂષોની પરે પાપ-પંક પખાળવા સમતા-કુંડમાં સ્નાન કરવાની જરૂર છે.

અગાઉ બતાવી ગયા પ્રમાણે અઢાર પાપસ્થાનકોના પ્રવેશ કરતી પાપ મતિ વારી સમભાવ ધારી, જ્ઞાની મહારાજએ શ્રાવકોની શી શી ફરજો સંક્ષેપમાં કહી છે તે પરમાર્થથી વિચારી તેનું મનન કરીએ.

मन्हजिणाणमाणं, मिच्छं परिहरह धर सम्मत्तं;
छव्विह आवस्सयंमि, उज्जुत्तो होइपइ दिवसं. १

આ આદિક પવિત્ર બોધદાયક પાંચ ગાથાઓ આપણા બાઈઓ અને બહેનો ગણતા તો જણાય છે, પણ તેનો પરમાર્થ કોઈકજ વિરલા જાણતા હશે. અત્ર પ્રસંગે આપણે તે પર વિચાર કરીએ. આશા છે કે તેનો સાર હૃદયમાં ધરી તેનો બનતો ખપ (ઉપયોગ) કરવા આપ સર્વ ચુકશો નહિ. જાણવાનું ફળ એજ છે. યતઃ ज्ञानस्य फलं विरतिः, વિરતિનું ફળ આશ્રવ નિરોધ, તેનું ફળ સંવર, સંવરનું ફળ તપોબળ, તપનું ફળ નિર્જરા, નિર્જરાનું ફળ ક્રિયાનિવૃત્તિ, તેનું

વ્યાપારનો ત્યાગ કરવો. આ ચારે પ્રકારે પૌષધ મન પ્રી-
તિથી અંગીકાર કરી યથાવિધિ પાળવું. કદાચ કોઈ કારણે
સંપૂર્ણ ચારે ભાગનો બની ન શકે તો તેમાંની જેટલી બની
શકે તેટલી તો વિવેક પૂર્વક અવશ્ય બનાવવી. તેમજ ચૈત્ય
પરિપાટી, ઉત્કૃષ્ટ ચૈત્યવંદન, પૂજા, ગુરૂ ભક્તિ, શાસ્ત્રશ્રવણ
તથા અનુકંપા, દાનાદિક ધર્મકૃત્યો યથાઅવસરે યથાવિધિ
અવશ્ય સાધવવાં, પરંતુ પ્રમાદ (વિકથાદિક) કરવો નહિ.
કહ્યું છે કેઃ—

"જીવને આયુ પરભવતણું, તિથિ દિન બંધ હોય પ્રાયરે
તે ભણી તેહ આરાધતાં, પ્રાણિયો સદ્ગતિ જાયરે.
વિરતિએ સુમતિ૦"

માટે જેમ બને તેમ પ્રમાદ પરહરી સૂર્યયશા મ
હારાજાની પેરે પર્વ દિવસોનું આરાધન કરો. તેમજ કુમા
રપાળ ભૂપાળની પેરે ધર્મ આરાધવામાં સ્વશક્તિ ફેરવો.

છઠું—અભયદાન, સુપાત્રદાન અને અનુકંપાદિક દા
નમાં પોતાની તથા પવિત્ર શાસનની ઉન્નતિ કરવા ખાતર
બીજા તુચ્છ ફળની ઇચ્છા રાખ્યા વિના નિરંતર આદર કરો
વિવેક આણી યોગ્ય જીવોને જ્ઞાનદાન દેનારો અથવા જ્ઞાના
સ્વદ્રવ્યનો સદુપયોગ કરનારો મહા લાભ બાંધે છે. જ્ઞાન ચે
ભાવપ્રાણ છે માટે,

સાતમું—શીલ કહીએ સદાચાર, અનેક જીવોની હિંસ
થાય તથા ઉત્તમ કુળ મર્યાદાનો લોપ થાય તેવા માંસભ
ક્ષણ, સુરાપાન, મૃગયા, પરસ્ત્રી તથા વેશ્યાગમન, જુગાર
ચોરી, અભક્ષ્ય સેવન, વિશ્વાસઘાત, તથા પરવંચનાદિ
આંઠાં આચરણો સુશ્રાવકે અથવા શ્રાવક ધર્મ સ્વીકારવા ઇ
ચ્છનાર સદગૃહસ્થે અવશ્ય તજવાં યોગ્યજ છે; અને જે
પવિત્ર ધર્મની પ્રાપ્તિ અને પુષ્ટિ થાય તેવો સદાચાર સદ
સેવવા યોગ્ય છે.

૧૦ મું—સ્વાધ્યાય ૧ વાચના (નવીન શાસ્ત્રનું ભણવું) ૨ પૃચ્છના (શંકાનું સમાધાન કરવું) ૩ પરિવર્તના (ભણેલું ભુલી ન જવાય માટે ફેરી ફરી ગણી જવું) ૪ અનુપ્રેક્ષા (ધારેલા અર્થનું ચિંતવન કરવું) અને ૫ ધર્મ કથા (જેમાં આપણને સારી સમજ પડી હોય અને જરાપણ શ્રાંતિ રહેતી ન હોય તે બાબત યોગ્ય જીવોને કહી ધર્મમાં જોડવા.) તે પાંચે પ્રકાર પ્રતિદિન અવશ્ય કરવાં યોગ્ય છે. તેમાં ચિત્તની એકાગ્રતા થવાથી આવતા કર્મ રોકાવા સાથે અપૂર્વ ભાવયોગે પૂર્વ કર્મની ભારે નિર્જરા થાય છે,

૧૧ મું—નમુક્કારો (નમસ્કાર) કહેતાં પંચ પરમેષ્ઠિ નમસ્કાર રૂપ મહા મંત્રનું નિત્યપ્રતિ સ્મરણ કરવું. એક ક્ષણ માત્ર પણ પ્રમાદમાં પડી ઉક્ત મહામંત્રનું વિસ્મરણ કરવું નહિ. ઉક્ત મહામંત્ર ચૌદ પૂર્વોના સારભૂત છે, માટે તેનું પરમ આદરથી સેવન મનન ધ્યાનાદિક કરવું. સ્વશ્રેયઃ સાધવાનું તે પરમ સાધન છે માટે.

૧૨ મું–પરોપકાર બુદ્ધિ અવશ્ય ધારવી. કહ્યું છે કે–

मनसि वचसि काये पुण्यपीयुषपूर्णा

त्रिभुवनमुपकारश्रेणिभिः प्रीणयंतः । ઈત્યાદિ.

મન વચન અને કાયાને વિષે પુણ્ય અમૃતથી ભરેલા અને ત્રણે ભુવનોના પ્રાણીઓને ઉપગારની પરંપરાથી પ્રસન્ન કરતા એવા કેટલાક સજ્જન પુરૂષો હોય છે. ખરૂં જોતાં પરોપકાર એ તત્વથી પોતાનોજ ઉપગાર છે. નિઃસ્વાર્થપણે પરોપકારશીલ સતપુરૂષોને સ્વાશય શુદ્ધિથી ભારે નિર્જરા થાય છે. શ્રી તીર્થંકર ગણધરાદિક મહાશયોની પેરે.

૧૩ મું જયણાઃ આ વિષયપર થોડા વખતપર સામાન્ય હિતશિક્ષાના પ્રથાણાથી લખવામાં આવેલું છે; તે ત્યાંથી જોઈ લેશો. આપણે ઘડીએ ઘડીએ અને પળે પળે જયણા માતાને સંભારવાની છે. તે પૂજ્યમાતાની સેવા વિના સર્વ

૧૭ મું—સાધર્મી વાત્સલ્યનું ફળ શાસ્ત્રમાં ઉત્તમ કહેલું છે, માટે તેનું સ્વરૂપ સમજી બનતો લાભ લેવા ચુકવું નહિં. સમાન (એક સરખો વીતરાગ સર્વજ્ઞભાષિત) ધર્મને સેવનાર સાધર્મી કહેવાય, તેની યથાશક્તિ યથા અવસર ભક્તિ કરવી તેનું નામ સાધર્મીવાત્સલ્ય છે. સંસારચક્રમાં માતાપિતાદિક કુટુંબીજનોનો સંબંધ સુલભ છે, પણ સાધર્મીઓનો સંબંધ દુર્લભ છે. ભાગ્યયોગે તેનો સંબંધ પામી તેનો યથાશક્તિ લાભ લેવો ઘટે છે. સાધર્મીઓમાંના જેઓ ગુણશ્રેણિમાં આગળ વધી ગયા હોય તેઓનો સમાગમ–આદર બહુમાન કરી ગુણ ગ્રહણ કરી તથા જેઓ કોઈ રીતે સીદાતા હોય તેઓને બનતી સહાય કરી સાચા સાધર્મી વાત્સલ્યનો લાભ લેવો. સીદાતા સાધર્મીઓની તદ્દન ઉપેક્ષા કરી કેવળ યશ–કીર્તિના લોભથી આપમતિએ પૈના ઉડાઉ વાથી શું સાધર્મી વાત્સલ્ય ગણાય? નાના, બિલકુલ નહિ. વિવેકવડે સાધર્મીઓની ઉન્નતિ થાય તેમ વર્તવાથી સહજ તે લાભ સાંપડી શકે.

૧૮ મું—વ્યવહારની શુદ્ધિ સ્વહિતેચ્છુ શ્રાવકે અવશ્ય કરવી યોગ્ય છે. તે માટે **શ્રી હરિભદ્ર સૂરીશ્વરે ધર્મબિંદુ** ગ્રંથમાં કહેલા માર્ગાનુસારીના ૩૫ બોલો અવશ્ય લક્ષમાં લેવા યોગ્ય છે. ન્યાયનીતિથી દ્રવ્ય ઉપાર્જન આવક પ્રમાણે વ્યય (ખર્ચ), ઉચિત આચરણ, માતાપિતાની ભક્તિ, લોક વિરૂદ્ધ અને રાજ્ય વિરૂદ્ધનો ત્યાગ અને અભક્ષ્ય નિષેધ વિગેરેનો તેમાં સમાવેશ થાય છે. જ્યાં સુધી બરાબર વસ્ત્ર શુદ્ધિ કરી ન હોય ત્યાં સુધી જેમ તેનાપર સારો રંગ ચઢી શકે નહિ, તેમ વ્યવહાર વિકળને પણ ધર્મ પ્રાપ્તિ થઈ શકે નહિ. માટે વિનય, શિષ્ટાચાર, કૃતજ્ઞતા, દયાલુતા, દાક્ષિણ્યતા અને પરોપકાર પ્રમુખ અનેક શુભ ગુણો સેવી જેમ બને તેમ પ્રથમ વ્યવહારની શુદ્ધિ માટે પ્રયત્ન કરવો.

૨૩ મું—સંવરગુણ આશ્રવોના નિરોધથી આવે છે. આશ્રવો એટલે નવાં કર્મો આવવાના રસ્તા. પાંચે ઇંદ્રિયોને પરવશ થવું. ચાર કષાયોનું સેવન અર્થાત્ ક્રોધ, માન, માયા અને લોભનું કરવું, અવિરતિવંત રહેવું, છતી શક્તિએ પણ મન પચ્ચખ્ખાણ નહિ કરવાં, મન વચન અને કાયયોગ માઠા પ્રવર્તાવવા, અને તેવી બીજી અહિતકારી ક્રિયાઓ કરવી તે સર્વે આશ્રવરૂપ હોવાથી જીવને કર્મબંધનના કારણભૂત છે; તે સર્વનો વિવેકથી ત્યાગ કરવો તેજ સંવર. તે પરમ સુખદાયી હોવાથી ભવભીરૂ આત્મહિતૈષી જનોએ ચિલાતીપુત્રની પેરે અવશ્ય આદરવા યોગ્ય છે.

૨૪ મું—ભાષાસમિતિ એટલે બોલવામાં સમ્યગ ઉપયોગ સદાજ શ્રાવકોએ રાખવો ઘટે છે. તેજ અધિકારે ઉપદેશમાળાકાર કહે છે તે ખાસ લક્ષ્યમાં રાખી લેવા યોગ્ય છે. ગાથા.

महुरं निउणं थोवं, कज्जावडियमगाव्विपमतुच्छं;
पुव्विं मइ संकलियं, भणियंसं धम्मसंजुत्तं

આ પવિત્ર ગાથાનો પરમાર્થ વિચારી વચનવિવેક અવશ્ય આદરવો યોગ્ય છે. ભાવાર્થ એ છે કે જે વચન બોલવું તે આવા પ્રકારનું હોવું જોઇએ. પ્રથમ તો તે વચન મિષ્ટ (મીઠું-મધુરતાવાળું) હોવું જોઇએ, પણ કટુક (કડવું) હોવું ન જોઇએ. બીજું તે વચન નિપુણ (ડહાપણ ભરેલું) જોઇએ, તે પણ અતિ ઘણું નહિ. ચોથું પ્રસંગોપાત બોલવું જોઇએ પણ અતિપ્રસંગ થાય તેમ નહિ. પાંચમું ગર્વરહિત નમ્રતાથી બોલવું જોઇએ. પણ ગર્વવાળું નહિ. છઠ્ઠું ઉમદું -સામાનું માન જળવાય, અપમાન ન થાય તેવું બોલવું જોઇએ, પણ તોછડાઈ ભરેલું (તુંકારાદિક) નહિ. સાતમું પહેલાં આનું પરિણામ કેવું આવશે તે સંબંધી પૂરતો વિચાર કરીને ભાષણ કરવું, પણ જેમ આવે તેમ વગર

સજ્જન પણ પોતાની સજ્જનતા છાંડતો નથી. વિષધર
વિષ તે વિષહારક મણિમાં સંક્રમી શકે છે શું ? તેમ
ત્તમ સિદ્ધ સ્વભાવતઃ ધારક ગુણી સજ્જનો અવશ્ય સં
નિ કરવા યોગ્ય છે. ચંદન જેવા શીતળ સ્વભાવથી જે
સ્વમંગતિ ભજનારનો વિવિધ તાપ હરે છે, તેવા મં
સદા સેવ્ય છે.

૨૭ મું—કરણદમઃ એટલે પાંચ ઇંદ્રિયોનું દમન
બીજુએ અવશ્ય કરવું યોગ્ય છે. કેમકે એક એક ઇંદ્રિ
પરવશ પડેલા બાપડા પતંગીયા, ભમરા, માંછલાં, હાથ
ઓ તથા હરણીઆં દુર્દશાને પામે છે, તો તે પાંચેને અ
કાળે પરાધીન થયેલાનું તો કહેવુંજ શું ? વિષયવશ થયે
પોતાની શુદ્ધ બુદ્ધ ભૂલી જઈ ભવિષ્યમાં પોતાનું શું થ
તેનો વિચાર પણ કરી શકતા નથી. માટે વિષય વિ
નહિ થતાં વિવેકી શ્રાવકે તેજ ઇંદ્રિયોને સ્વવશ કર
આમ સ્વવશ થયેલી ઇંદ્રિયો સદ્ગતિદાયી નીવડે છે.
ઇંદ્રિયાદિકનો સદ્વિવેક વડે સદુપયોગ—શ્રી દેવ ગુરૂ
સાધર્મિકની ભક્તિ. બહુમાનાદિકમાં કરવાથી સુધારકો
વાના બન્ને ભવ સુધારે છે, અને તેથી વિપરીત વર્ત
પોતાના બંને ભવો બગાડે છે, એમ સમજી ક્ષણિક વિ
સુખમાં નહિ લોભાતાં તેને પુંઠ દઇ સ્વશ્રેયઃ સાધી લે
ચૂકવું નહિ, કેમકે પુનઃ પુનઃ આવી આત્મસાધન અનુ
સામગ્રી મળવીજ મુશ્કેલ છે.

૨૮ મું—ચરણ કહેતાં ચારિત્ર (સર્વ વિરતિ)
અંગીકાર કરવાના પરિણામ વિવેકી શ્રાવકે અવશ્ય રાખ
' सम्यग्ज्ञानदर्शन चारित्राणि मोक्षमार्गः ' આ પવિત્ર સૂ
નું રહસ્ય જેણે સારી રીતે જાણ્યો હોય, તે એક ક્ષણ
પણ શીઘ્ર મોક્ષદાયી ચારિત્ર ધર્મને કેમ વિસારે ! પ
પરમ ચારિત્ર ધર્મની પ્રાપ્તિ પ્રાયઃ પ્રાણીઓને અનુક્રમે

માટે પવિત્ર આજ્ઞાપાલક સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ શ્રી સંઘની પેરે, જગતજયવંતા શ્રી જિન શાસનની ઉન્નતિ કરવાને બદલે તેઓ તો કેવળઆજ્ઞા વિરૂદ્ધ વર્તવાથી પવિત્ર શાસનની હીલના યા અવજ્ઞા કરનારા છે, તેથી તેઓ પ્રભુની આજ્ઞાપાલક શ્રી સંઘની બાહ્ય છે. પવિત્ર આજ્ઞાધારક શ્રી સંઘ તો શ્રી તીર્થંકરને પણ માન્ય છે, અને જે સંઘ ત્રિભુવનપૂજ્ય શ્રી તીર્થંકરને પણ માન્ય છે, તેનો અનાદર ત્રણે ભુવનોમાં કોણ કરી શકે તેમ છે? અને કદાચ મોહ મદિરાના નિશામાં કોઇ અનાદર કરે તો તે અંતે સુખી શીરીતે થઈ શકે? માટે સ્વકલ્યાણના ઇચ્છકે કદાપિ પણ પવિત્ર સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ વ્યસ્ત કે સમસ્ત શ્રી સંઘની મશ્કરી, નિંદા અવજ્ઞાદિક પોતે જાતે કરવાં નહિ, બીજા પાસે કરાવવાં નહિ, તેમજ કરનારને સંમત થવું નહિ; કિંતુ યથાશક્તિ તે પવિત્ર સંઘની ભક્તિ પોતે કરવી, બીજા પાસે કરાવવી, અને કરનારની પ્રશંસા કરવી. સ્વપરની ઉન્નતિ રચવાનો આ અતિ સહેલો (સુલભ) રસ્તો છે. જેઓ ઉક્ત વિવેકથી શ્રી સંઘની ભક્તિ કરે છે, તેઓ પરમ ભક્તિરસથી સકળ કર્મવારી અક્ષયપદ પામેછે. શ્રી સંઘ જંગમતીર્થ રૂપ છે. તેથી મોક્ષાર્થી જનોએ અવશ્ય સેવવા યોગ્ય છે.

૩૦ મું—પુસ્તક લિખનમ- સર્વજ્ઞ ભાષિત અને ગણધરાદિક મહાપુરૂષ ગુંફિત આગમો (પંચાંગી સમેત) પ્રકરણો યા ગ્રંથોનું લખવું, લખાવવું અને લખનારને મદદગાર થવું એ સુશ્રાવકોનુ અવશ્ય કર્તવ્ય છે. તે તે શાસ્ત્રો જેમ શુદ્ધ લખાય તેમ ખાસ ધ્યાન દેવાની જરૂરછે. આજકાલ હસ્તવડે લખાતા ગ્રંથો બહુધા અશુદ્ધ દેખાય છે. તેનાં પણાં કારણો છે, તે લક્ષમાં લઇ વિચારતાં અને પૂર્વના શુદ્ધ ગ્રંથોની સાથે સરખાવતાં પણીજ દીલગીરી ઉપજે છે. તેમજ પૂર્વ પ્રભાવિક પુરૂષોએ લખાવેલા શુદ્ધ ગ્રંથોની

થી લઇ, શાસનપ્રતિ ઉંડી લાગણી ધરાવનારા નરરત્નોને આશ્રેવાની ગુપ્ત નેમોની દેખરેખ નીચે તે અતિ કિંમતી વારસો સચવાવવો. આપણી બેદરકારીથી આપણે બહુ ખો-યું છે, અને તે એટલું મોટું કે તેનું મૂલ્ય મોટા જ્ઞાની ઝવેરીઓજ કરી શકે, પણ શિંગડાં અને પુંછડાં વિનાના નરપશુઓ કરી શકેજ નહિ. આશા છે કે હજુ પણ કુંભ-કરણની ઉંઘમાંથી જાગી ઉઠી પોતાનું ભવિષ્ય સુધારવા અ-પણા રડયાખડયા ભાઇઓ કંઇ કરશે; અને કંઇક ઝનુનથી કહેલા કઠિન શબ્દો માટે માફ માનશે.

૩૧ મું—તીર્થ કહીએ શાસન તેની પ્રભાવના-ઉન્નતિ સુઘાવક યથાશક્તિ અવશ્ય કરે. ઉપલક્ષણથી કોઈ માઠા સં-યોગોવડે થયેલી મલીનતાને પણ વારે-દૂર કરે.

અત્રે વર્તમાન શ્રી વીરશાસનનો મુખ્ય આધાર અ-ગમો યા આગમધરો અને જિન પ્રતિમાઓ યા જિન મં-દિરોપર છે. આગમોની સ્થિતિ કેવી દયામણી થઇ ગઇ છે તે અગાઉ લખાયેલ પારીગ્રાફથી સમજાશે, અને તે પરથી આજ કાલ આગમધરો કેવા છે અથવા કેવા હોઇ શકે તે પણ કંઇક સમજાશે. અર્થાત્ ભુલા પડી જતા ઉક્ત આધા-રને ટેકો દેવાની પોતાની ખાસ ફરજ છે. જિન પ્રતિમાઓ ય જિન મંદિરોના સંબંધમાં પણ લગભગ તેવુંજ છે. આનુ કારણ પણ મુખ્યત્વે અજ્ઞાન, અવિવેક અથવા કુસંપજ દે-ખાય છે. પૂર્વે જ્યારે પૃથ્વીને જિન પ્રાસાદ મંડિત કરવા સ-મર્થ શ્રાવકો વીરો હતા ત્યારે અત્યારે પોતાનાજ ગામ ક નગરમાંના જિનબિંબો યા જિનમંદિરોનું સંરક્ષણ કરવા શ્રા-વકો ભાગ્યેજ સમર્થ થાય છે. કારણ કે આજકાલ કેટલાક ધનાઢયો પૈસાના કેફમાં દાક્ષ-દીર્ઘદર્શી શ્રાવકોની દલીલોની દરકાર નહિ કરતાં નવાં નવાં મંદિરો કરી તેમાં નવાં બિંબો ભરાવી જેટલો નાહક દ્રવ્યનો વ્યય વિવેક વિના કરેજ જાય -

બિંબો અને જિનમંદિરોથી જૈનશાસનનો જયઘોષ સર્વત્ર પ્રસરેલો છે. તેથી જિનશાસનના ખરા આધારભૂત તથા અલંકારભૂત પવિત્ર પ્રાચીન આગમો તથા જીર્ણપ્રાય થયેલાં જિનમંદિરોનો ઉદ્ધાર કરવાનીજ આજ કાલ ખરી અગત્યતા છે, અને વિવેક પૂર્વક ઉક્ત મહાકાર્યમાં દ્રવ્યનો સદુપયોગ કરવાથીજ પવિત્ર શાસનની મોટી ઉન્નતિ યા પ્રભાવના થઈ શકવાની છે. આશા છે કે પ્રિય ભાઈઓ અને બહેનો આ અતિ અગત્યની વાત ખાસ લક્ષ્યમાં લઇ અનાદિપ્રિય સ્વચ્છંદપણું તજી શાસ્ત્રપરતંત્ર રહી સ્વહિત સાધશે; અથવા દ્રવ્યક્ષેત્રકાળભાવ વિચારી, પવિત્ર શાસનનાપરમરસિક સદ્ગુરૂનો સદુપદેશ લક્ષ્યમાં રાખી, જ્ઞાન કેળવણીમાં વૃદ્ધિ કરી સીદાતા સાધર્મીઓને ઉદાર સખાવત વડે ઉદ્ધરી, પવિત્ર શાસનની મોટી ઉન્નતિ કરી આત્મકલ્યાણ કરશે. કલ્યાણના અર્થી ભાઈઓ અને બહેનો વિવેક વડે લક્ષ્મી, યૌવન અને આયુષનું અસ્થિરપણું સમ્યગ્ વિચારશે, ગફલત તજી પ્રમાદ રહિત થઇ મહા ભાગ્યયોગે સાંપડેલી આ સર્વોત્તમ સામગ્રીનો યથેચ્છ લાભ લઈ સ્વજન્મ સાર્થક કરશે. ક્ષણિક યશકીર્તિના લોભમાં તણાઇ અક્ષય સુખનો લાભ જતો નહિ કરશે, અને મુગ્ધ જનોને રંજન કરવા તન મન અને ધનનો ભોગ આપવા કરતાં પરમાત્મ પ્રભુને રંજિત કરવાને પોતાનું સર્વસ્વ અર્પણ કરવા આગળ પડશે. પોતાના પ્રિય પ્રાણ કરતાં પણ પરમ પવિત્ર શ્રી પરમાત્માની આજ્ઞાને અત્યંત પ્રિય સમજી પરમ પવિત્ર પ્રભુની પવિત્ર આજ્ઞાની ખાતર પોતાના પ્રિય પ્રાણોનું પણ બલિદાન દેવા દર ખાશે નહિ યતઃ " आणाए धम्मो " અર્થાત્

जिनेन्द्रपूजा गुरुपर्युपास्ति, सत्त्वानुकंपा शुभपात्रदानं ।
गुणानुरागः श्रुतिरागमस्य, नृजन्मवृक्षस्य फलान्यमूनि ॥

આ શ્લોકમાં કહેલા શ્રી જિનેશ્વર પ્રભુની પૂજા આદિ

તો ફરમાવે છે કે " કાળા નાગનો સંગ કરવો સારો, પણ કુગુરૂનો સંગ કરવો સારો નહિ." કેમકે કાળો નાગ કરડે તો ફક્ત એકવાર મૃત્યુ થાય, પણ આવા કુગુરૂથી તો અનાચાર સેવી યા પોષી અનંત ભવ ભ્રમણ કરવું પડે. માટે આત્માર્થી સજ્જનોએ તો સદા સ્વપરહિતકાંક્ષી સદ્‌ગુરૂઓનોજ સંગ કરવો. કદાપિ મરણાંત કષ્ટ આવી પડે તોપણ કુગુરૂઓનો સંગ કરવો નહિ.

શુદ્ધ દેવગુરૂ અને ધર્મની બરાબર ઓળખાણ કરી અત્યંત ભક્તિભાવે તેઓનુંજ સેવન કરવું. પવિત્ર શાસ્ત્રકારો કહે છે કે 'ધર્માર્થી જનોએ ધર્મની પરીક્ષા સુવર્ણ અથવા રત્નની પેરે કરવી.' પરીક્ષા પૂર્વક ગ્રહણ કરેલી શ્રેષ્ઠ વસ્તુનું શ્રદ્ધા પૂર્વક સેવન કરવાથી તેનું ફળ મળી શકે છે; અને પરીક્ષા વિના બહારના આડંબર માત્રથી ગ્રહણ કરેલી ખોટી વસ્તુથી તો માત્ર કલેશનાજ ભાગી થવું પડે છે. પ્રિય ભાઇઓ અને બહેનો! યાદ રાખો કે શુદ્ધ દેવગુરૂ અને ધર્મની પરીક્ષામાં ભલા ભલા ભૂલે છે. મોટા ઝવેરીઓ અને ચોકશીઓ ભૂલે છે, મોટા પુરાણીઓ, વેદવિદો અને કાજીઓ ભૂલે છે. અરે! મોટા દેવ દાનવો અને નૃપો પણ ભૂલે છે. માટે આખા જીવનના સારભૂત અતિઉપયોગી અને અમૂલ્ય ધર્મની પરીક્ષા કરવામાં ગફલત કરવી નહિ. તમે તુંગીયા નગરીના શ્રાવકોની વાત યાદ લાવો; અને જેમ તેમ શીઘ્ર સ્વસ્વઉચિત આચારવિચારમાં સુદ્રઢ થાઓ. તમે સર્વે સદ્‌ગુરૂની સેવામાં રસિક થઇ જેઓ છતી સદ્‌ગુરૂ આદિક શુભ સામગ્રી તજી કેવળ આપમતિએ એકલા વિચરી મોકળા મહાલે છે તેઓનો પાપી પ્રસંગ તજો. કેમકે તેવા વેષવિડંબકોને પુષ્ટિ આપતાં તમે કેવળ પાપનેજ પુષ્ટિ આપી અનર્થ વધારો છો. પૂર્વે થયેલા ઉત્તમ શ્રાવકો અને શ્રાવિકાઓનાં ચરિત્રો સંભારો. શ્રી શ્રેણિકરાજા અભયકુમાર મંત્રીશ્વર તથા સુલસા



સહુ માણસે પણ સહાય આપનારની સંમતિ મેળવીને કામ કરવું. નહિ તો કવચિત્ સ્ખલના થવાથી મોટા દુઃખનું કારણ થાય. નિઃશુક પરિણામી શ્રદ્ધા અને વિવેકહીન ન્યાયનીતિ કે લોક વિરૂદ્ધ વર્તનારા કોઇપણ ઉદ્દંડને ઉક્ત અધિકાર આપવો નહિ. તેવા અનધિકારીને સોંપવાથી તેને અને સોંપનાર સર્વેને ભારે નુકશાન થાય છે, અને ઉત્તમ દેવદ્રવ્યનો ગેર ઉપયોગ કે વિનાશ થાય છે. સઘળું દેવદ્રવ્યનો વિનાશ કે ઉપેક્ષા કરનારને, ભક્ષણ કરનારને તેમજ તેમાં દાક્ષિણ્યતાથી પણ સામેલ રહેનારને અનંત સંસાર રઝળવો પડે છે. જેમ બને તેમ તેનો લેપ-દાઘ-દોષ ન લાગે તેમ ભવભીરૂ વિવેકીએ કાળજીથી વર્તવાની જરૂર છે. થોડો પણ દેવદ્રવ્યનો વિનાશ ભારે નુકશાન કરે છે, તો સર્વથા વિનાશ કરવાથી કે ઉપેક્ષાબુદ્ધિ ધારવાથી કેટલું બધું અહિત થાય તે વિવેક આણી વિચાર કરવો. વિવેક રહિત સહસા કામ કરનારને પાછળથી બહુજ પસ્તાવું પડે છે, માટે ગમે તેવી આપત્તિ વખતે પણ દાનત પાક રાખી રહેવાથી અંતે શ્રેય થાય છે, અને એવા વિવેકી સજ્જન સદ્‌ગૃહસ્થોજ આવા અધિકારને લાયક છે. પણ સ્વાર્થ સાધવાજ તત્પર વિવેકવિકલ લાયક નથી.

પવિત્ર જ્ઞાન દર્શનાદિકના મહિમાને વધારનાર દેવદ્રવ્યનું ભક્ષણ, વિનાશ કે ઉપેક્ષા કરવાથી, પહેલાં તે ગમે તેવી સારી સ્થિતિ ભોગવતો હોય, ગમે તેવો ડાહ્યો ગણાતો હોય, ગમે તેવો સુખી હોય પણ તે થોડાજ વખતમાં પાયમાલ થઇ જાય છે. ઇજ્જત આબરૂ ગુમાવી બેસે છે. પૈસા ટકાથી ધોવાઈ જાય છે. અર્થાત્ નિર્ધન બની જાય છે. તેમજ તેની બુદ્ધિ પણ બુઠ્ઠી થઈ જાય છે. અને મતિ મુંઝાઈ જાય છે, તેથી મારૂં ભવિષ્ય કેવું થશે, તેનું તેને કંઇ ભાન રહેતું નથી. અનુક્રમે વધારે વધારે દોષ સેવનથી નિઃશુક પરિણામી થઈ ધર્મ-આચારથી ભ્રષ્ટ થઈ જાય છે. તે

પ્રસંગે કહેવા યોગ્ય છે કે આજકાલ સાધારણ ખાતું સર્વદ્રવ્ય દ્રવ્યનું ઉભાવાથી બીજાં ખાતાંઓને બહુધા ધક્કો લાગે છે. માટે બીજાં ખાતાંઓ કરતાં સાધારણ ખાતાં તરફ ભવ્ય પ્રાણીઓએ ખાસ વધારે લક્ષ દેવાની જરૂર છે. કેટલાક અજ્ઞાની જીવો તો પોતાના સંબંધીઓની પછાડી અમુક રકમ મોઘમ બાંધવા અમુક મર્યાદા કહ્યા છતાં આપ આપણી મોજ મુજબ તે દ્રવ્યનો ઉપયોગ કરી પોતાને નિર્દોષ માને છે. તે ન્યાયયુક્ત નથી. દષ્ટાંત તરીકે અમુક શાહુકારના અમુક દિવસથી આડી કાઢી આપ્યાબાદ જેમ તેને વ્યાજ સહિત અંતે ભરપાયા કરી આપવા પડે છે, તેમ યા તેથી અધિક આ ધર્મમહારાજનું દેવું સમજવાનું છે, છતાં જે કંજૂસાઈ કરી વ્યાજ પોતે ખાઈ મૂળગી મૂડી પણ ટૂંકી મુદતમાં પતાવી આપતો નથી, તેને અવશ્ય બહુ સંસાર ભ્રમણ કરવું પડે છે. શ્રી ધનેશ્વરસૂરી મહારાજ શ્રી શત્રુંજય મહાત્મ્યમાં કહે છે કે.

धर्मेणाधिगतैश्वर्यो, धर्ममेव निहंति यः ।
कथं शुभायतिर्भावी, स स्वामिद्रोहपातकी ॥

અર્થાત્ ધર્મના પ્રભાવવડે પ્રાપ્ત થઇ છે લક્ષ્મી-સંપદા જેને એવો જે પ્રાણી ધર્મનેજ હણે છે-લોપે છે તેવા સ્વામી દ્રોહ કરનાર પાપી પ્રાણીનું ભલું શી રીતે થશે? અર્થાત્ તેવા બદદાનતવાળા પાપી પ્રાણીનું ભલું કોઇ રીતે થવાનો સંભવ નથી. માટે બોલ્યું તેવું પાળવું એજ સજ્જનપણાનું લક્ષણ છે. ખરી રીતે પહેલાં બોલ બોલવા-પ્રતિજ્ઞા કરવી-તે પૂરતી રીતે પોતાની શક્તિ વિચારીને કરવી કે જેથી પાછા તેથી ફરી જવા-પ્રતિજ્ઞા ભ્રષ્ટ થવા વખત ન આવે. આજકાલ આમ પુખ્ત વિચાર કર્યા વિના કેવળ ગાડરીયા પ્રવાહે પ્રતિજ્ઞા કરી ભ્રષ્ટ થતા અને થયેલા અને તેમ કરી અંતે મહા દુઃખી સ્થિતિ સાક્ષાત્ અનુભવતા ઘણા પ્રાણી દેખાય છે.

છે, નહિ તો કેવળ ભારભૂતજ સમજવું. ખરી રીતે ન્યા
યથાર્થ સમજનાર અને ભવભીરૂ હોય તેજ પ્રમાણે ન્
થી ચાલનાર જગતને આશીર્વાદ રૂપ થાય છે, અને તે
વિરૂદ્ધ વર્તનારો શ્રાપ રૂપજ નીવડે છે. પ્રમાણિકરીતે ચાલ
માણસ સરલ હોઈ શકે છે, પણ અપ્રમાણિક–અન્ય
તો સર્પની પેરે વક્રતાજ ધારણ કરે છે. તે મિથ્યા વિ
ભરેલો હોવાથી ભવભીરૂ સજ્જનો તેનો સંગ કે વિશ્
કરતા નથી. તેનાથી દૂર રહે છે, યા તેનેજ દૂર કરે
ન્યાયના અર્થી જીવોને સમજવા એક દાખલો દેખાડીએ
શ્રીમંત પિતાદિકની લક્ષ્મીનો વારસો મેળવવા જેટલે દરજ
તેના પુત્રાદિક હકદાર છે તેટલેજ દરજ્જે તેજ પિતાદિક
દેવ, જ્ઞાન, સાધારણ યા ગમે તે ધર્માદા દ્રવ્ય પોતાની
આવેલી હીણપતને લઈને કે કેવળ પ્રમાદથીજ દેવું સ
ગયેલું હોય તે તે દ્રવ્ય દેવાને તેના પુત્રાદિકનો ઓછો
નથી. જ્યારે મરી ગયેલા કે બેભાન થઇ ગયેલાં માબા
આદિકના લેણા નાણા તેના પુત્રાદિક વસૂલ કરી શકે
તેમજ દેણાં નાણાં પણ તેઓએજ ચૂકવવાં જોઇએ છીએ
ત્યારે જેઓ કેવળ સ્વાર્થ અંધ થઈ લેણું લઇ દેણું દે
ઇચ્છે નહિ તેઓ તો ન્યાય માર્ગથી આઘા (દૂર) ચાલના
છે એમ સમજવું. તેવા અન્યાયાચરણથી અંતે તેઓ
ભારે ખુવારી થાય છે “ આાડુાગ તેવો ઉદ્ગાર ” તે ન્યા
બુદ્ધિ મલીન થવાથી તેઓ થોડાજ વખતમાં ધર્મ અ
લક્ષ્મી [illegible] ભ્રષ્ટ થઇ જાય છે અથવા તો જ્યાર
અન્યાય [illegible] ત્યારથી ધર્મ ભ્રષ્ટ તે
થયોજ અને જે ન્યાય લક્ષ્મીનું વશીકરણ છે તે ન્યાય
ખીંટીપર (દૂર) મૂકવાથી યાવત લોપવાથી અને અન્યા
સેવવાથી તરતજ યા થોડા વખતમાં વશ લક્ષ્મી આદિક
ભ્રષ્ટ થાય છે, અને કેવળ દુઃખ અને અપયશનો ભા
થી થઇ [illegible] સદા દુઃખ દાવાનળમાં પચાય છે. ન
[illegible]

થઇ અનંત દુઃખ પામે છે. આમ હોવાથી હે સુજ્ઞ મિત્રો અને બંધુઓ ! જાગો અને સર્વ પ્રમાદ પરિહરી આવા અનર્થથી મુક્ત થાઓ. અને બીજાને મુક્ત થવા ઉપદિશો. (ઉપદેશ આપો.)

जैन श्वेतांबर मुमुक्षु वर्गने नम्र विज्ञप्ति.

"આપણો સુધારો."

(Self Improvement.)

મારા વહાલા ભાઇઓ અને બેહેનો ! આપણો પોતાનો સુધારો કરવા કોણ આવશે ? શું સિદ્ધિસૌધે સધાવેલા સિદ્ધ ભગવાનો કિંવા અરિહંત મહારાજાઓ કિંવા સુધર્માસ્વામ્યાદિકની પટ્ટપરંપરામાં થયેલા આચાર્ય મહારાજાઓ, કિંવા ઉપાધ્યાય મહારાજાઓ, કિંવા સુવિહિત મુનિ મહારાજાઓ–કોણ આવી આપણો સુધારો કરી આપશે ? આપણા પવિત્ર શાસનની મર્યાદા મુજબ સિદ્ધ ભગવાનો પોતાનું નિરૂપાધિક મુક્તિસ્થાન તજી અહીં કદાપિ અન્ય દર્શનીઓના માનવા મુજબ આવવાના નથી, તેથી તેઓ સંપૂર્ણ સુખી છતાં અહીં આપણો સુધારો કરવા પધારે એવી આશા રાખવી ખોટી છે. અરિહંત ભગવંતો પણ આવા પંચમ (વિષમ–દુષમ) કાળમાં આ ક્ષેત્રમાં લાગે નહિ તે પણ આપ ભાઇઓ અને બહેનો સારી રીતે જાણો છો, શેષ સ્વર્ગપુરીમાં સિધાવેલા આચાર્યાદિક મહા પુરૂષોની પણ આપણા અત્યંત વહાલા પરલોક સધાવેલા પૂજ્ય પિતાદિકની પેરે અત્ર આપણા સુધારાની ખાતર આવવાની આશા રાખવી ખોટી છે. ત્યારે હવે મારા વહાલા ભાઇઓ અને બહેનો ! આપણો પોતાનો સુધારો કરવા આપ[illegible] આશા રાખવી કે જે આશા કોઈ વખત પણ ફળીભૂત [illegible]

અહા મારા વહાલાઓ ! ખરેખર હું ધારું છું કે [illegible] કસ્તુરીયામૃગની પેરે કેવળ મુગ્ધતાવડે બહાર [illegible] રીએ છીએ. સુગંધનો સમૂહ આપણી અત્યંત નિકટ [illegible] આપણે તેને અજાણ હોઈ બહાર ખોળીએ છીએ આનંદઘનજી મહારાજ કહે છે કે,

જણાય છે. પહેલાના પુન્યશાળી જનો ગુણરત્નોને ઝવેરીની પેરે પરખી લેતા, ત્યારે અત્યારના અર્ધદગ્ધો તેથી ઉલટુંજ કરતા દીસે છે, આથી પરિણામ દિનપ્રતિદિન ખોટો આવતો દેખાય છે કેમકે ' गतानुगतिको लोको न लोकः पारमार्थिकः ' આ કરીયો પ્રવાહ જેમ ચાલ્યો તેમ ચાલ્યો; પરમાર્થ જોવા કારવાનું કંઈ રહેતું નથી. આ પ્રમાણે કદાચિત સ્વશ્રેય આપી શકાય નહિ પોતાનું શ્રેય કરવાનો ઉત્તમ રસ્તો એ છે કે અનાદિની અતિ પ્રૌઢ સ્વછંદતા તજી પરમ પવિત્ર સર્વજ્ઞ પ્રણીત શાસ્ત્રોને માન આપી સ્વ પરને તારવા સમર્થ સદ્ગુરૂઓનું અતિ નમ્ર ભાવે સેવન કરી-તેઓની હિતવાણી અમૃત સમાણી સમજી. અતિ આદર પૂર્વક કર્ણપૂટવડે પી પી પુષ્ટ બની, તેના ફળરૂપ પોતાની અનાદિની નઠારી આદી જતી ભૂલો સુધારી-તેમને સચોટ પકડી તેમનો ત્યાગ કરવા ઉજમાળ થઈ, ત્યાગ કરી, ઉત્તમ ગુણરત્નોનો નિધાન જે પોતાનીજ સંનિધિમાં અનાદિ દોષોથી ઢંકાઈ ગયેલો છે, તેનેજ પ્રકટ કરવો. આજ સત્ સંગતિનું ફળ છે. દરેક માબાપો ઉપર મુજબ સદ્ગુરૂદ્વારા શાસ્ત્ર શ્રવણ કરી યા અભ્યાસ કરી તેમાંની હિતશિક્ષાઓ હૃદયમાં ધરી પોતાની પૂર્વની કુટેવો જલ્દી સુધારી પોતાના બાળ બચ્ચાંઓને બરાબર સુધારી શકવાના નહિ. કેમકે તેઓના અસંસ્કૃત (નહિ સંસ્કાર પામેલા) હૃદયમાં બીજાને સુધારવાની દાઝ ક્યાંથી હોય ? આત્મ સુધારાના અતિ સ્વાદિષ્ટ ફળ ચાખવા પોતેજ કમનસીબ રહેલા બીજાને કેવી રીતે ભાગ્યશાળી બનાવી શકે ? "જેનો આગેવાન આંધળો તેનું લશ્કર કુવામાં" એ ન્યાયને અનુસરી ઉન્માર્ગે ચાલતી સ્વ સંતતિને કોણ રોકી શકે ? ઉન્માર્ગપર ચડી પાયમાલ થતી પોતાનીજ પ્રજાનું રક્ષણ કરવું, આમ જ્યારે અશક્ય પ્રાય છે, તો ઇતર સર્વ પ્રજાનું તો કહેવુંજ શું ? બારીકીથી જોતાં સમજાય તેવું છે કે દરેક

તેઓશ્રી પ્રતિની આપણી પોતાની ફરજો પણ આપણે અ-
વશ્ય અદા કરવીજ જોઇએ. અક્ષરશઃ પરમ પવિત્ર પરમા-
ત્માની આજ્ઞાની પેરે તે મહાશયોની આજ્ઞાને આપણે અતિ
નમ્રતાથી અનુસરીનેજ ચાલવું જોઇયે. પૂર્ણ શ્રેયઃ સાધવાનો
ગોપિ રસ્તોજ એજ છે. જ્યાં સુધી પવિત્ર શાસન પ્રતિની
તેમજ તેની સાથે અતિ નિકટ સંબંધ ધરાવનારાઓ પ્રતિની
આપણી પોતાની ફરજો આપણે સમજીએ નહિ, અને કંઇક
સમજ્યા છતાં પ્રમાદાદિક પરવશ થઈ આપણી યોગ્ય ફરજો
આપણે અદા કરીએ નહિ તો અવશ્ય આપણે હાનિજ પા-
મવાના. મિથ્યા માનમાં અંજાઇ એક બીજાની પરવાઇ
નહિ રાખતાં બેપરવાઇ ધારવી એ વિનયમૂળ પવિત્ર શાસ-
નની રીતિથી તદ્દન ઉલટું દેખાય છે. તે પ્રમાણે આપખુદીથી
વર્તતાં કદાપિ આપણું શ્રેય થવાનો સંભવ જણાતો નથી.

આપણે ધર્મના પ્રભાવેજ સર્વ કંઈ સુખ—સંપત્તિ
પ્રાપ્ત કર્યે છતે તેનો ઉપગાર ભૂલી જઈ તે પવિત્ર ધર્મ
પ્રતિની આપણી યોગ્ય ફરજ નહિ બજાવતાં આપણે મોહ
મદિરાના નિશામાં આપણું કર્તવ્ય એક બાજુપર મૂકી મ
દાંધ યા શઠાંધ બની તદ્દન ઉલટું વર્તન ચલાવીએ તો સ્વ
સ્વામી દ્રોહી એવા આપણા શા હાલ થવાના? માટે ઉચિત
છે કે આપણે પરમ ઉપગારી શ્રીધર્મ મહારાજની ખાતર
આપણા તન મન અને ધનનું અર્પણ કરવા પાછી પાની
નહિ કરતાં જેટલી બની શકે તેટલી તેની ઉન્નતિ-પ્રભાવના
કરવી જોઇએ. નિર્ગ્રંથ મહાત્માઓને સમુચિત છે કે પોતાની
પુંઠે લાગેલા શુભાશયવંત સાધુ, સાધ્વી, શ્રાવક, અને શ્રાવિ
કારૂપ શ્રી સંઘની જેમ ઉન્નતિ-પ્રભાવના થાય તેમ નિઃસ્વા-
ર્થ-નિરાશી ભાવે પ્રવર્તવું જોઇએ. શ્રી સંઘની ખરી ઉન્ન-
તિનો પાયો તેઓમાં અરસપરસ સુસંપ સાથે આચાર
વિચારની શુદ્ધતામાં રહેલો છે. માટે કથન છે કે પવિત્ર
મુમુક્ષુ વર્ગે જેમ શ્રી સંઘમાં સર્વત્ર સુસંપ સુદૃઢ થાય, અને

કર્યો છતાં આગાર તજી અણુગારપણું ધાર્યા છતાં, રાગ દ્વેષ અને મોહાદિકને હુઠાવવા માટે ગામ નગર જાતિ કુટુંબ કબીલાદિકનો પ્રતિબંધ મૂક્યા છતાં, અને છેવટ માન અપમાન તજી, સુખ દુઃખને સમ ગણી, સર્વ પરિસહ ઉપસર્ગોને સહન કરી, શ્રીવીતરાગ પ્રભુની આજ્ઞાને નિષ્કપટપણે અનુસરી આપણા અનાદિ મલીન આત્માને ઉજ્વલ (નિર્મળ) કરવા ખાસ નિશ્ચય કર્યા છતાં, લણુ વારમાં તે સર્વ ભૂલી જઈ, આપણો આત્મા ઉલટો મલીનથાય અને ચાર ગતિરૂપ સંસાર સમુદ્રમાં પુનઃપુનઃ ડુબી મહા દુઃખનો ભાગી થાય, એમ પવિત્ર પ્રભુની ઉત્તમ આજ્ઞા ઉલંઘી આપણને કરવું શું ઉચિત છે?

પરમ કરૂણાવંત પ્રભુએ આપણને નિરંતર મૈત્રી, પ્રમોદ, કરૂણા, અને ઉદાસીનતા રૂપ ચાર ઉમદી ભાવનાઓ ભાવી આપણા અંતઃકરણને નિર્મળ કરવા કહ્યું છે. અનિત્ય અશરણ, સંસાર, એકત્વ અને અન્યત્વ આદિક ૧૨ ભાવનાઓ પ્રતિદિન ભાવી આપણો વૈરાગ્ય સતેજ કરવા ફરમાવ્યું છે, અને પંચમહાવ્રતોની ૩૫ ભાવનાઓ દિનપ્રત્યે ભાવી સંયમની રક્ષા કરવી કહી છે, તે શું આપણે તદ્દન ભૂલી જવું જોઇએ. ના ના કદાપિ નહિ! મારાવહાલા ભાઇઓ અને બહેનો! આ આપણા હૃદયપટપર ખાસ કોરી રાખવું અને નિરંતર લક્ષ્યમાં રાખવું ઘટે છે કે પરમ પવિત્ર જૈનશાસનની રૂઇયે આપણે જીવ માત્ર તરફ મિત્ર ભાવથી જોવાનું યા વર્તવાનું છે. પવિત્ર શાસન રસિક, શુદ્ધ ગુણવંત યા ગુણરાગી તરફ આપણે પ્રમોદ ભાવે જોવાનું યા વર્તવાનું છે. દ્રવ્યાદિકથી દુઃખી હોઈ સીદાતા સાધર્મીકાદિકોને યથાશક્તિ દ્રવ્યાદિકથી અને ગમે તે અન્ય વિષય સંયોગે ધર્મથી પતિત થએલા, કે પતિત થતા યા ધર્મ નહિ પામેલાઓને શુદ્ધ વીતરાગ ધર્મતત્ત્વ સમજાવી પવિત્રધર્મ પમાડવારૂપ ઉત્તમ કરૂણાવડે સહાય આપી ઉદ્ધરવાની આપણી ખાસ ફરજ છે. કે

પ્રગટે નહીં ત્યાં સુધી સત્સંગ રૂચિ પાત્ર થવાય નહિ. જ્યાં સુધી આશ્રય કરવા યોગ્ય અતિ શીતળ છાયાવાળા કલ્પવૃક્ષ સદૃશ સંત સમાગમ રૂચે નહિ ત્યાં સુધી અમૃતનો તિરસ્કાર કરે તેવો અતિ મિષ્ટ મધુર સત્ય ધર્મ ઉપદેશ કર્ણગોચર થાય નહિ. જ્યાં સુધી અભિનવ અમૃત સમાન સત્ય ધર્મ ઉપદેશ સાંભળ્યો નથી ત્યાં સુધી આપણને તત્ત્વ વિવેક પ્રગટે નહિ. ત્યાં સુધી તત્ત્વ વિવેક પ્રગટે નહિ ત્યાં સુધી હિતાહિત બરાબર સમજાય નહિ. ત્યાં સુધી હિતાહિત સમ્યગ્ સમજાય નહિ ત્યાં સુધી અહિતના ત્યાગ પૂર્વક હિત માર્ગનું સમ્યગ્ સેવન થઇ શકે નહિ, ત્યાં સુધી અહિતના ત્યાગ પૂર્વક સમ્યગ્ હિત માર્ગનું સેવન કરી શકાય નહિ ત્યાં સુધી પરમ કૃપાળુ પરમાત્માની પવિત્ર આજ્ઞાનું ઉલ્લંઘન થયા વિના રહે નહિ. જ્યાં સુધી પરમ કૃપાળુ પરમાત્માની પવિત્ર આજ્ઞાનું ઉલ્લંઘન કરાય છે ત્યાં સુધી આ અતિ ભયંકર ભવોદધિ તરતો અતિ દુષ્કર છે, અને પ્રભુની પવિત્ર આજ્ઞાના સમ્યગ્ આરાધનથી તેજ (સંસાર) તરવો સુતર થઈ પડે છે.

પરમ કૃપાળુ પરમાત્માની પવિત્ર આજ્ઞાનું આરાધન સમ્યગ્ રીતે હિત માર્ગનું સેવન કરવાથી થાય છે. સમ્યગ્ રીતે હિત સેવન વિવેક પૂર્વક અહિત માર્ગના ત્યાગથી થાય છે. વિવેક પૂર્વક અહિત માર્ગનો ત્યાગ બરાબર હિતાહિતને સમજવાથી થાય છે. બરાબર હિતાહિતની સમજ સમ્યગ્ જ્ઞાનક્રિયાના સેવનાર સદ્‌ગુરૂ દ્વારા થઈ શકે છે. આમ સિદ્ધ થાય છે કે સમ્યગ્ હિતમાર્ગદર્શક ઉક્ત સદ્‌ગુરૂ હોવાથી આત્મહિતૈષી વર્ગે તેવા મહાત્મા પુરૂષોનો અવશ્ય આશ્રય લેવો ઘટે છે. ત્યારે આશ્રય કરવા યોગ્ય મુમુક્ષુ વર્ગે પોતાનાજ કલ્યાણાર્થે તેમજ આશ્રય લેનાર ઇતર આત્મહિતૈષી વર્ગની ખાતર પોતાના અસંખ્ય પ્રદેશ રૂપ આત્મામાં કેવી ઉમદા અને વિશાળ ગુણ–સૃષ્ટિ રચવી પેદા કરવી જોઇએ. લોક

વેષ ધારી તેને એક ક્ષણ પણ લજ્જવવો ઘટે નહિ, કિંતુ સર્વ શક્તિ ફોરવી તેને પૂર્ણ આદીનથી જજવવોજ ઘટેછે. આપણને સાચું સુખ જોઇએ અને તેવું કામ ન કરીએ પ-ણ તેથી ઉલટું કરીએ તો સુખ શીરીતે સાંપડે? આપણે નરક-તિર્યંચાદિકના દુઃખથી ડરીએ છતાં રસ્તો તો તેવોજ લઇએ તો એવાં દુઃખથી શીરીતે બચીએ? હા મહારા ભાઈ બહેનો! બચવાનો એકજ રસ્તો એ છે કે આપણે ગ્રહણ કરેલા અતિ ઉત્તમ વેષને એક ક્ષણવાર પણ નહિ લજાવ-તાં આપણો અંદરનો માન માયાદિક મેલ ધોઈ, નમ્રતા સરલતા વિવેકતાદિક ઉત્તમ ગુણ ગણ ધારી, સુસંપ કરી, પવિત્ર આચાર વિચારની શુદ્ધિ કરી, નિર્મળ શાસનની પ્ર-માદ પરવશ પડી જવાથી થયેલી મલિનતા દૂર કરી, શ્રી વીતરાગ શાસનની શોભા વધારી, સદા સર્વથા અપ્રમત્ત રહી, મોહ મત્સરાદિક દુષ્ટ દોષોનો પરાભવ કરી, સમતાદિક સ-ત્સહાય બળે શાંત-સુધારસનું પાન કરી, પરમ શાંત બની, અનેક ભવ્યજનોને આશ્રયસ્થાન થઈ, કેવળ નિસ્પૃહ-નિ-રાશીભાવે સ્વાત્મ હિતૈષી જનોને શાસ્ત્ર રહસ્યભૂત શાંત સુ ધારસનું પાન કરાવી, શ્રેષ્ઠ સ્વાર્થ સાધતાં છતાં અખિલપણે પરોપકાર કરતાં, અંતે સમાધિ પૂર્વક દ્રવ્ય અને ભાવસં-લેખણા કરી સર્વ વિરોધ શમાવી સર્વ પાપસ્થાનકો આલોઈ, નિંદી અને કાયમને માટે પચ્ચખી; છેલે ઉશ્વાસે પણ પર-મ પવિત્ર અરિહંત સિદ્ધનુંજ સંસ્મરણ કરતા આ બાહ્ય પ્રાણ છોડવે કરી પવિત્ર વેષને બજવવો એજ. આ પ્રમાણે ઉત્તમ આરાધના પતાકા વરી શકાય; જય જય નંદા જય જય ભદ્દાના માંગલિક શબ્દ ધ્વનિથી વધાવી લેવાય, તેમજ અંતે પરમાનંદ પદ પણ આમજ પ્રાપ્ત કરી શકાય. અહા! આવી પરમાનંદ દાયક સ્થિતિ સાક્ષાત્ સર્વદા અનુભવવા આપણે શા માટે ભૂલવું જોઇએ? અને કુમતિ કદાગ્રહનો પક્ષ ઝાલી શા માટે પાયમાલ થવું જોઇએ? આટલી હદે

શો લાભ હશે, એવી ઘની શંકાનું સમાધાન શ્રીમદ્ યશોવિજય મહારાજ અધ્યાત્મસારમાં કરે છે.

स्वदोषनिन्हवो लोक–पूजा स्याद् गौरवं तथा ।
इयतैव कदर्थ्यन्ते, दंभेन बत बालिशाः ॥

" પોતાના દોષો ઢંકાય તથા લોકમાં પોતાની પૂજા–સત્કાર અને મોટાઈ થાય; ફક્ત એટલામાટેજ મૂર્ખ લોકો દંભિષ્ટ દંભી લોકો દંભવડે કદર્થના પામે છે તે ખેદની વાત છે." વળી કહ્યું છે કે–" ભૂમિપર શયન કરવું, ભીક્ષા માગી ભોજન કરવું, જીર્ણપ્રાય વસ્ત્ર પહેરવાં, તથા કેશનો લોચ કરવો, એ સર્વ કરવું સાધુને સુકર છે; પણ એકજ દંભ (માયા-કપટ) નો ત્યાગ કરવો દુષ્કર છે. અને જ્યાં સુધી દંભ ન તજ્યો ત્યાં સુધી કલ્પના આવતી સર્વ કષ્ટકરણી ફોકટ છે." મોટાં મોટાં નામ ધારણ કરીને તથા અમુક અમુકના શિષ્ય કહેવરાવીને કેવળ સ્વપરને કલંકિતજ કરાય છે. જ્યારે અસલ ફકીરીની કિંમત બુઝીને ચક્રવર્તીઓ પોતાના છ ખંડના સામ્રાજ્યને તજી યોગસામ્રાજ્ય ભજતા, અને પોતાના દેહપર પણ મમત્વ નહિ ધરતાં અખંડ વ્રતને સેવતા ત્યારે આજકાલ જાગતા અને જાગેલા કેટલાક માયાદેવીના ઉપાસકો કેવળ નપી ઉલટું જ–અનર્થકારી કામ કરતા દીસે છે. ધર્મનો રોળ ધારી અનેક મુગ્ધ અને મુગ્ધાઓને પાશમાં પાડી પોતાની નીચ 'સ્વાર્થવૃત્તિ' સાધવા મથન કરે છે. આ કેવી શરમની વાત છે? આ કેવું કાયરપણું અને બવાભિનંદીપણું કહેવાય? કેવળ પોતાની નીચ વિષયવૃત્તિયોને તૃપ્ત કરવા પોતાના ગુરૂ પ્રમુખનો અનાદર કરી સ્વચ્છંદપણે વર્તી શાસ્ત્ર વિરૂદ્ધ આચાર શ્રીપરિચયાદિને સેવતા ઉચ્છૃંખલ 'સાધુ નામ ધારીને' ઘટિત શિક્ષા કરવા દરેક જૈન બચ્ચાની ફરજ છે, તેમ છતાં તેવા બે શરમ–નિર્લજ્જ–નફટ લોકોને પુષ્ટિ આપવી તે તો

પનો પરમાર્થથી નિશ્ચય કરવો છે. એ પ્રમાણે ધ્યાનનો ઉદ્યમ કરનાર પોતાનું પરાક્રમ સંભાળી પ્રતિજ્ઞા કરે છે. એ પ્રમાણે પ્રતિજ્ઞા કરી ધીર પુરૂષ સકળ રાગાદિ-કલંકથી રહિત થઈ ચંચળતા રહિત થઇ ધર્મ ધ્યાનનું આલંબન કરે છે, અને વિશાલ બળ હોય શુકલધ્યાન યોગ્ય સામગ્રી હોય તો શુક્લ ધ્યાનનું આલંબન કરે છે.

નિર્મળબુદ્ધિ પુરૂષો ધ્યેય વસ્તુ શું હોય તે કહે છે, ધ્યાન વસ્તુનું થાય છે. અવસ્તુનું થતું નથી. વસ્તુ ચેતન અને અચેતન એમ બે પ્રકારની હોય છે. ચેતન તે જીવ દ્રવ્ય છે. અચેતન તે પાંચ પ્રકારના ધર્માદિક દ્રવ્યો છે. વળી વસ્તુ ઉત્પત્તિ, વિનાશ અને સ્થિતિ યુક્ત છે. સર્વથા નિત્ય અથવા સર્વથા અનિત્ય નથી. વળી તે મૂર્ત અથવા અમૂર્ત હોય છે. પુદ્ગલ મૂર્ત છે, ચેતનાદિ અમૂર્ત છે, શુદ્ધ ધ્યાનથી દૂર કર્યું છે, કર્મરૂપી આવરણ જેણે એવા મુક્તિના ભર્તાર (સ્વામી) સર્વજ્ઞ દેવ-શરીર વાળા સવ ઉપદ્રવ રહિત અરિહંત ભગવાન્ અને બીજા શરીર રહિત સિદ્ધ ભગવાન્ (ધ્યેય) છે.

આ જીવાદિક છ દ્રવ્યો છે તે ચેતન અને અચેતન લક્ષણ સહિત છે, તે સર્વે ધર્મ ધ્યાનમાં તેમના સ્વરૂપમાં વિરોધ ન આવે તેમ બુદ્ધિવાન પુરૂષોએ ધ્યાવા યોગ્ય છે.

જ્યારે ધ્યાન પૂરૂં થાય ત્યારે બુદ્ધિવાન પુરૂષ મનને સમાધિયુક્ત વૈરાગ્યયુક્ત કે કરૂણારૂપ સમુદ્રમાં મગ્ન કરે.

અથવા બીજી રીતે-ત્રણ લોકના નાથ અમૂર્ત, પરમેશ્વર, પરમાત્મા, અવિનાશી દેવનું સાક્ષાત્ ધ્યાન કરવાનો આરંભ કરે.

શક્તિ અને વ્યક્તિની વિવિક્ષાથી ત્રિકાળ ગોચર સામાન્ય દ્રવ્યાર્થિક નયના મતથી સાક્ષાત્ એક એવા પરમાત્માનો અભ્યાસ કરે, સંસાર અવસ્થામાં શક્તિરૂપ

છે, અને જેને જાણ્યે છતે સમસ્ત-સર્વ જણાઇ ચૂક્યું એમાં સંદેહ નથી. જે પરમાત્માનું સ્વરૂપ જાણ્યા. વિના આત્મતત્વનો નિશ્ચય થતો નથી-આત્મસ્વરૂપમાં રમણ થતું નથી; અને જેને જાણીને મુનિઓએ સાક્ષાત્ તેજ પરમાત્માનો વૈભવ પ્રાપ્ત કર્યો છે. માટે મુક્તિને ઇચ્છનાર મુનિઓએ એજ પ્રભુનું ધ્યાન કરવું, અને અન્ય સર્વ શરણ છોડી-તેનુંજ એક શરણ ગ્રહી તેને વિષે પોતાના અંતરાત્માને જોડી દઈ તેનેજ વિશેષ પ્રકારે જાણવો—જોવો,

જે વાણીને અગોચર છે-વર્ણવી શકાય નહિ એવા અવ્યક્ત અનંતનાશ વિનાના શબ્દ વર્જિત-જેને શબ્દ નથી, જેને જન્મ નથી, અને સંસારભ્રમણથી રહિત એવા પરમાત્માનું વિકલ્પ રહિત ચિંતન કરવું. જેના જ્ઞાનના અનંત ભાગમાં દ્રવ્ય પર્યાય યુક્ત લોકાલોક આવી રહેલું છે, એવા પરમાત્મા ત્રણ લોકના ગુરૂ હોય-અર્થાત્ જેનું જ્ઞાન અનંતુ છે તેજ ત્રણ લોકના ગુરૂ છે-હોઇ શકે.

ધ્યાન કરનાર મુમુક્ષુ (મુનિ) પરમાત્માના સ્વરૂપમાં પોતાનું મન લગાવી તેના ગુણસમૂહથી રંજિત થયો થકો પોતે પોતાના આત્માને તેને વિષે તેનું રૂપ પ્રાપ્ત કરવા જોડી દેછે. એ પ્રમાણે નિરંતર સ્મરણ કરતો, અને તે પરમાત્માનું સ્વરૂપ અવલંબ્યું છે જેણે એવો યોગી ગ્રાહ્ય (એ પરમાત્માનું સ્વરૂપ મારે ગ્રહણ કરવા યોગ્ય છે) અને ગ્રાહક (એને ગ્રહણ કરનાર હું છું) એવા ભેદ ભાવ રહિત તન્મયપણાને (એકીભાવને) પામે છે. દ્વૈતભાવ તેને રહેતો નથી. ધ્યાન કરનાર મુનિ અન્ય સર્વ શરણ છોડી અર્થાત્ તેનુંજ એક શરણ ગ્રહી તે પરમાત્માના સ્વરૂપમાં એવી રીતે લીન થઇ જાય છે કે ધ્યાતા (ધ્યાન કરનાર) અને ધ્યાન એ બંનેનો અભાવ થવાથી ધ્યેયની સાથે એકતા પ્રાપ્ત થાય છે. અર્થાત ધ્યાતા, ધ્યાન અને ધ્યેયનો ભેદ

દિકત્રિક, ૯ મુદ્રાત્રિક અને ૧૦ પ્રણિધાનત્રિક. આ દશે ત્રિકોનું સંક્ષેપથી ભાળજીવો માટે વિવેચન કરશું, તેમાં પ્રથમ નિસ્સીહીત્રિકનો અર્થ ત્રણવાર નિસ્સીહી થાય છે. તેનો ખરો પરમાર્થ નહિ સમજનારા ભોળા ભક્તો પોપટની માફક ફક્ત પ્રભુની પાસે નિસ્સીહી નિસ્સીહી પડયા કરેછે, તેમનો લક્ષ સુધારવા માટે આ ઉદ્દેશ છે, તે લક્ષમાં લઇ આ દરેક ત્રિકનો પરમાર્થ પોતે સમજી બીજા મુગ્ધ જીવોને તે સમજાવવા પોતાની યોગ્યફરજ વિચારી ઉક્ત ઉદ્દેશ સાર્થક કરશો.

૧ નિસ્સીહીત્રિક—પ્રથમ શ્રી જિનેશ્વરની જગતિ (કોટ) ના દ્વારમાં પેસતાં પોતાના ઘર સંબંધી વ્યાપારનો ત્યાગ–નિષેધ કરવા રૂપ પહેલી નિસ્સીહી કહેવી. પ્રદક્ષિણા ફરીને દેખાતી આશાતના ટાળીને મધ્ય દ્વારમાં પેસતાં શ્રી જિનમંદિર સંબંધી વ્યાપાર–વિકલ્પને તજવા રૂપ બીજી નિસ્સીહી કહેવી. પછી વિધિવત્ સ્વદ્રવ્ય (અક્ષત, ફળ નૈવેદ્યાદિ) થી શ્રી જિનપૂજા કરી દ્રવ્યપૂજા સંબંધી વિકલ્પ તજવા રૂપ ત્રીજી નિસ્સીહી કહી શ્રી જિનેશ્વર પ્રભુની સ્તુતિ માટે ચૈત્યવંદનવિધિ સાચવવી. સ્થિરતાયોગે ઈરીયાવહી પૂર્વક ભાવની વિશુદ્ધિ થાય, તેવા પ્રભુના સદ્ભૂત ગુણોનું કિર્તન કરવું.

૨ પ્રદક્ષિણાત્રિક —પ્રભુની જમણી બાજુથી ભવ ભ્રમણ નિવારવાની બુદ્ધિથી વા જ્ઞાન, દર્શન, ચારિત્ર, પામવાની સુબુદ્ધિથી શ્રી જિનમંદિરની ફરતીમાં જયણા પૂર્વક માર્ગમાં કોઈ પણ પ્રકારની આશાતના જેવું દેખાય, તે પોતે (જાતે) દૂર કરી કે બીજા પાસે દૂર કરાવી ત્રણવાર ઉપયોગથી ભ્રમણ કરવું તે.

૩ પ્રણામત્રિક—ગમે તેટલે દૂરથી જ્યારે શ્રી જિનેશ્વર પ્રભુનું દર્શન થાય, ત્યારે તરત બે હાથ આદર પૂર્વક જોડી 'અંજલિબદ્ધ ' નમસ્કાર કરીએ તે પ્રથમ પ્રણામ.

દામ પણ સાચવવા જેટે છે તે આ પ્રમાણે.

જિન મંદિર કે સમવસરણમાં પેસતાં તથા ગુરૂમહારાજની વસ્તીમાં અંદનાર્થે દાખલ થતાં તે ૧ છત્ર ૨ ચામર ૩ મુકુટ ૪ ખડગ (તલવાર પ્રમુખ શસ્ત્ર) અને ૫ ઉપાનહ (પગરખાં) આ પાંચ રાજ્ય ચિન્હો બહાર મૂકી તજી બહુમાનપૂર્વક શ્રી દેવગુરૂની યથાયોગ્ય ભક્તિ કરે. આ ઉપરાંત નિસ્સીહિ પ્રમુખ ૧૦ ત્રિકાનું તથા જિનભૂવને ૧૦ મોટી આશાતના વર્જવાનું તથા ગુરૂ મહારાજની ૩૩ આશાતના વર્જવાનું સ્વરૂપ શાણા માણસોએ સમજી, શુદ્ધ દેવગુરૂનું યથાવિધિ આરાધન કરવા બનતો ખપ કરવો. પરંતુ ઉપેક્ષા બુદ્ધિ કરવી નહિ.

શ્રી જિનેશ્વરની જગતી (દેરા ફિરતી હદ) માં દશ મહા આશાતના યત્નથી વર્જવી.

૧ તંબોલ ભક્ષણ ન કરવું-પાન સોપારી વિગેરે શ્રી જિન ઠારે લઈ જઈ નહિ ખાવાં.
૨ પાણી-જળપાન નહિ કરવું.
૩ ભોજન-અન્નાદિક નહિ જમવું.
૪ ઉપાનહ-પગરખાં નહિ પહેરવાં.
૫ મૈથુન-વિષય ક્રિડા નહિ કરવી.
૬ શયન-સુઇ નહિ રહેવું (ઉંઘ ન લેવી)
૭ નિષ્ઠીવન-થૂંકવુંનહિ-મુખનો મળ વિગેરે ત્યા છોડવો નહિ.
૮ લઘુનીતિ-પેશાબ કરવો નહિ,
૯ વડી નીતિ દિશા જંગલ ત્યાં જવું નહિ.
૧૦ દ્યુત-જુગાર ખેલવો-રમવો નહિ.

શ્રી ગુરૂમહારાજ સંબંધી ૩૩ આશાતના નીચે મુજબ વર્જવા અવશ્ય ખપ કરવો.

૩ ગુરૂની આગળ-અગાડી-પહેલાં. (૧) ચાલવું. (૨) ઉભા રહેવું અને (૩) બેસવું નહિ, (ગુરૂની અવજ્ઞા થાય માટે.)

૮ ગુરુની નજીક (લગોલગ) ચાલવું, ઉભા રહેવું કે બેસવું નહીં.

૯ ગુરુના બંને પડખે (બરાબર એક લાઈનમાં) ચાલવું, ઉભા રહેવું કે બેસવું નહિ.

૧૦ આગમન ગુરુ પહેલા જળ વડે મુખ આદિ શુદ્ધ કરી, મર્યાદા તજી ઉભા થઈ જવું વર્જવું.

૧૧ બહિર્ભૂમિથી ગુરુ સાથે આવ્યા છતાં ગમણાગમણી (ઇર્યાવહી) ગુરુ પહેલા આલોવે તે અયુક્ત.

૧૨ ગુરુએ કંઈ પૂછયે છતે આપ સાંભળતાની પેરે [illegible] ઉત્તર ન આપે તે અયુક્ત.

૧૩ કોઈ [illegible] શ્રાવકાદિકને વશ કરવા ગુરુ મહારાજની પહેલા તેની સાથે આલાપ સંલાપ કરવો તે અયુક્ત.

૧૪ ભિક્ષા [illegible] અન્ય શિષ્યાદિક પાસે પ્રથમ [illegible] પછી ગુરુ પાસે [illegible] તે અયુક્ત.

૧૫ [illegible] પ્રથમ [illegible] સાધુઓને [illegible] ગુરુને [illegible] તે અયુક્ત.

૧૬ [illegible] પ્રથમ [illegible] સાધુઓને નિ[illegible] ગુરુને [illegible] તે અયુક્ત.

૧૭ [illegible] ગુરુ [illegible]ની આજ્ઞા વિના [illegible] તે અયુક્ત.

[illegible]

સાનપૂર્વક ગુરૂમહારાજ સમીપે આવી નમ્રતાથી યોગ્ય જ-વાબ આપવો જોઇએ, પણ ઉન્મત્તની જેમ મોજમાં આવે તેમ ન કરવું જોઇએ.)

૨૨ ગુરૂએ પૂછયે છતે 'શું છે?' વગેરે અસભ્યતાથી ઉત્તર આપવો તે અયુક્ત.

૨૩ 'તે કામ તમેજ કરોને' ઈત્યાદિક વિનય રહિત વચન ગુરૂની સામા બોલવાં તે અત્યંત અયુક્ત.

૨૪ ગુરૂ કંઈક હિત વચન વડે ધર્મકાર્યમાં પ્રેરણા કરે ત્યારે ઉલટું 'અમનેજ દીઠા છે' એમ બોલી ગુરૂની ન-ર્જના કરે તે અયુક્ત.

૨૫ ગુરૂ મહારાજની સરસાઇથી ખુશી નહિ થતાં ઉ-લટો દુમણો થાય, ગુરૂના ગુણની પ્રશંસા ન કરે તે અયુક્ત,

૨૬ ગુરૂ કથા કરતા હોય ત્યારે 'તમને એ અર્થ નથી સાંભરતો' એમ એવો અર્થ ન હોય એવું બોલવું તે અયુક્ત.

૨૭ ગુરૂ કથા કરતા હોય તેની વચમાં શ્રોતાઓને પોતાનું ડહાપણ જણાવવા 'હું તમને પછી જણાવીશ' એમ કહી ધર્મકથાનો છેદ કરે તે અયુક્ત.

૨૮ ચાલતી કથામાં આવી 'પોરસી વેળા કે આહાર વેળા થઈ ગઇ છે' એવું જણાવી પર્ષદાનો ભંગ કરે-સભા વીખેરી નાંખે એ અયુક્ત.

૨૯ કથા થઈ રહ્યા બાદ શિષ્ય પોતાનું ડહાપણ બતા વવા માટે પર્ષદા સમક્ષ તેજ કથા સવિસ્તર કહે તે અયુક્ત.

૩૦ ગુરૂની શય્યા, સંથારાદિકને પોતાના પગથી સં-ઘટ્ટ કરે, કરી ખમાવે નહિ તે અત્યંત અયુક્ત.

૩૧ ગુરૂના સય્યા સંથારા ઉપર અસભ્ય રીતે બેસે, સુવે, અથવા આળોટે, તે સર્વે અયુક્ત.

૩૨ ગુરૂથી ઉંચે આસને બેસે, અથવા ગુરૂથી અધિક બેસણે બેસે, ગુરૂથી બહુ મૂલ્યવાળાં વસ્ત્ર વાપરે તે અયુક્ત.

સુવાસિત (ધર્મ વાસિત) થાય છે. દ્રવ્ય તે ભાવ નિમિત્તેજ છે.

૫ દીપ-ઉત્તમ સુગંધી ઘૃત (ઘી) વડે જગદીપક શ્રી જિનરાજ સમીપે દ્રવ્યદીપક ધરીને લોકાલોક પ્રકાશક પંચમજ્ઞાન (ભાવદીપક) નીજ ભાવિકજનો ભગવંત પાસે પ્રાર્થના કરે. કર્મરજને દૂર કરવા નીરાજના (આરતી) અને સર્વ સંગજને મેળવવા મંગળ દીપ પ્રગટી, પવિત્ર આશયથી પંચમ જ્ઞાનલક્ષ્મીને સહેજે પ્રગટ કરી શકે. તેવા દીપકને વિધિ પૂર્વક પ્રગટી એમ ભાવવું કે આપણું અનાદિ અંધકાર સદા માટે દૂર થાઓ !

૬ અક્ષત—અખંડ તંદુલવડે અષ્ટમંગળ-સ્વસ્તિક, નંદાવર્તાદિક આળેખી પ્રભુની પાસે અક્ષય અખંડ સુખની યા તેનાં સાધનભૂત સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્રની પ્રાર્થના કરવી. પ્રભુની પાસે ઢોકવા યોગ્ય અક્ષતાદિક દ્રવ્ય જયણાપૂર્વક શોધેલાં જોઇએ.

૭ ફળ—અનેક પ્રકારના ઉત્તમ ફળ પૈકી સરસ-પરિપક્વ નાલીકેર, આમ્રફળાદિક પ્રભુની પાસે ઢોકી પરમ ઉત્કૃષ્ટ એવા મોક્ષફળનીજ પ્રાર્થના કરવી. ' ફળવડેજ ફળ પામીએ ' એ ન્યાયથી તેવા ઉત્તમ દેવાદિકનું દર્શન કરવા જતાં અવશ્ય ઉત્તમ ફળનું સમર્પણ મોક્ષની અભિલાષા પૂર્વ-પરમાત્મ પ્રભુ પ્રમુખને કરવું. લૌકિકમાં પણ રાજા પ્રમુખને ભેટ મૂકવા પૂર્વક મળવાની રીતી પ્રસિદ્ધ છે. યોગ્ય આદર-પૂર્વક ઉચિત કાર્ય સાધનાર સદા સુખીજ થાય છે.

૮ નૈવેદ્ય—પોતાને અત્યંત અભીષ્ટ મનહર મોદકાદિક નૈવેદ્ય વિશાળ અને ઉત્તમ પાત્રમાં પ્રભુ પાસે ઢોકી આત્માર્થી જીવ પોતાનો અણાહારી ગુણ રૂપ સહજ પ્રગટ કરવા પ્રભુની પ્રાર્થના કરે, એમ ભાવીને કે આ જીવે અજ્ઞાન અને અવિવેકના વશે અને દેશઃ અનેકરસ આ સ્વાદ્ય સ્વભાવ તે.પણ આ લાલચુ જીવ અદ્યાપિ તૃપ્તિ નજ પામ્યો. હવે પરમાત્મ પ્રભુના પસાયે આ આત્માનો અસંતોષ દોષ દૂર થાઓ.

અને સર્વાશે સંતોષ ગુણ પ્રગટ ભાવને પામે !!

આ પ્રમાણે શક્તિ મુજબ સ્વદ્રવ્ય વડે શ્રી જિ
નેશ્વર પ્રભુની અર્ચા કરીને સ્થિર ચિત્તથી પ્રભુનીજ
ન્મુખ દૃષ્ટિ સ્થાપિને દેવવંદન (જઘન્ય, મધ્યમ કે ઉત્
ચૈત્યવંદન) રૂપ ભાવપૂજા કરવા આત્માર્થિ જીવે ઉજમા
થવું. મધુર શબ્દ પંક્તિવાળાં સ્તોત્ર, સ્તવનાદિકે શ્રી જિ
નગુણ ગાવા. શ્રી જિનેશ્વર પ્રભુના સદ્ભુત ગુણો ગાતાં
વાજ ઉત્તમ ગુણો આપણા આત્મામાં અંગાંગીભાવે (સર્વ
શે) આવે તેવા ઉપયોગ–લક્ષ્ય પૂર્વક દ્રઢ પ્રયત્ન સેવત
રહેવું. પ્રભુ પ્રતિના અકૃત્રિમ (સહજ, અભ્યાસના બળથ
પ્રકટેલા) ભક્તિ રાગથી આત્માને અપૂર્વ ચિત્ત શાંતિ
(સમાધિ) રૂપ અદ્ભુત લાભ થાય છે. જ્યારે સંસાર ઉપ
ધિથી ચિત્ત ઉભરાયું હોય, ત્યારેજ તેવા માઠા સંકલ્પ વિ
કલ્પના અભાવ તથા શુભ–શુદ્ધ અધ્યવસાયના યોગે આ
ત્મા ક્ષણવાર ચિત્ત સમાધિરૂપ શાંતિને અનુભવી શકે છે
અન્યથા તેમ અનુભવી શકતો નથી આવા સતત્ અભ્યા
સથી આત્માને અંતે અપૂર્વ સમાધિ લાભ પ્રાપ્ત થાય છે
તેથી તે અનુપમ શાંત રસમાં નિમગ્ન થાય છે. આત્માન
તેવી સ્થિતિનુ સાક્ષાત અનુભવ વિના ભાન થઈ શકતું ન
થી જે ધન્ય પુરૂષને આવે, અપૂર્વ આત્માનુભવ થાય છે,
તે આ દુનિયાના વિષય જંજાળમા એક લવ માત્ર પણ
લેવાનો નથી જેવા અકૃત્રિમ–સહજ આત્મ સુખનો જેને
સાક્ષાત અનુભવ થયો હોય, તે સહજ સમાધિ સુખના વિ
રોધી એવા વિષય સુખમાં કેમ રાચે ? કેમ લેપાય ? વિષ
યરસમા રાચનાર–લીન રહેનારને આત્માના સહજ સમાધિ
સુખનો અનુભવ શી રીતે થાય ? આત્મ અનુભવી—સહ
જ સમાધિ રૂપ સમતા રસમાં ઝીલનાર સહજાનંદી સત્પુ
રૂષ રાજહંસની જેવા ગતિને ધારણ કરે છે, અને આત્મ

૨૨ " ક્રોધી તથા કટુભાષીને ચંડાલ સમાન લેખો."
૨૩ " ધર્મે જય અને પાપે ક્ષય."
૨૪ " પર દ્રવ્ય હરણ સમાન એકે પાપ નથી."
૨૫ " શીલ ભૂષણ જેવું બીજું એકે ભૂષણ નથી."
૨૬ " સંતોષ સમાન સુખ નથી."
૨૭ " વસુ વિના નર પશુ."
૨૮ " ન્યાય, નીતિ, સત્ય, પ્રમાણિકપણું એ પ્રાણીના ઉદયના હેતુ છે."
૨૯ " દીર્ઘ દ્રષ્ટિ (દીર્ઘ દર્શીત્વ-અગમચેતીપણું) આવતાં દુઃખોને રોકવાનું સાધન છે."
૩૦ " કુશીલતા એ પ્રગટ દુઃખનું, અને સુશીલતા એ સુખનું મૂળ છે."
૩૧ " વિવેક વિકલ પ્રાણી પશુની ગણત્રીમાં ગણાય છે."
૩૧ " લોભનો કાંઇ થોભ નથી."
૩૩ " ઇચ્છા આકાશની માફક અનંત છે."
૩૪ " તૃષ્ણા જેવી એકે મોટી વ્યાધિ નથી."
૩૫ " રાત્રિ ભોજનમાં મહા પાપ છે."
૩૬ " રાગ દ્વેષનો ક્ષય કરી શુદ્ધ થવું, એ સર્વ તીર્થંકરોનો સનાતન ઉપદેશ છે. તેઓ પોતે વિશુદ્ધ થઈ, બીજાઓને વિશુદ્ધ થવા કહે છે."
૩૭ " પંડિત શત્રુ ભલો, પણ મૂર્ખ મિત્ર સારો નહિ." अतः—

पंडितोऽपिवरं शत्रु, र्न मूर्खो हितकारकः

૩૮ " મૂરખ સાથે ગોઠડી, પગ પગ હોય કલેશ."
૩૯ " નારી નરકનું બારણું."
૪૦ " કર્મને શરમ નથી."
૪૧ " સંપ ત્યાં જંપ. કુસંપનું મોં કાળું"

પર " હાથે તે સાથે, દેશો તેવું પામશો, વાવશો તેવું લણશો. "

પ૩ " ક્ષણ લાખેણો જાય, સાધી શકે તો સાધ. "

પ૪ " કાલને કાળનો ભય છે. "

પપ " મરણું ડગલાં હેઠ. "

પ૬ " મરણ તણાં નિશાનાં મોટાં, ગાજે છે માથે,
તમે ચાલોને પ્રીતમજી પ્યારા,
સિદ્ધાચલ જઈએ. "
જે કરવું તે વહેલા કીજે, કાલે શી વાતો;
અણચિંતવ્યું આવી પડશે,
સબળાની લાતો, તમે ચાલોને. "

પ૭ " શીલ રહિત નર કુટડાં,
જેવાં આવળ ફુલ;
શીલ સુગંધે જે ભર્યાં,
તે માણસ બહુ મૂલ. "

પ૯ " મમતા રાંડ ભાંડકી જાઈ. "

૬૦ " સંત સમાગમ સમાન કોઇ સુખ નથી. "

૬૧ " ચંડાળ બે પ્રકારના છે. ૧ જાતિ ચંડાળ, ૨ કર્મ ચંડાળ. "

૬૨ " કાગડા જેવા પર છિદ્ર ગવેષી કર્મ ચંડાળ કહેવાય છે. "

૬૩ " ભોજન તેવી અસર. "

૬૪ " ભોજન કરો તો સંત સુસાધુ જનોની કરો. "

૬૫ " મિથ્યાત્વ સમાન કોઈ રોગ નથી. "

૬૬ " સમકિતને ચિન્તામણી રત્નથી અધિક સમજો. "

૬૭ " જયણા, ધર્મની જનની (માતા) છે. "

૬૮ " સુજ્ઞ માણસ જયણા માતાની સદા સેવા કરે. "

૬૯ " સત્ય વચન વદવું, એ મુખની શોભા છે. "

૭૦ " પર નિંદા સમાન એકે પાપ નથી. "

૭૧ " કર્મ કંટક જીતે તે જીન, તેથી ત્રાસે તે છે દીન. "

૭૨ " પંડિત તે જે નિરભિમાન. "

૭૩ " ઇચ્છા રોધન તપ મનોહાર. "

૭૪ " છતી શક્તિ ગોપે, તે ચોર. "

૭૫ " અંતર લક્ષ રહિત તે અંધ,
જાનત નહિ મોક્ષ અરૂ બંધ. "

૭૬ " જે નવિ સુણત સિદ્ધાંત વખાણ,
બધિર પુરૂષ જગમાં તે જાણ. "

૭૭ " અવસર ઉચિત બોલી નવિ જાણે,
તાકું જ્ઞાની મૂખ વખાણે. "

૭૮ " મોહ સમાન રિપુ નહિ કોઈ,
દેખો સહુ અંતરગત જોઇ. "

૭૯ " ડરત પાપથી પંડિત સોઈ,
હિંસા કરત મૂઢ સો હોઈ. "

૮૦ " કલ્પવૃક્ષ સંજમ સુખકાર,
અનુભવ ચિન્તામણિ વિચાર. "

૮૧ " કામ ગવીવર વિદ્યા જાણ,
ચિત્રાવેલી ભક્તિ ચિત્ત આણ. "

૮૨ " નયન શોભા જીન બિંબ નિહાલો,
જીન પડિમા જીન સમ કરી ધારો. "

૮૩ " સત્ય વચન મુખ શોભા સારી.
તજ તંબોલ સંત તે ધારી. "

૮૪ " નિર્મલ નવ પદ ધ્યાન ધરીજે,
હૃદય શોભા ઇણ વિધ નિત કીજે. "

૮૫ " સદ્ગુરૂ ચરણ રેણુ શીર ધરીએ,
ભાલ શોભા ઇણ વિધ ભવિ કરીએ.

૮૬ " અહિંસા પરમો ધર્મઃ-જીવ દયા સમાન
" કોઇ ધર્મ નથી. "

૮૭ " મિષ્ટ વચન સહિત તે દાન,
ગર્વ રહિત તે જ્ઞાન પ્રમાન.
ક્ષમા સહિત તે શૌર્ય બખાન,
વિવેક સહિત વિત્ત તે જાણુ. ॥ ૧ ॥ "
આ ચારે વાનાં અપૂર્વ ચિન્તામણિ સદૃશ
જેવા કોઇકજ ભાગ્યશાળીને સંપજે છે.

૮૮ " પર દ્રવ્ય, પર દારા, અને ખળ પુરૂષનો
કદાપિ પણ સંગ કરો નહિ. "

૮૯ " ચાલણ્યા જરૂર જાણું, તાકું કૈસા સોવણા. "

૯૦ " જાગ અવલોક નિજ, શુદ્ધતા સ્વરૂપકી,
શોભા નાહિ કહી જાત, ચિદાનંદ ભૂપકી. "

૯૧ " વિષય વાસના ત્યાગો ચેતન,
સાચે મારગ લાગો રે. "

૯૨ " આતમ ધ્યાન સમાન જગતમેં,
સાધન નહિ કોઉ આન. "

૯૩ " ગાફીલ છીનભર નહિ રહો તુમ,
શીરપર ઘુમે તેરે કાળ અરિ. "

૯૪ " થોડાસા જીવન કાજ અરે નર,
કાહેકું છળ પરપંચ કરો. "

૯૫ " અવસર પાય ન ચુક ચિદાનંદ,
સદ્‌ગુરૂ યું દરસાયા રે. "

૯૬ " સમ્યગ્ જ્ઞાન અને ક્રિયા એ મોક્ષ વૃક્ષનું અ
વંધ્ય બીજ છે. "

૯૭ " પરભવ જતાં જીવને ધર્મનોજ આધાર છે "

૯૮ " જેનું મન પવિત્ર છે, તેને પવિત્ર સમજો."
૯૯ " મોહ સમાન એકે મદિરા નથી."
૧૦૦ " વિષય સમાન કોઇ ચોર નથી."
૧૦૧ " તૃષ્ણા સમાન કોઈ વિષવલ્લી નથી."
૧૦૨ " મરણ સમાન કોઇ ભય નથી."
૧૦૩ " રાગ સમાન કોઇ બંધન નથી."
૧૦૪ " સ્ત્રી કટાક્ષથી પોતાનો બચાવ કરનાર જેવો કોઈ શૂરો નથી."
૧૦૫ " સદુપદેશ સમાન કોઇ અમૃત નથી."
૧૦૬ " સ્ત્રી ચરિત્ર સમાન કાંઇ ગહન નથી."
૧૦૭ " સ્ત્રીના ચરિત્રથી ન છેતરાય, તેના જેવો કોઇ ચતુર નથી."
૧૦૮ " અસંતોષ સમાન બીજું દારિદ્ર નથી, અને યાચના સમાન લઘુતા નથી."
૧૦૯ " સમય સમાન જીવીત નથી."
૧૧૦ " પ્રમાદ જેવી એકે જડતા નથી."
૧૧૧ " ધન, યૌવન અને આયુ એ ત્રણે વાનાં કાર માં—(અસ્થિર) છે."
૧૧૨ " સજ્જનો ચંદ્રના કીરણો જેવા શીતળ છે."
૧૧૩ " પરવશતા સમાન દુઃખ નથી, અને સ્વતંત્રતા સમાન સુખ નથી."
૧૧૪ " તત્વથી સ્વપર હિતકારીજ વચન સત્ય છે."
૧૧૫ " પ્યારામાં પ્યારી ચીજ પ્રાણ છે."
૧૧૬ " પાપથી નિવર્તાવે તેને ખરો મિત્ર જાણો."
૧૧૭ " અવસરના દાન જેવું બીજું દાન નથી."
૧૧૮ " ગુપ્ત પાપ જેવું કોઈ શલ્ય નથી."

૧૧૯ " જગત્ માત્રની સાથે મૈત્રી સમાન આનંદ નથી."

૧૨૦ " અખંડ વ્રત પાળનાર જેવો કોઈ ભાગ્યશાળી નથી. "

૧૨૧ " વ્રત ખંડન કરી જીવનાર જેવો કોઇ કમનસીબ નથી. "

૧૨૨ " સત્ય, પ્રીય અને વિનીત ભાષણ જેવું કોઇ વશીકરણ નથી. "

૧૨૩ " મધ્યસ્થતા જેવો કોઇ શ્રેષ્ટ માર્ગ નથી. "

૧૨૪ " દુર્જનનો નેહ કારમો [ઓઝ્રો–પતંગીયો] સમજો.

૧૨૫ " કલિકાળે પણ કુલીન સત્પુરૂષો મેરૂ જેવા ધીર હોય છે.

૧૨૬ " છતે પૈસે કૃપણતા શોચવા યોગ્ય છે. "

૧૨૭ " અલ્પ ધને ઉદારતા વખાણવા યોગ્ય છે."

૧૨૮ " શુભ કાર્યમાં શક્તિ મુજબ ઉદ્યમ કરવો. "

यतः—यथाशक्ति यतनीयं शुभे.

૧૨૯ " વિવેક સમાન કોઇ મિત્ર નથી. "

૧૩૦ " બહુ રત્ના વસુંધરા. "

૧૩૧ " ક્રર્યા સો છકાય નહિ. "

૧૩૨ " નિંદા કરે તે થાય નારકી. "

૧૩૩ " પથ્ય આહાર સમાન કોઇ ઔષધ નથી. "

૧૩૪ " કર્મ સમાન કોઇ રોગ નથી. "

૧૩૫ " પંથ સમાન કોઈ જરા નથી.

૧૩૬ " અપમાન સમાન કોઇ દુઃખ નથી. "

૧૩૭ " ક્ષુધા સમાન કોઈ વેદના નથી. "

૧૩૮ " જ્ઞાન સમાન કોઇ ધન નથી, અને આશા

परोपकाराय सतां विभूतयः

જાહેર વિજ્ઞપ્તિ.

———:x:x:———

ધર્માનુરાગી પ્રિય વાંચકવૃંદને વિજ્ઞપ્તિ કે, જ્ઞાનદાનનો મહિમા અપૂર્વ છે, તે પરમ શાંતિનું સ્થાન તથા મોક્ષનું નિદાન છે. વળી આ ભવ, પરભવ, ઉભયમાં અક્ષય સુખને આપનારૂં છે. માટે મુનિમહારાજાઓ પાઠશાળાઓ તથા નાના ગામડાઓ કે જ્યાં પુસ્તકનો અભાવ દૃષ્ટિગોચર છે ત્યાં પ્રભાવના કરવી તે ખરેખર મોક્ષ સુખના સાધન મૂલ છે

આવા શુભાશયથી અત્રે કેટલાક સખી દિલના સદ્‌ગૃહસ્થો અમારે ત્યાં સામાયિક, પ્રતિક્રમણ તથા પઠન પાઠન આદિ ધર્મનાં પુસ્તકો છપાવવાને અને તે યોગ્ય સ્થળે મોકલાવવાને દ્રવ્યની સહાયતા મોકલે છે. જે દ્રવ્યનાં અમો તેમના નામથી પુસ્તકો છપાવી ઉક્ત યોગ્ય સ્થળે મોકલીએ છીએ.

માટે સુજ્ઞ વિદ્યાવિલાસિ ધર્માનંદક સાધર્મી ભાઈઓને વિનંતિ કે, આ કાર્ય અપૂર્વ ફળદાયી તથા જ્ઞાનવૃદ્ધિનું મહાન અંગ સમજી સ્વશક્તિ અનુસાર તેમાં મદદ કરશો એજ વિનંતિ

લી. વેણીચંદ સુરચંદ શાહ
સેક્રેટરી શ્રી જૈન શ્રેયસ્કરમંડળ.

શુદ્ધિપત્ર.

પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૧	૧૧	જયવતું	જયવંતુ
૨	૧	બીરદ	બિરૂદ
૩	૨૫	દિવાલિકા	દીપાલિકા
૭	૬	મહાદ્નો	મહાવનો
૭	૧૪	મુલભ	સુલભ
૮	૧૬	પરિશુદ્ધ	પરિશિષ્ઠ
૯	૨૬	સદ્વર્તન	સદ્વર્તન
૧૧	૮	પ્રમાદ	પ્રમાદ
૧૧	૧૭	મીઠાશ	મીઠાશ
૧૨	૧૩	સવજ્ઞ	સર્વજ્ઞ
૧૩	૨૮	પુર્ણ	પૂર્ણ
૧૪	૩	ભજનનો	ભવ્યજનો
૧૪	૫	અપ્રમ	અપ્રમ
૧૪	૧૪	પરાધાન	પરાધિન
૧૫	૧૬	ગ્રાથા	શાખા
૧૬	૮	સ્વમુક્તા	સ્વમુક્તતા
૧૬	૨૧	અનુમોદન	અનુમોદના
૧૬	૨૬	નિદંભ	નિર્દંભ
૧૮	૧૬	કોરાનના	કોરના
૧૯	૧૮	અવ્યાબાદ	અવ્યાબાધ
૧૯	૨૨	સાજન્મ	સૌજન્ય
૨૦	૮	સજ્જતો	સજ્જનો
૨૦	૧૧	આદરનીય	આદરણીય
૨૦	૧૬	યાવત	યાવત
૨૧	૮	સેકો	ઘણો

		[illegible]	[illegible]
૫૮	૧૪	[illegible]	[illegible]
૫૨	૧૩	[illegible]	[illegible]
૫૩	૨૩	[illegible]	[illegible] નિ પ્રતિબિંબિત [illegible]
૬૧	૨૮	ઝુકાવતાં	ઝુકાવતાં [illegible]
૬૧	૧૯	[illegible]	[illegible]
૬૪	૭	નિરંતા	નિરંતર
૬૫	૧૭	[illegible]	[illegible]
૬૮	૬	વર્ણ	વર્ણવિના
૭૦	૧૨	ઇના	ઇના
૭૦	૧૪	યથાખ્યાન	યથા [illegible]
૭૧	૧૨	स्वदः	स्वद
૭૧	૧૨	अनुप	अनुपं
૭૧	૧૨	सांनि	तांप
૭૧	૧૮	[illegible]	[illegible]
૮૦	૨૬	[illegible]	[illegible]
૮૩	૨૬	[illegible]	[illegible]
૧૧૦	૧૮	[illegible]	[illegible]નદી
૧૧૨	૧૮	[illegible]	[illegible]
૧૧૨	૨૮	આચાર્ય	આચાર્યો
૧૧૬	૧૩	[illegible]	[illegible]
૧૧૬	૮	થાય	થાય
૧૨૪	૧૦	નાંખવા	નાખવું
૧૨૮	૮	નમસ્કાર	નમસ્કાર

૨૧૫	૮	ફુંદા	ફૂદાં
૨૧૭	૧૩	ખધારે	વધારે
૨૧૯	૨૦	આત્માનો	આત્માને
૨૧૫	૨૫	પ્રભુની	પ્રભુની
૨૧૮	૧૭	[illegible]	[illegible]
૨૨૮	૮-૯	પ્રકરણ ૧૩ મું	"
		વિવિધ-વિષય	
		સંગ્રહ	
		[illegible]	[illegible]
૨૧૯	૭	[illegible]	[illegible]
૨૧૯	૨૭	[illegible]	[illegible]
૨૨૦	૮	[illegible]	[illegible]
૨૨૧	૯	[illegible]	[illegible]
૨૨૨	૨	[illegible]	[illegible]
૨૨૩	૧	[illegible]	[illegible]
૨૨૩	૧૦	[illegible]	[illegible]
૨૨૪	૨૫	[illegible]	[illegible]
૨૨૨	૨૫	[illegible]	[illegible]
૨૨૭	૩	[illegible]	[illegible]
૨૨૭	૭	[illegible]	[illegible]
૨૨૭	૨૦	[illegible]	[illegible]
૨૩૧	[illegible]	[illegible]	[illegible]
૨૩૧	૨૦	[illegible]	[illegible]
૨૩૮	૧૧	[illegible]	[illegible]
૨૩૩	૭	[illegible]	[illegible]
૨૪૦	૧	[illegible]	[illegible]